# આત્મધર્મ

## વર્ષ ૨૦

## સળંગ અંક ૨૩૯

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |




આત્મધર્મઃ તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
વર્ષઃ ૨૦ અંક ૧૧ મો ભાદરવો




रयणत्तये अलद्धे ममिश्रोसी दीहसंसारे।
इव जिणवरेहिं भणियं तं रयणतं समायरह।।

રે જીવ! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયને નહિ પામવાથી તું આ દીર્ઘસંસારમાં ભમ્યો; માટે હવે તું તે રત્નત્રયનું ઉત્તમ પ્રકારે આચરણ કર–એમ શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે.

## દસલક્ષણધર્મ સહિત

# બ્રહ્મચર્ય અંક (ત્રીજો)

## (૨૩૯)

### માનનીય પ્રમુખશ્રી પાઠવે છે-

## શુ ભે ચ્છા અ ને આ શી ર્વા દ

ભાદરવા સુદ એકમના રોજ આઠ કુમારિકા બહેનોએ સોનગઢમાં બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી; એ પ્રસંગે માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરી મુંબઈથી આવેલા, પણ એકમની સવારમાં અગત્યના કારણસર તેમને એકાએક મુંબઈ જવું પડયું; તેથી તેઓશ્રી તરફથી બ્ર. બહેનો પ્રત્યે વાત્સલ્યપૂર્વક શુભેચ્છા અને આશીર્વાદનો સન્દેશ અહીં આપવામાં આવ્યો છેઃ–

ધર્મવત્સલા બહેનો! આજે તમે જીવનના એક નુતનપંથે પ્રયાણ કરી રહ્યા છો–એ આનંદનો પ્રસંગ છે, આત્મહિતના જે ઉત્તમધ્યેયપૂર્વક તમે આ મંગલમાર્ગે પ્રયાણ કરી રહ્યા છો તેમાં અનુમોદનાપૂર્વક હું શુભેચ્છા અને આશીર્વાદ પાઠવું છું કે તમારા જીવનધ્યેયમાં તમે જલ્દી સફળ થાઓ! બહેનો! જે જીવનધ્યેયથી તમે આજે આ બ્રહ્મચર્યદીક્ષા અંગીકાર કરી છે તે ધ્યેયની સફળતા માટે તમે સતત પ્રયત્ન કરજો. ગુરુદેવના જ્ઞાનવૈરાગ્ય પોષક ઉપદેશને અને સંતોના જ્ઞાનવૈરાગ્યમય જીવનને સદા હૃદયમાં આદર્શરૂપે રાખજો. ભગવતી બ્રાહ્મી–સુંદરીના કે રાજીમતી–ચંદનાના આદર્શજીવનનું સ્મરણ કરાવે એવા જ આદર્શમૂર્તિઓ પૂ. બેનશ્રી–બેન તમારા જીવન આદર્શરૂપે સાક્ષાત્ બિરાજી રહ્યા છે, તેઓશ્રીની મંગળછાયામાં તમે તમારો આત્મવિકાસ સાધો ને જિનશાસનને દીપાવો... એવી અંતરની શુભેચ્છાપૂર્વક તેમને ધન્યવાદ પાઠવું છું

**નવનીતલાલ સી. ઝવેરી**

## 卐 બ્રહ્મચર્ય અંક ( ત્રીજો ) 卐

'આત્મધર્મ' નો આ અંક પહેલાં તો 'દસલક્ષણી–પર્યુષણ અંક' તરીકે પ્રગટ કરવાની તૈયારી હતી; પરંતુ પછી આઠ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞાના પ્રસંગના હર્ષોપલક્ષમાં આ અંક 'બ્રહ્મચર્ય અંક' તરીકે પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું; આ રીતે આ ત્રીજો–બ્રહ્મચર્ય અંક પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. પહેલો બ્રહ્મચર્યઅંક છ બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા પ્રસંગે સં. ૨૦૦૫માં પ્રસિદ્ધ થયો હતો; સં. ૨૦૧૨માં ૧૪ બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા પ્રસંગે બીજો બ્રહ્મચર્યઅંક પ્રસિદ્ધ થયો હતો ને આજે આ ત્રીજો બ્રહ્મચર્યઅંક પ્રસિદ્ધ થાય છે. ફરીફરીને પણ ગુરુદેવની મંગલછાયામાં આવા સુઅવસર પ્રાપ્ત થાઓ. આ અંકને માટે મહાવીરસ્ટુડિઓના ભાઈશ્રી કાન્તિલાલભાઈએ ફોટાઓ ઝડપથી તૈયાર કરી આપ્યા છે, ફૂલછાબ કાર્યાલયે બ્લોકો તુરત જ કરી આપ્યા છે અને આનંદ પ્રેસના અનુભાઈ તથા હસુભાઈએ ઝડપથી છાપકામ કરી આપ્યું છે, આ સૌના સહકાર બદલ તેમના આભારી છીએ. "આત્મધર્મ"

# બ્ર હ્મ ચ ર્ય ની
# દી ક્ષા

## એક સાથે ૮ કુમારિકા બહેનોએ લીધેલી બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

卐

અમારા સાધર્મીઓને ત્રીજી વખત મહાન સમાચાર દેતાં અત્યંત હર્ષ થાય છે કે આ ભાદરવા સુદ એકમ ને મંગળવારના શુભદિને એક સાથે આઠ કુમારિકા બહેનોએ પૂ. ગુરુદેવસમક્ષ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. આ પ્રસંગ આનંદનો વૈરાગ્યનો અને શાસનની શોભાનો છે. આઠ બહેનો નીચે મુજબ છે.

( ૧ ) વીણા બહેન ( ઉ. વ. ૨૧ સીતાબચંદજી હીરાલાલજીની સુપુત્રી... ... ખંડવા

( ૨ ) સુબોધિની બહેન ( B. A. B. T.) ઉ. વ. ૨૩ હુકમીચંદજી ધન્નાલાલજીની સુપુત્રી ખંડવા

( ૩ ) તારાબહેન ( ઉ. વ. ૨૩ ભૂપતરાય જેચંદ દોશીના સુપુત્રી... ... અમરાપુર

( ૪ ) કોકિલાબેન ( B. A. ઉ. વ. ૨૪ અનુપચંદ મૂળજીભાઈ ખારાના સુપુત્રી )... રાંચી

( ૫ ) નિર્મળાબેન ( ઉ. વ. ૨૧ પોપટલાલ છગનલાલની સુપુત્રી... ... જલગાંવ

( ૭ ) રંજનબેન ( ઉ. વ. ૨૪ ધીરજલાલ કસ્તુરચંદ ઝોબાળિઆના સુપુત્રી... નાગનેશ

( ૮ ) શારદાબેન ( B. A ઉ. વ. ૨૭ જયસુખલાલ પોપટલાલ સંઘવીના સુપુત્રી રાજકોટ

આ આઠેય બહેનો અનેક વર્ષથી પૂ. ગુરુદેવના અધ્યાત્મરસઝરતા ઉપદેશનો લાભ લઈને સત્સમાગમે તત્ત્વનો અભ્યાસ કરે છે, અને પૂ. બેનશ્રી-બેનની વાત્સલ્યભરી છાયામાં જ્ઞાન-વૈરાગ્યનું પોષણ કરે છે; આત્મકલ્યાણની ભાવના પ્રબળ થતાં તેમને એમ થયું કે આપણું જીવન સંતોની છાયામાં આત્મહિત સાધવાના પ્રયત્નમાં જ વીતે... આવી ઉત્તમ ભાવનાપૂર્વક પોતાનું સારૂંયે જીવન તેઓએ સત્સમાગમે અર્પણ કર્યું ને નાની ઉંમરમાં આજીવન બ્રહ્મચર્યની દીક્ષા લીધી... તે પ્રશંસનીય કાર્ય બદલ બધા બહેનોને ધન્યવાદ! આ કાર્યમાં અનુમતિ આપવા માટે બધા બહેનોના માતા-પિતા અને વડીલોને પણ ધન્યવાદ. અમારા સાધર્મી બહેનો આજે જીવનના નુતનપંથે પ્રયાણ કરવા જે પગલું ભરી રહ્યા છે... આત્મહિતના જે ઉત્તમધ્યેયપૂર્વક મંગલમાર્ગે


પ્રયાણ કરી રહ્યા છે તે જીવનધ્યેયમાં ગુરુદેવના ઉપદેશના પ્રતાપે સંતોની છાયામાં તેઓ શીઘ્ર સફળ થાઓ–એમ ઈચ્છીએ છીએ.

આજે પૂ. ગુરુદેવના મહાન પ્રતાપે જિનશાસનનો પ્રભાવ દિનપ્રતિદિન વધતો જાય છે... અવનવા પ્રભાવનાના પ્રસંગો બનતા જાય છે... અને ગુરુદેવના અધ્યાત્મરસપોષક ઉપદેશથી પ્રભાવિત થઈને અનેક જીવો સંત કેરી શીતલ છાંયડી માં આત્મહિતનો ઉદ્યમ કરી રહ્યા છે. એવા જ ઉદ્દેશપૂર્વક એક સાથે આઠ–આઠ કુમારિકા બહેનોના આજીવન–બ્રહ્મચર્યના પ્રસંગો બની રહ્યા છે. આજીવન બ્રહ્મચારી રહેવા ઉપરાંત જે ઉદ્દેશથી ને જે લક્ષથી આ કરવામાં આવે છે તે ઉદ્દેશની ને તે લક્ષની ખાસ મહત્તા છે, અને તેમાંય જ્ઞાનીઓના સત્સંગના સાક્ષાત્ યોગમાં રહીને આ બધુંય થાય છે–તે સૌથી મોટી વિશેષતા છે.

બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાના આગલા દિવસથી જ દીક્ષામહોત્સવ જેવું ઉલ્લાસકારી વાતાવરણ નજરે પડતું હતું. બધા બહેનોના કુટુંબીજનો આ પ્રસંગે સોનગઢ આવ્યા હતા; ઠેરઠેર મંડપ બંધાયા હતા ને સૌ ભાદરવા સુદ એકમની રાહ જોતા હતા. એકમની સવારમાં જિનમંદિરમાં બ્ર. બહેનો સહિત સમૂહપૂજન થયું... ત્યારબાદ આજના પ્રસંગ નિમિત્તે શાસ્ત્રજીની રથયાત્રા નીકળી જેમાં બધા બહેનો હાથમાં શાસ્ત્ર લઈને ફર્યા હતા. રથયાત્રા પ્રવચનમંડપમાં આવી હતી ને ગુરુદેવના પ્રવચન પછી બ્રહ્મચર્યદીક્ષાની વિધિ થઈ હતી. પ્રતિજ્ઞા લેવા માટે એક સાથે આઠ વીરબાળાઓ જ્યારે ગુરુદેવ સમક્ષ ઊભી થઈ તે વખતનું દ્રશ્ય વૈરાગ્યપ્રેરક હતું. બધી બહેનોના વડીલોની અનુમતિપૂર્વક ગુરુદેવે બ્રહ્મચર્યની દીક્ષા આપતાં કહ્યું કે "આજે આ આઠ દીકરીઓ બ્રહ્મચર્ય લ્યે છે તે સારૂં કામ કરે છે. કુલ ૩૭ બહેનો થયા છે. ૧૪ વર્ષ પહેલાં છ બહેનો થયા હતા, પછી સાત વર્ષ પહેલાં ૧૪ બહેનો થયા હતા, વચ્ચે બીજા કેટલાક બહેનોએ બંધી લીધી હતી, ને આજે આ ૮ બહેનો વધે છે. આમ ૧૪ વર્ષમાં ૩૭ બહેનો બાળ બ્રહ્મચારી થાય છે. આ બધું આ બે બહેનોનો (બેનશ્રીબેનનો) જોગ છે તેને લઈને છે. બધાયના માતાપિતાની ને વડીલોની સંમતિપૂર્વક આ બ્રહ્મચર્ય દેવાય છે." – આમ કહીને સભાના હર્ષ વચ્ચે ગુરુદેવે આઠ કુમારિકા બહેનોને બ્રહ્મચર્યપ્રતિજ્ઞા કરાવી હતી.

ભારતના ઇતિહાસમાં વિરલ એવી બ્રહ્મચર્યદીક્ષાના આવા પ્રસંગો ગુરુદેવના પ્રતાપે અવાર–નવાર બન્યા કરે છે. વિષયકષાયોથી ભરેલા અત્યારના હડહડતા વાતાવરણમાં આવા પ્રસંગો સંસારને ચુનોતી આપે છે કે અરે જીવો! સુખ વિષયકષાયોમાં નથી, સુખ તો અધ્યાત્મજીવનમાં છે... સુખને માટે વિષયોને ઠોકર મારીને, સંતની છાયામાં જઈ અધ્યાત્મસાધનામાં જીવનને જોડો.

આ બધા બહેનોએ આત્મહિતને માટે જીવનસમર્પણ કરવાનું જે સાહસ પ્રાપ્ત કર્યું છે તેમાં, **પરમપૂજ્ય ગુરુદેવના આત્મસ્પર્શી ઉપદેશનો તો મુખ્ય પ્રભાવ છે જ,** તે ઉપરાંત એવું જ મહત્વનું એક બીજાું પણ કારણ છે, અને તે છે–પૂ. બે બહેનોની શીતલછાયા ને વાત્સલ્યભરી હૂંફ! પરમપૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પરમપુજ્ય બેન શાંતાબેન–એ બંને બહેનોનું ધર્મ રંગથી રંગાયેલું સહજ જીવન તો નજરે જોવાથી જ જિજ્ઞાસુને ખ્યાલમાં આવી શકે. એ બંને



**પૂ. ગુરુદેવ આઠ કુમારિકા બહેનોને બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરાવી રહ્યા છે.**

卐

[ અમારું જીવન સંતોની છાયામાં આત્મહિત સાધવાના પ્રયત્નમાં જ વીતે એવી ભાવનાપૂર્વક પ્રતિજ્ઞા લેવા માટે એક સાથે આઠ વીરબાળાઓ જ્યારે ગુરુદેવ સમક્ષ ઊભી થઈ તે વખતનું દશ્ય વૈરાગ્યપ્રેરક હતું... જે ઉદ્દેશથી ને જે લક્ષથી આ કરવામાં આવે છે તે ઉદ્દેશની ને તે લક્ષની ખાસ મહત્તા છે, અને તેમાંય જ્ઞાનીઓના સત્સંગના સાક્ષાત્‌યોગમાં રહીને આ બધું થાય છે–તે સૌથી મોટી વિશેષતા છે. )

# સંત કેરી શીતલ આ છાંયડી




પૂ. બેનશ્રીબેનની ચરણછાયામાં બ્ર. બહેનોનો સમૂહ.
ચિત્રમાં પૂ. બેનશ્રીબેનની શીતળ છાયામાં ૩૨ બ્ર બહેનો નજરે પડે છે;
તે ઉપરાંત કેટલાક બ્ર. બહેનો ફોટા વખતે ઉપસ્થિત નહતા.

---

"તમે આત્મહિતના હેતુએથી જીવન ગાળજો... દેવગુરુશાસ્ત્ર પ્રત્યે ભક્તિ અને બહુમાન વધારજો... અરસપરસ એકબીજાની બેનો હો–એ રીતે વર્તજો ને વૈરાગ્યથી રહેજો... એમાં શાસનની શોભા છે. આત્માનું કલ્યાણ કેમ થાય... ને તે માટે પૂ. ગુરુદેવ શું કહે છે–તેનો વિચાર કરવો... સ્વાધ્યાય અને મનન વધારવું. બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાને લીધે આત્માના વિચારને માટે નિવૃત્તિ મળે છે– એમ પૂ. ગુરુદેવ વારંવાર કહે છે. માટે નિવૃત્તિ લઈને સ્વાધ્યાય–મનન કરવું. આમ તમારે તમારા જીવનમાં આત્માનું કલ્યાણ કરવાનું લક્ષ રાખવું."

( બ્રહ્મચર્ય અંક નં. ૨ માંથી ) ( પૂ. બેનશ્રીબેનની શિખામણ )

# સંત કેરી શીતલ આ છાંયડી



પૂ. બેનશ્રીબેનની ચરણછાયામાં આઠ બ્ર. બહેનો

ઊભેલી લાઈનઃ વીણાબેન, નિર્મળાબેન, તારાબેન, શારદાબેન, રંજનબેન, હર્ષાબેન,
બંને બાજુ બેઠેલાઃ સુબોધિનીબેન તથા કોકિલાબેન.

---

આત્માના પ્રયત્ન બાબતમાં દિશા બતાવતાં પૂ. ગુરુદેવ ઘણા ઊંડાણમાંથી કહે છે કે "આત્મસ્વરૂપ શું છે તેનો નિર્ણય કરવાની ધૂન લાગવી જોઈએ... બધા ન્યાયોથી નક્કી કરવાની લગન લાગવી જોઈએ. બધાય પડખેથી અંદર નક્કી ન થાય ત્યાં સુધી સુખ ન પડે. એમ ને એમ ઉપરટપકે જતું કરી ન દેવાય. અંદર મંથન કરી કરીને એવો દૃઢ નિર્ણય કરે કે જગત આખું ફરી જાય તોય પોતાના નિર્ણયમાં શંકા ન પડે. આત્માના સ્વરૂપનો આવો નિર્ણય કરતાં પરિણતિનો વેગ અંતરમાં વળે છે. આત્માનો અર્થી થઈને આત્માનું હિત સાધવા જે જાગ્યો તે જરૂર આત્મહિત સાધે જ.

( બ્રહ્મચર્ય અંક નં. ૨ માંથી ) ( –પૂ. ગુરુદેવ. )



[ બ્રહ્મચર્યપ્રતિજ્ઞાના ઉપલક્ષમાં શાસ્ત્રજી સાથે બ્રહ્મચારી બહેનો સહિતના સરઘસનું દૃશ્ય ]

બહેનોની પવિત્રતા, અનુભવ, સંસ્કાર, વૈરાગ્ય, તેમજ દેવગુરુધર્મ પ્રત્યેની અપાર ભક્તિ અને અર્પણતા, વિનય અને વાત્સલ્ય વગેરેનું વિગતવાર વર્ણન અહીં થઈ શકે તેમ નથી. તેઓ શ્રીની છત્રછાયાને લીધે જ નાની વયના બહેનો માતાપિતાને છોડીને આવી હિંમત કરી શક્યા છે. આ બહેનોના જીવનમાં પૂ. બેનશ્રીબેન અપાર વાત્સલ્યપૂર્વક નિરંતર જ્ઞાનવૈરાગ્યનું સીંચન કરે છે. આ રીતે જીવનમાં પૂ. બેનશ્રી–બેનનો પણ મહાન ઉપકાર છે. તેઓશ્રીનું આદર્શજીવન સહેજે સહેજે જ્ઞાનવૈરાગ્યની પ્રેરણા આપે છે.

બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેનારા આ બહેનોએ અનેક વર્ષો સુધી પરમપૂજ્ય ગુરુદેવના ઉપદેશના શ્રવણ ઉપરાંત અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. દર્શન –પૂજનાદિ કાર્યક્રમો તો તેમને માટે સહજ છે. રાત્રિભોજન ત્યાગ વગેરે યોગ્ય આચારોનું પણ તેઓ પાલન કરે છે. બ્રહ્મચર્યજીવન ગાળવાનો નિર્ણય સૌએ પોતાના દ્રઢ વિચારબળથી કર્યો છે. આ બધા સાધર્મી બહેનો પ્રત્યે હાર્દિક અભિનંદનપૂર્વક, સંતોની છાયામાં આત્મપ્રયત્નપૂર્વક સૌ પોતાના ધ્યેયને શીઘ્ર પ્રાપ્ત કરીએ... એવી ભાવના ભાવીએ છીએ.

× × × ×

બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞાની વિધિ બાદ વિદ્વાન વડીલ બંધુશ્રી હિંમતલાલભાઈએ સંઘ તરફથી બહેનોને અભિનંદન આપતું ભાવભીનું ભાષણ કર્યું હતું–જે આ અંકમાં અક્ષરશઃ આપવામાં આવ્યું છે. ભાષણ બાદ બ્રહ્મચારી બહેનોના વડીલો તરફથી તેમજ બીજા અનેક મુમુક્ષુઓ તરફથી આ પ્રસંગ નિમિત્તે અનેક રકમો જાહેર કરવામાં આવી હતી... આ ઉપરાંત બીજી વિવિધ વસ્તુઓની પણ જાહેરાત કરવામાં આવી હતી. શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તફરથી દરેક બ્ર. બહેનોને અભિનંદનપૂર્વક એકેક સાડલો તથા ચાંદીનો ગ્લાસ ભેટ આપવામાં આવ્યો હતો. અંતમાં ૮ બ્રહ્મચારી બહેનો તરફથી શ્રીફળની લાણીપૂર્વક આ પ્રસંગ પૂર્ણ થયો હતો.

આજે પૂ. ગુરુદેવનું આહારદાન બ્ર. બહેનો તરફથી ગોગીદેવી આશ્રમના સ્વધ્યાયભવનમાં થયું હતું. આ ઉપરાંત જુદાજુદા બ્રહ્મચારી બહેનોના વડીલો તરફથી ચાર દિવસ સુધી સંઘ જમણ થયું હતું. બહારગામથી શુભેચ્છાના અનેક સંદેશાઓ પણ આવ્યા હતા. ‘આત્મધર્મ’ પણ તેમાં સૂર પૂરાવીને બ્રહ્મચારી બહેનોના જીવનધ્યેયની સફળતા ઈચ્છે છે.

બ્ર. હરિલાલ જૈન

## સુ... ન્દ... ર... વ... સ્તુ

પરમ સુખદાયી સિદ્ધપદકે લાભ કે લિયે ભવ્ય જીવકા પરમ કર્તવ્ય હૈ કિ વહ સમ્યગ્દર્શનકો પ્રાપ્ત કરકે આત્માકા અનુભવ કરતા ચલા જાવે. જિતના જિતના આત્માનન્દકા સાધન હૈ વહ વિકારોંકો હટાનેવાલા હૈ, કષાયોંકો મિટાનેવાલા હૈ, વહી કર્મોકી નિર્જરા કરનેવાલા હૈ વ વહી મોક્ષનગરમેં પહૂંચાનેવાલા હૈ. આત્માનુભવ હી યથાર્થ મોક્ષમાર્ગ હૈ વ જિનધર્મ હૈ, આત્માકો છોડકર ઔર કોઈ સુન્દર વસ્તુ નહીં હૈ. (‘અષ્ટપ્રવચન’ માંથી)

# બ્રહ્મચર્યઅંક ( ૧ ) અને ( ૨ ) માંથી કેટલાક અવતરણો

* અરે જીવ ! બાહ્યવિષયો તો મૃગજળ જેવા છે, તેમાં ક્યાંય તારી શાંતિનું ઝરણું નથી... એમ સમજીને હવે તો તેનાથી પાછો વળ... ને ચૈતન્યસ્વરૂપમાં અંતર્મુખ થા. ચૈતન્યસન્મુખ થતાં શાંતિના ઝરણામાં તારો આત્મા તૃપ્ત–તૃપ્ત થઈ જશે.

* હે પરમકૃપાળુ ગુરુદેવ ! અધ્યાત્મરસની ખુમારીથી ને બ્રહ્મચર્યના રંગથી આપનું જીવન રંગાયેલું છે... તેથી, આપની મહા પ્રતાપી છાયામાં નિરંતર વસતા... ને આપશ્રીના પાવન ઉપદેશનું પાન કરતા આપના નાના નાના બાળક–બાળિકાઓ પણ બ્રહ્મજીવન પ્રાપ્ત કરે તેમાં શું આશ્ચર્ય છે !

* પૂ. ગુરુદેવે વૈરાગ્યપૂર્વક કહ્યું: આ શરીર તો ધૂળનું ઢીંગલું છે, તેમાં ક્યાંય આત્માનું સુખ નથી; તેના ઉપરથી દ્રષ્ટિ હઠાવીને, ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં અંદરથી શાંતિનું એક ઝરણું આવે છે. જીવ જે શાંતિ લેવા માગે છે તે કોઈ સંયોગમાંથી નથી આવતી, પણ પોતાના સ્વભાવમાંથી જ આવે છે.

* ગુરુદેવે કહ્યું: આ પ્રસંગતો ખરેખર આ બે બેનોને આભારી છે... આ બેનોનાં આત્મા અલૌકિક છે... આ કાળે આ બેનો પાક્યા તે મંડળની બેનુંના મહાભાગ્ય છે... જેનાં ભાગ્ય હશે તે તેમનો લાભ લેશે.

* “निसंदेह आज यह भौतिकताके उपर आध्यात्मिकताकी विजय है” ( પં. નાથુલાલજી, ઈન્દોર )

* આ સમ્યગ્દર્શનની વાત અપૂર્વ મંગલકારી છે. બરાબર લક્ષ રાખીને સમજવા જેવી છે... જો આત્માનું લક્ષ રાખીને અંતરમાં આ વાત સમજે તો અનંતકાળે નહિ મળેલો એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો લાભ થાય. આ વાત સંભાળવા મળવી પણ મોંઘી છે, ને સમજવામાં સ્વભાવનો અપૂર્વ પુરુષાર્થ છે.

* હે જીવ ! તું પહેલાં આ વાતનો નિર્ણય કર કે આત્માના સ્વભાવ સિવાય બહારના કોઈ વિષયોમાં સુખ નથી, આત્મસ્વરૂપમાં અંતર્મુખ થયે જ સુખ છે. આમ નક્કી કરીને બાહ્ય વિષયોમાંથી સુખબુદ્ધિ છોડ ને અંત અંતમુર્ખ ચૈતન્યના આનંદને અનુભવવાનો ઉદ્યમ કર... આનંદનું પૂર તારા આત્મામાં વહે છે.

* સાચું બ્રહ્મજીવન જીવવાના અભિલાષી જીવોનું પહેલું કર્તવ્ય એ છે કે, અતીન્દ્રિય આનંદથી ભરપૂર અને સર્વે પરવિષયોથી ખાલી એવા પોતાના આત્મસ્વભાવની રુચિ કરવી... તેનું લક્ષ કરવું... તેનો અનુભવ કરીને તેમાં તન્મય થવાનો પ્રયત્ન કરવો.

પૂ. ગુરુદેવના બપોરના પ્રવચનમાં હાલમાં સ્વયંભૂ–સ્તોત્ર વંચાય છે. સમન્તભદ્રસ્વામી જેવા ધૂરંધર આચાર્યદ્વારા રચાયેલી ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ ઉપરના આધ્યાત્મસઝરતાં ભક્તિભર્યા પ્રવચનો શ્રોતાજનોને આનંદિત કરે છે. બીજા એક હર્ષદાયક સમાચાર એ છે કે મુંબઈની માફક રાજકોટ શહેરમાં પણ સુંદર સમવસરણ ( તેમજ માનસ્તંભ ) બનાવવાનો વિચાર ત્યાંના શ્રી સંઘે કર્યો છે.

# બ્રહ્મચર્યજીવનની ભૂમિકા કેવી હોય ?

સોનગઢમાં ભાદરવા સુદ એકમના રોજ આઠ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી તે પ્રસંગે તેમને અભિનંદનરૂપે વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે જે ભાવભીનું વૈરાગ્યપ્રેરક ભાષણ કરેલ તે અહીં અક્ષરશઃ આપવામાં આવ્યું છે. તેમાં બ્રહ્મચર્યજીવનની યથાર્થ ભૂમિકા કેવી હોય–તેનું તેમણે સુંદર વર્ણન કર્યું છે; આત્મતત્ત્વને પામવાની ગડમથલ કરતાં, એની ઝંખના કરતાં, એનું મંથન કરતાં આવા બ્રહ્મચર્યાદિના જાતજાતના શુભ ભાવો જીવને સહેજે આવી જાય છે. – એટલે મુખ્યતા છે આત્મતત્ત્વને પામવાની પ્રયત્નની. વિશેષ તો તેઓશ્રીનું ભાષણ જ બોલશે..

આજનો પ્રસંગ મહા શુભ પ્રસંગ છે. આ કળિકાળની અંદર જૈન તેમજ જૈનોતરોમાં આવા અસ્તિધારાવ્રત લેવાના પ્રસંગો ઘણા લાંબા કાળથી ભાગ્યે જ બન્યા હશે. આજે આઠ કુમારિકા બહેનો કે જેઓ ઉચ્ચ કેળવણી પામેલ ને સાધનસંપન્ન છે તેઓ આજીવન બ્રહ્મચર્ય જેવું મહાન મેરુસમ–મેરુ તોળવા જેવું દુર્ઘટ–વ્રત અંગીકાર કરે છે, અને કુલ તો ૩૭–૩૭ કુમારિકા બહેનોએ ગુરુદેવ પાસે બ્રહ્મચર્ય ગ્રહણ કરી સત્સંગને અર્થે પોતાનું જીવન ન્યોચ્છાવર કર્યું છે. આવા પ્રસંગો પરમપૂજ્ય ગુરુદેવની સ્વાનુભવઝરતી વાણીના પ્રતાપથી બન્યા કરે છે. 'આત્મા એક અમર તત્ત્વ છે અને દેહ ક્ષણિક છે; અમરતત્ત્વની ઓળખાણ એ જ આ મનુષ્યભવમાં કર્તવ્ય છે, નહિ તો આ જીવનની એક ફૂટી બદામની પણ કિંમત નથી' – એવા સ્વાનુભવઝરતા ઉપદેશના પ્રતાપે આવી આજીવન– બ્રહ્મચર્ય જેવી અશક્ય–અસંભવિત જેવી વાતોને નાની નાની બાળાઓ પણ શક્ય કરી બતાવે છે. આ દુર્લભ મનુષ્યભવ વિષયોની અંદર રમવામાં જ ગાળવામાં આવે તો એ રાખને માટે રતનને બાળવા જેવું છે એમ શ્રી કાર્તિકેયસ્વામીએ કહ્યું છે, અને પૂજ્ય ગુરુદેવ આપણને અનેકવાર કહે છે. અનાજની અંદર રાખ નાખવા માટે રાખ જોઈતી હોય ને તેને માટે રતનનો ઢગ કોઈ બાળે, –એના કરતાં અનંતગુણો મૂર્ખ એ મનુષ્ય છે કે વિષયોમાં રમવા માટે આ મનુષ્યભવ–સત્સંગને અધિષ્ઠિત એવો આ

મનુષ્યભવ–એળે ગુમાવે છે. ગુરુદેવના આવા પુરુષાર્થપ્રેરક ઉપદેશને પામીને આ બહેનોએ મહાન દુર્ઘટ વાતને પણ સુગમ બનાવી છે.

પૂ. ગુરુદેવના ઉપદેશના પ્રતાપે આ કાળમાં ઘણા ઘણા પ્રકારે પ્રભાવના થઈ છે; ‘આત્મતત્ત્વને ઓળખો, અંદર જ્ઞાનમૂર્તિ ભગવાન છે–એને **ઓળખ્યા વિના બધા કાર્યો નિષ્ફળ જાય છે,’** - એવા ગુરુદેવના પાવન ઉપદેશને અનુસરીને, એવા આત્મતત્ત્વને પામવાની ગડમથલ અંતરમાં કરતાં, એની ઝંખના કરતાં, એનું મંથન કરતાં જાતજાતના શુભભાવો સહજપણે, કષ્ટદાયક જુદો પ્રયત્ન કર્યા વિના, આપોઆપ જીવને આવી જાય છે. આખા ભારતવર્ષની અંદર અનેક અનેક જીવો અનેક ગામોની અંદર સ્વાધ્યાય, વાંચન, મનન, તત્ત્વજ્ઞાનનો વિચાર, મંથન, આત્મસ્વરૂપ ઓળખવાની ઝંખના–એવા ઊંચા પ્રકારના શુભભાવો કરતા ગુરુદેવના પરમ પ્રતાપે થયા છે. વળી અંદર સર્વજ્ઞસ્વભાવી તત્ત્વ પડયું છે–એ જ્યાંસુધી ઓળખાતું નથી ત્યાંસુધી, જેમણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે એવા અર્હંતો અને સિદ્ધો પ્રત્યે જીવને ભક્તિના ભાવ વહે છે; એવો ભક્તિનો પ્રવાહ–એવા શુભભાવો પણ ગુરુદેવના અધ્યાત્મ–ઉપદેશના પ્રતાપે ધોધમાર નદીની જેમ વહ્યા છે. લોભ પણ અનેક જીવોના મોળા પડયા છે; તન, ધન, યૌવન, સ્ત્રી, પુત્ર એ બધું વિદ્યુતના જેવું ચંચળ છે એમ લાગવાથી, એક આત્મા જ અમરતત્ત્વ છે એવું ઘૂંટણ રહેવાથી, અંદર લોભ મોળો પડે છે, માયા મોળી પડે છે, સમતાના ભાવ ખીલે છે; એ રીતે જીવોને લોભની મદતા થતાં ઠેકઠેકાણે સર્વજ્ઞ ભગવાનના મંદિરો પણ થયા છે. આ રીતે અનેક જીવોને પોતાની યોગ્યતાનુસાર આત્મતત્ત્વને પામવાની ધગશમાં, એમાં પડતાં–આખડતાં, –એની ગડમથલ સેવતાંસેવતાં, પોતાની યોગ્યતાનુસાર અનેક સદ્ગુણો ઉદ્ભવ પામ્યા છે. એવા એક પ્રકારનો આ બ્રહ્મચર્યનો સદ્ગુણ પણ જીવને ઉદ્ભવ થાય છે; તે જીવોને વૈરાગ્ય થાય છે કે ‘ધિક્કાર છે આ આત્માને કે જે વિષયોની અંદર રમીને પ્રાપ્ત–સત્સંગનો પણ લાભ લઈ શકતો નથી. એ જો નહિ લે તો અનંત ભવસાગરની અંદર ગળકાં ખાતાં ખાતાં મહાભાગ્યથી આ હાથમાં આવેલું નૌકાનું લાકડું છૂટી જશે, અને જીવને પશ્ચાત્તાપનો પાર નહિ રહે, –એમ વૈરાગ્યભાવના સેવતાં જીવોને બ્રહ્મચર્ય સહજપણે આવે છે. (સહજપણે એટલે આત્મસ્વરૂપની ઓળખાણપૂર્વક–એવા અર્થમાં નહિ, પરંતુ કષ્ટયુક્તપણે નહિ, પરાણે નહિ, “ આ રીતે કષ્ટ સહન કર્યા વિના આપણને મોક્ષ નહિ પ્રાપ્ત થાય માટે કષ્ટ સહન કરીએ,” એવા ભાવથી નહિ, પરંતુ આત્મસ્વરૂપની પ્રાપ્તિની ગડમથલ કરતાં કરતાં સુગમપણે.

–આમ તો આ બહેનો જાણે છે કે આત્મઅનુભવ પહેલાંની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા તે માત્ર શુભભાવ જ છે, અને એ શુભભાવ એ મુક્તિનો પ્રયત્ન નથી, એ મુક્તિનો પુરુષાર્થ નથી. મુક્તિનો પુરુષાર્થ તો આત્મસ્વભાવની ઓળખાણ થતાં પ્રગટ થાય છે; આત્મતત્ત્વ–ચિંતામણિની ઓળખાણ જ્યારે થાય ત્યારે એની પહેલૂરૂપે દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ મોક્ષમાર્ગની પર્યાયો પ્રગટ થાય છે, ત્યારપહેલાં નહી. બીજા અન્ય માર્ગ પ્રરૂપનારાજીવો તો, એમ કહે છે કે જો એકવાર બ્રહ્મચર્ય કષ્ટે કરીને પણ સહન કરો તો મોક્ષ જરૂર મળશે. –એવું માનનારામાં પણ, એવા માર્ગમાં પણ, એ બ્રહ્મચર્ય પાળનારા અત્યંત અલ્પ નીકળે છે; ગુરુદેવકથિત

સ્વાનુભૂત અમરતત્ત્વની વાત એવી અદ્‌ભુત છે કે શ્રોતાઓને એ સોંસરી ઊતરી જાય છે, શુદ્ધિના પુરુષાર્થમાં એ પડે છે, અને શુદ્ધિના પુરુષાર્થની અંદર પડતાં શુભ ભાવો પ્રગટ થાય છે. આ રીતે પ્રગટ થયેલો શુભભાવ એ આ બહેનોએ અંગીકાર કરેલું બ્રહ્મચર્ય છે. એ રીતે, શુદ્ધિના પુરુષાર્થના પ્રયત્નની ગડમથલ કરતાં, એની પાછળ પ્રયત્ન કરતાં કરતાં આ બહેનોને આ શુભભાવ આવેલો છે.

કોઈ ક્ષણિક વૈરાગ્યની અંદર, કોઈના ઉપદેશની તાત્કાલિક અસરની અંદર, અથવા સ્વતંત્ર રહેવાની ધૂનની અંદર લેવાયેલું બ્રહ્મચર્ય એ જુદી વાત છે, અને વર્ષોના સત્સંગ, વર્ષોના અભ્યાસ પછી, એક આત્મહિતના નિમિત્તે, પૂજ્ય ગુરુદેવની સુધાસ્યંદિની વાણીના નિરંતર સેવનના અર્થે, એ સુધાપાન પાસે બીજા સાંસારિક, કથનમાત્ર, કલ્પિત સુખો તો અત્યંત ગૌણ થઈ જવાથી, અને પરમપૂજ્ય બેનશ્રીબેન (ચંપાબેન–શાન્તાબેન) ની શીતળ છાયામાં રહીને કલ્યાણ કરવાની ભાવનાથી લેવાયેલું આ બ્રહ્મચર્ય–એ તદ્દ્‌ન જુદી વાત છે. સામાન્ય રીતે પહેલા પ્રકારનું બ્રહ્મચર્ય પણ જગતમાં અત્યંત અલ્પ–નહિવત જેવું–હોય છે, તો આ પ્રકારનું બ્રહ્મચર્ય તો ખૂબ પ્રશંસનીયપણાને પામે છે.

ધન્ય છે તે કાળ કે જ્યારે તીર્થંકર ભગવંતો વિચરતા હતા અને સહજ મુનિદશાનું નિરુપણ કરતા હતા, એ સાંભળીને–

“त्यजाम्येतत् सर्वं ननु नवकषायात्मकमहं, मुदा संसारस्त्रीजनितसुख दु:खावलिकरं।
महामोहान्धानां सतत सुलभं दुर्लभतरं समाधौनिष्ठानां अनवरतमानन्दमनसाम्।।”

–એમ કરીને રાજપુત્રો ચાલી નીકળતા ને ભાવમુનિપણે વિચારતા. ‘મહા મોહના અંધા પ્રાણીઓને અબ્રહ્મચર્ય સુલભ છે, અમને અબ્રહ્મચર્ય દુર્લભ છે; અબ્રહ્મચર્ય એ અમને મેરુ તોળવા જેવું લાગે છે, અબ્રહ્મચર્ય એ અમને અગ્નિની શિખા ગળવા જેવું લાગે છે, અબ્રહ્મચર્ય એ અસિધારા પર ચાલવા જેવુ દુર્ઘટ લાગે છે’ અને બ્રહ્મચર્યમાં રહેવું એ સહજ લાગે છે, એ અમૃતના પાન જેવું લાગે છે, અમૃતસરોવરની અંદર સ્નાન જેવું લાગે છે, એ અમારું પોતાનું લાગે છે, બીજું બધું પારકું લાગે છે. – એવા ભાવથી રાજપાટ છોડી રાજાઓ જ્યારે ચાલ્યા જતા, અને નિરંતર બ્રહ્મનિષ્ઠ રહીને હંમેશા સુધાપાન કરતા, એ કાળ તો ધન્ય હશે. ધન્ય છે એ કાળ કે જ્યારે આવી મુનિદશાનાં દર્શન થતાં હશે. આ કાળે તો એવી મુનિદશાનું નિરૂપણ કરનાર પણ બહુ અલ્પ છે. મુનિદશા પણ જાણે કષ્ટસાધ્ય હોય–એવું નિરૂપણ જૈનદર્શનમાં પણ વ્યાપક થઈ ગયું છે, જૈનદર્શન જાણે એક થોથાં જેવી ક્રિયામાં સમાતું હોય, ક્રિયાઓથી જ મોક્ષપ્રાપ્તિ થતી હોય, –એવું જૈનદર્શનનું વિકૃત સ્વરૂપ અપાઈ ગયું છે. –એવાઆ કાળમાં પૂ. ગુરુદેવે સ્વાનુભવ કરીને, “આત્મા એ જ્ઞાનાનંદમૂર્તિ પદાર્થ છે અને એનો પ્રયત્ન એ જ્ઞાનાનંદમૂર્તિના દર્શન થતાં સહજભાવે પ્રગટે છે, જ્યાં અબ્રહ્મચર્ય અત્યંત કષ્ટપ્રદ લાગે છે અને બ્રહ્મચર્ય સુખદ લાગે છે, કષ્ટસાધ્ય મોક્ષમાર્ગ નથી પણ સહજાનંદમય છે” –એવું નિરૂપણ કર્યું, –અને એને લઈને

વીતરાગપ્રણીત સાચો મોક્ષમાર્ગ પ્રકાશિત થયો; અને વાંચન–મનન, તત્ત્વજ્ઞાન ભક્તિ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય આદિ શુભભાવોની અંદર પણ નવું તેજ પ્રગટયું.

આ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ગ્રહણ કરી સત્સંગને અર્થે બધું ન્યોચ્છાવર કરવાના જે શુભ ભાવ પ્રગટાવ્યા છે તે અતિ પ્રશંસનીય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે –પ્રથમ તો સર્વ સાધનને ગૌણ જાણી, મુમુક્ષુ જીવે એક સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવા યોગ્ય છે. એની ઉપાસનામાં સર્વ સાધનો આવી જાય છે. જેને એ સાક્ષીભાવ પ્રગટ થયો છે કે આ જ સત્પુરુષ છે, અને આ જ સત્સંગ છે, –એણે તો પોતાના દોષો કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે, ક્ષણેક્ષણે જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા, અને સત્સંગને પ્રતિબંધક જે કાંઈ હોય એને દેહત્યાગના જોખમે પણ છોડવું; દેહત્યાગનો પ્રસંગ આવે તોપણ એ સત્સંગને ગૌણ કરવા યોગ્ય નથી. આવા મળેલા સત્સંગને આપણે સર્વે પુરુષાર્થથી આરાધીએ. આ બહેનોએ સત્સંગને અર્થે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની જે ભાવના પ્રગટાવી છે તે આપણને પણ પુરુષાર્થપ્રેરક હો. નાના નાના પ્રસંગોમાં પણ સત્સંગને આપણે આવરણ ન કરીએ, અને નાના કલ્પિત સુખોની અંદર આપણે અનંતભવનું દુઃખ ટાળવાનો જે પ્રયત્ન એને ન ભૂલીએ. આજે આ બ્રહ્મચારી બહેનોએ જે અસિધારાવ્રત લીધું છે તેનાથી તેમણે તેમના કુળને ઉજ્વળ કર્યું છે અને સારાય મુમુક્ષુમંડળનું તેમણે ગૌરવ વધાર્યું છે. તેમને સર્વ મુમુક્ષુમંડળ તરફથી, આપણા બધા તરફથી, હૃદયનાં, વાત્સલ્યપૂર્ણ, ભાવભીનાં અભિનંદન છે. તેમન બ્રહ્મચર્યજીવન દરમ્યાન સત્સંગનું માહાત્મ્ય તેમના અંતરમાં કદી મંદ ન હો અને સત્સંગસેવન દરમ્યાન ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિનું ધ્યેય તેમના હૃદયમાં હંમેશા બની રહો એમ આપણી સૌની અંતરની શુભેચ્છાઓ છે.

એ જ એક ચૈતન્યપદ છે કે જે પદ આસ્વાદયોગ્ય છે. અને એ પદના આસ્વાદનની ધૂનની અંદર બીજા બધાં સાંસારિક ઝેરી આસ્વાદ–અમૃત જેવા ભલે મનાતા હોય તોપણ એ બધા ઝેરી આસ્વાદોને–છોડવાની આપણને વૃત્તિ હો... અને જ્યાંસુધી એ પરમપદનો આસ્વાદ આપણને ન આવે ત્યાંસુધી એ આસ્વાદ લેનારા સત્પુરુષોની નિરંતર ચરણરજની આપણને આરાધના હો–કે જે આરાધનાના ફળરૂપે આપણે એ પરમપદને પામીએ, અને અનંતઅનંત કાળના ભવસાગરના જે મહાદુઃખ તેને તરી જઈએ...

× × × ×

જરાક આ પણ વાંચશોઃ–

* પૃ. ૧૩ હેડીંગમાં આરાધના ને બદલે આરાધના છપાઈ ગયું છે.

* પૃ. ૨૩ ( નં. ૪૨ ) માં સમયસારની પહેલી ગાથા છપાયેલ છે તેમાં કેટલીક અશુદ્ધિ રહી ગઈ છે તે સમયસાર પ્રમાણે સુધારી લેવી.

# મોહના ક્ષયનો અમોઘ ઉપાય

## સમ્યગ્દર્શન માટે પ્રાપ્ત થયેલો સોનેરી અવસર

શ્રાવણવદબીજના પ્રવચનમાં પૂ. ગુરુદેવે મોહક્ષયનો અપૂર્વ માર્ગ દર્શાવ્યો.. અહા, જે ઉપાય ઉલ્લાસથી સાંભળતાં પણ મોહબંધન ઢીલા પડવા માંડે... અને જેનું ઊંડું અંતર્મથન કરતાં ક્ષણવારમાં મોહ ક્ષય પામે એવો અમોઘ ઉપાય સન્તોએ દર્શાવ્યો છે. જગતમાં ઘણો જ વિરલ ઘણો જ દુર્લભ એવો જે સમ્યક્ત્વાદિનો માર્ગ, તે આ કાળે સન્તોના પ્રતાપે સુગમ બન્યો છે... એ ખરેખર મુમુક્ષુ જીવોના કોઈ મહાન સદભાગ્ય છે. આવો અલભ્ય અવસર પામીને સંતોની છાયામાં બીજું બધું ભૂલીને આપણે આપણા આત્મહિતના પ્રયત્નમાં કટિબદ્ધ થઈએ... એ જ ભાવના. –બ્ર. હ. જૈન.

સ્વભાવની સન્મુખતા વડે લીન થઈને, મોહનો ક્ષય કરીને જેઓ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા થયા, તેમણે ઉપદેશેલો મોહના નાશનો ઉપાય શું છે? તે અહીં આચાર્યદેવ બતાવે છે. પહેલાં એમ બતાવ્યું કે ભગવાન અર્હંતદેવનો આત્મા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેથી શુદ્ધ છે, એમના આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખીને, પોતાના આત્માને તેની સાથે મેળવતાં, જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને, સ્વભાવ અને પરભાવનું પૃથક્કરણ થઈને, જ્ઞાનનો ઉપયોગ અંતરસ્વભાવમાં વળે છે, ત્યાં એકાગ્ર થતાં ગુણ–પર્યાયના ભેદનો આશ્રય પણ છૂટી જાય છે, ને ગુણભેદનો વિકલ્પ છૂટીને, પર્યાય શુદ્ધાત્મામાં અંતર્લીન થાય છે; પર્યાય અંતર્લીન થતાં મોહનો ક્ષય થાય છે.

એ રીતે ભગવાન અર્હંતના જ્ઞાનદ્વારા મોહના નાશનો ઉપાય બતાવ્યો; હવે એ જ વાત બીજા પ્રકારે બતાવે છે તેમાં શાસ્ત્રના જ્ઞાનદ્વારા મોહના નાશની રીત બતાવે છેઃ પ્રથમ તો જેણે પ્રથમભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવની વાત છે. સર્વજ્ઞભગવાન કેવા હોય? મારો આત્મા કેવો છે? મારા આત્માનું સ્વરૂપ સમજીને મારે મારું હિત કરવું છે–એવું જેને લક્ષ હોય તે જીવ મોહના નાશને માટે શાસ્ત્રનો અભ્યાસ ક્યા પ્રકારે કરે? તે બતાવે છે. તે જીવ સર્વજ્ઞોપજ્ઞ એવા દ્રવ્યશ્રુતને પ્રાપ્ત કરીને, એટલે કે ભગવાનના કહેલા સાચા આગમ કેવા હોય તેનો નિર્ણય કરીને, પછી તેમાં જ ક્રીડા કરે છે... એટલે આગમમાં ભગવાને શું કહ્યું છે–તેના નિર્ણય માટે સતત અંતર મંથન કરે છે. દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા કેવો છે તેનું ચિંતન–મનન કરવું–એનું જ નામ દ્રવ્યશ્રુતમાં ક્રીડા છે.

દ્રવ્યશ્રુતના રહસ્યના ઊંડા વિચારમાં ઊતરે ત્યાં મુમુક્ષુને એમ થાય કે આહા! આમાં આવી ગંભીરતા છે!! રાજા પગ ધોતો હોય ને જે મજા આવે–તેના કરતાં શ્રુતના સૂક્ષ્મ રહસ્યોના ઉકેલમાં જે મજા આવે–તે તો જગતથી જુદી જાતની છે. શ્રુતના રહસ્યના ચિંતનનો રસ વધતાં જગતના વિષયોને રસ ઊડી જાય છે. અહો, શ્રુતજ્ઞાનના અર્થના ચિંતનવડે મોહની ગાંઠ તૂટી જાય છે. શ્રુતનું રહસ્ય જ્યાં ખ્યાલમાં આવ્યું કે અહો, આ તો ચિદાનંદસ્વભાવમાં સ્વસન્મુખતા કરાવે છે... વાહ! ભગવાનની વાણી! વાહ, દિગંબર સંતો! –એ તો જાણે ઉપરથી સિદ્ધભગવાન ઊતર્યા! અહા, ભાવલિંગી દિગંબર સંતમુનિઓ! –એ તો આપણા પરમેશ્વર છે, એ તો ભગવાન છે. ભગવાનની વાણી ને કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી, ધનસેનસ્વામી, વીરસેનસ્વામી, જિનસેનસ્વામી, નેમિચંદ્રસિદ્ધાંતચક્રવર્તી, સમન્તભદ્રસ્વામી, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી, અકલંકસ્વામી, વિદ્યાનંદસ્વામી, ઉમાસ્વામી, કાર્તિકેયસ્વામી એ બધાય સન્તોએ અલૌકિક કામ કર્યા છે.



“વાહ દિગંબર સન્તો! એ તો આપણા પરમેશ્વર!”

અહા! સર્વજ્ઞની વાણી અને સન્તોની વાણી ચૈતન્યશક્તિના રહસ્યો ખોલીને આત્મસ્વભાવની સન્મુખતા કરાવે છે, એવી વાણીને ઓળખીને તેમાં ક્રીડા કરતાં, તેનું ચિંતન–મનન કરતાં જ્ઞાનના વિશિષ્ટ સંસ્કાર વડે આનંદની સ્ફુરણા થાય છે, આનંદના ફૂવારા ફૂટે છે, આનંદના ઝરા ઝરે છે. જુઓ, આ શ્રુતજ્ઞાનની ક્રીડાનો લોકોત્તર આનંદ! હજી શ્રુતનો પણ જેને નિર્ણય ન હોય તે શેમાં ક્રીડા કરશે? અહીં તો જેણે ભૂમિકામાં ગમન કર્યું છે એટલે દેવ–ગુરુ–શાસ્ત્ર કેવા હોય તેની કંઈક ઓળખાણ કરી છે તે જીવ કઈ રીતે આગળ વધે છે ને કઈ રીતે મોહનો નાશ કરીને સમ્યક્ત્વ પ્રગટ કરે છે–તેની આ વાત છે. દ્રવ્યશ્રુતમાં ભગવાને એવી વાત કરી છે કે જેના અભ્યાસથી આનંદના ફૂવારા છૂટે! ભગવાન આત્મામાં આનંદનું સરોવર ભર્યું છે, તેની સન્મુખતાના અભ્યાસથી એકાગ્રતા વડે આનંદના ફૂવારા છૂટે છે. અનુભૂતિમાં આનંદના ઝરા ચૈતન્ય–સરોવરમાંથી વહે છે.

આચાર્યદેવે કહ્યું હતું કે હે ભવ્ય શ્રોતા! તું અમારા નિજવૈભવની–સ્વાનુભવની આ વાતને તારા સ્વસંવેદન–પ્રત્યક્ષથી પ્રમાણ કરજે. એકત્વસ્વભાવનો અભ્યાસ કરતાં અંતરમાં સ્વસન્મુખ સ્વસંવેદન જાગ્યું ત્યારે તે જીવ દ્રવ્યશ્રુતના રહસ્યને પામ્યો. જ્યાં એવું રહસ્ય પામ્યો ત્યાં અંતરની અનુભૂતિમાં આનંદના ઝરણાં ઝરવા માંડયાં... શાસ્ત્રના અભ્યાસથી, તેના સંસ્કારથી

**વિશિષ્ટ સ્વસંવેદન શક્તિરૂપ સંપદા પ્રગટ કરીને, આનંદના ફૂવારા સહિત પ્રત્યક્ષાદિ પ્રમાણથી યથાર્થ વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો ક્ષય થાય છે. અહો, મોહના નાશનો અમોઘ ઉપાય–કદી નિષ્ફળ ન જાય એવો અફર ઉપાય સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.**




વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે–તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. સગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે, ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. પ્રત્યક્ષ સહિતનું પરોક્ષ પ્રમાણ હોય તો તે પણ આત્માને યથાર્થ જાણે છે. પ્રત્યક્ષની અપેક્ષા વગરનું એકલું પરોક્ષજ્ઞાન તો પરાલંબી છે, તે આત્માનું યથાર્થ સંવેદન કરી શકતું નથી. આત્મા તરફ ઝૂકીને પ્રત્યક્ષ થયેલું જ્ઞાન, અને તેની સાથે અવિરુદ્ધ એવું પરોક્ષપ્રમાણ, તેનાથી આત્માને જાણતાં અંદરથી આનંદના ઝરણાં વહે છે, –આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ને મોહનો નાશ કરવાનો અમોઘ ઉપાય છે.

અરિહંતભગવાનના આત્માને જાણીને, તેવું જ પોતાના આત્માનું સ્વરૂપ ઓળખતાં, જ્ઞાનપર્યાય અંતર્લીન થઈને સમ્યગ્દર્શન થાય છે ને મોહનો ક્ષય થાય છે... પછી તેમાં જ લીન થતાં પૂર્ણ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે ને સર્વે મોહનો નાશ થાય છે. –બધાય તીર્થંકર ભગવંતો અને મુનિવરો આ જ એક ઉપાયથી મોહનો નાશ કરીને મુક્તિ પામ્યા.. ને તેમની વાણીદ્વારા જગતને પણ આ એક જ માર્ગ ઉપદેશ્યો. આ એકજ માર્ગ છે ને બીજો માર્ગ નથી–એમ પહેલાં કહ્યુંજ હતું; ને અહીં ગાથા ૮૬ માં કહ્યું કે સમ્યક્પ્રકારે શ્રુતના અભ્યાસથી, તેમાં ક્રીડા કરતાં તેના સંસ્કારથી વિશિષ્ટ જ્ઞાનસંવેદનની શક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, આનંદના ઉદ્ભેદ સહિત ભાવશ્રુતજ્ઞાનવડે વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો નાશ થાય છે. આરીતે ભાવજ્ઞાનના અવલંબનવડે દ્રઢ પરિણામથી દ્રવ્યશ્રુતનો સમ્યક્ અભ્યાસ તે મોહક્ષયનો ઉપાય છે. –આથી એમ ન સમજવું કે પહેલાં કહ્યો હતો તે ઉપાય અને અહીં કહ્યો તે ઉપાય જુદા પ્રકારનો છે; કાંઈ જુદા જુદા બે ઉપાય નથી. એક જ પ્રકારનો ઉપાય છે, તે જુદી જુદી શૈલીથી સમજાવ્યો છે. અરિહંતદેવનું સ્વરૂપ ઓળખવા જાય તો તેમાં આગમનો અભ્યાસ આવી જ જાય છે, કેમકે આગમ વગર અરિહંતનું સ્વરૂપ ક્યાંથી જાણશે ? અને સમ્યક્ દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવામાં પણ સર્વજ્ઞની ઓળખાણ ભેગી આવે જ છે, કેમકે આગમના મૂળ પ્રણેતા તો સર્વજ્ઞ અરિહંતદેવ છે, તેમની ઓળખાણ વિના આગમની ઓળખાણ થાય નહિ.

હવે એ રીતે અરિહંતની ઓળખાણ વડે કે આગમના સમ્યક્ અભ્યાસ વડે જ્યારે સ્વસન્મુખજ્ઞાનથી આત્માના સ્વરૂપનો નિર્ણય કરે ત્યારે જ મોહનો નાશ થાય છે. એટલે બંને શૈલીમાં મોહના નાશનો મૂળ ઉપાય તો આ જ છે કે શુદ્ધ ચેતનાથી વ્યાપ્ત એવા દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ શુદ્ધ આત્મામાં સ્વસન્મુખ થવું. અહીં એકલા શાસ્ત્રના અભ્યાસની વાત નથી કરી, પણ 'ભાવશ્રુતના અવલંબનવડે દ્રઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ' કરવાનું કહ્યું છે. ભાવશ્રુત ત્યારે જ થાય કે જ્યારે દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા તરફ જ્ઞાનનો ઝૂકાવ થાય. –આવા પ્રકારના દ્રઢ અભ્યાસથી અવશ્ય સમ્યગ્દર્શન થાય છે.

એવા સમ્યક્ત્વસાધન સન્તોને નમસ્કાર હો.

## આ રા ધ ના નો ઉ ત્સા હ

સમ્યક્ત્વાદિની આરાધનાની ભાવના કરવી, આરાધના પ્રત્યેનો ઉત્સાહ વધારવો,
આરાધક જીવો પ્રત્યે બહુમાનથી પ્રવર્તવું–ઇત્યાદિ સર્વ પ્રકારના ઉદ્યમ વડે
આત્માને આરાધનામાં જોડવો–એ મુનિઓનું તેમજ શ્રાવકોનું–સર્વેનું કર્તવ્ય છે.
આરાધનાને પામેલા જીવોનું દર્શન અને સત્સંગ
આરાધના પ્રત્યે ઉલ્લાસ જગાડે છે.

# ધન્યા તે ભગવંતા

( આરાધના પ્રત્યેનો ઉત્સાહ )

આચાર્યદેવ આરાધનાના આરાધક જીવો પ્રત્યે પ્રમોદથી કહે છે કે

અહો ! રત્નત્રયના આરાધક તે ભગવંતો ધન્ય છે– !

धण्णा ते भयवंता दंसणणाणग्गपवरहत्थेहिं।
विषयमयरहरपडिया भविया उत्तारिया जेहिं।। १५७।।

અહો, જગતમાં ધન્ય હોય તો તે આવા ધર્માત્મા છે કે જેઓ દર્શન–જ્ઞાનરૂપી બે બળવાન હાથની પ્રધાનતા વડે ભવસમુદ્રને તરી જાય છે, ને વિષયોરૂપી મગરથી ભરેલો જે સંસાર તેમાં પડેલા ભવ્યજીવોને પણ પાર ઉતારે છે. આવા ભગવંતો જગતમાં ધન્ય છે. આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો, જેઓ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત છે, તે ઉપરાંત ચિદાનંદસ્વરૂપમાં લીન થયા છે, એ રીતે ઉત્તમ આરાધના વડે સંસારને તરે છે–તેમનો અવતાર સફળ છે, અને બીજા જીવોને પણ તેઓ આરાધનામાં જોડીને સંસારથી પાર ઉતારે છે–આવા ભગવંતો ધન્ય છે.

હે સત્પુરુષ જ્ઞાનીધર્માત્મા ! આપ તો રત્નત્રયની આરાધનાવડે સંસારસમુદ્રથી પાર ઊતર્યા, ને એવી આરાધનાનો ઉપદેશ આપીને બીજા જીવોને પણ સંસારસમુદ્રથી પાર ઉતાર્યા. ઘોર સંસારસમુદ્રમાં પડેલા જીવોને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી બે હાથના અવલંબન વડે પાર ઉતાર્યા. હે ભગવાન ! આપ ધન્ય છો... પોતાને તરતાં આવડે તે જ બીજાને તારવાનું નિમિત્ત થાય. આ જગતના પ્રાણીઓ ચૈતન્યને ચૂકીને વિષયકષાયથી ભરેલા ભવસમુદ્રમાં ડુબી રહ્યા છે, ત્યાં મહાઆરાધક સંતો પોતે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનાથી તર્યા ને બીજા ભવ્ય જીવોને તેનો માર્ગ દર્શાવીને ભવથી પાર ઉતાર્યા. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો ! **ધન્યા તે ભગવંતા !** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો તેમના બે મુખ્ય હાથ છે, તેના બળે ભવ્યજીવોને તારે છે. આવા સંતધર્માત્મા કે ઇન્દ્રોવડે પણ પૂજ્ય છે, જગતમાં તે જ ખરેખર ધન્ય છે. એ સિવાય બીજા વૈભાવવાળાને કે રાજા–મહારાજાઓને પણ ખરેખર ધન્ય કહેતા નથી. આમ જાણીને તું આરાધક જીવો પ્રત્યે ભક્તિથી આરાધનાનો ઉત્સાહ કર, –એમ ઉપદેશ છે.

卐 આરાધક જીવોને ધન્ય છે. 卐

卐 તેમને ભક્તિથી નમસ્કાર હો. 卐

# ( ૧ ) ઉત્તમ ક્ષમાધર્મની આરાધના



ક્રોધના બાહ્યપ્રસંગ ઉપસ્થિત થવા છતાં, રત્નત્રયની દ્રઢ આરાધનાના બળે ક્રોધની ઉત્પત્તિ થવા ન દેવી ને વીતરાગ ભાવ રહેવો, અસહ્ય પ્રતિકૂળતા આવે તોપણ ક્રોધવડે આરાધનામાં ભંગ પડવા ન દેવો તે ઉત્તમક્ષમાની આરાધના છે.

શ્રેણિક રાજાએ મહાન ઉપસર્ગ કરવા છતાં શ્રી યશોધર મુનિરાજ સ્વરૂપ–આરાધનાથી ડગ્યા નહિ; ક્ષમાભાવ ધારણ કરીને શ્રેણીકને પણ ધર્મપ્રાપ્તિના આશીર્વાદ આપ્યા.

બીજી તરફ શ્રેણીકરાજાએ પણ ધર્મની વિરાધનાના અનંત ક્રોધપરિણામ છોડીને સમ્યગ્દર્શન વડે ધર્મની આરાધના પ્રગટ કરી. તે પણ ઉત્તમ ક્ષમાની આરાધનાનો એક પ્રકાર છે. ઉત્તમક્ષમાના આરાધક સંતોને નમસ્કાર હો.

**હે ક્ષમાવંત સંતો ! અમને ઉત્તમક્ષમાધર્મની આરાધના આપો. 卐**

# ( ૨ ) ઉત્તમ માર્દવધર્મની આરાધના



નિર્મળ ભેદજ્ઞાનવડે જેણે આખા જગતને પોતાથી ભિન્ન અને સ્વપ્નવત્ જાણ્યું છે, અને આત્મભાવનામાં જે તત્પર છે. તેને જગતના કોઈ પદાર્થમાં ગર્વનો અવકાશ ક્યાં છે ?

રત્નત્રયની આરાધનામાં જ જેમનું ચિત્ત તત્પર છે. એવા મુનિ ભગવંતોને ચક્રવર્તી નમસ્કાર કરે તો પણ માન થતું નથી, ને કોઈ તિરસ્કાર કરે તો દીનતા થતી નથી. આવા નિર્માન મુનિ ભગવંતોએ ઉત્તમ માર્દવધર્મની આરાધના હોય છે.


પંચ પરમેષ્ઠી વગેરે ધર્માત્મા ગુણીજનો પ્રત્યે બહુમાન પૂર્વક વિનયપ્રવર્તન તે પણ માર્દવધર્મનો એક પ્રકાર છે.

ધ્યાનસ્થ બાહુબલીના ચરણોમાં આવીને ભરતચક્રવર્તીએ પૂજન કર્યું છતાં બાહુબલી ગર્વ ન કરતાં, નિજધ્યાનમાં તત્પર થઈને તત્ક્ષણે જ કેવળજ્ઞાન પામ્યા. આવા ઉત્તમ માર્દવધારી સન્તોને નમસ્કાર હો.

**હે નિર્માની મુનિવરો ! અમને માર્દવધર્મની આરાધના આપે**

# ( ૩ )

## ઉત્તમ આર્જવધર્મની આરાધના



જે ભવભ્રમણથી ભયભીત છે અને રત્નત્રયની આરાધનામાં તત્પર છે એવા મુનિરાજને પોતાની રત્નત્રયની આરાધનામાં લાગેલા નાના કે મોટા દોષ છૂપાવવાની વૃત્તિ હોતી નથી, પણ જેમ માતા પાસે બાળક સરલપણે બધું કહી દે તેમ ગુરુ પાસે જઈને અત્યંત સરલપણે પોતાના દોષ પ્રગટ કરે છે, ને એ રીતે અતિ સરળ પરિણામ વડે આલોચના કરીને રત્નત્રયમાં લાગેલા દોષોને નષ્ટ કરે છે. તેમજ ગુરુ વગેરેના ઉપકારને સરળપણે પ્રગટ કરે છે. –આવા મુનિવરોને ઉત્તમ આર્જવધર્મની આરાધના હોય છે. એવા આર્જવધર્મના આરાધક સન્તોને નમસ્કાર હો.


હે આર્જવધારી આચાર્યો !

અમને આર્જવધર્મની આરાધના આપો.

卐

# ( ૪ )

## ઉત્તમ શૌચધર્મની આરાધના




ઉત્કૃષ્ટપણે લોભના ત્યાગરૂપ જે નિર્મળ પરિણામ તે ઉત્તમર શૌચધર્મ છે. ભેદજ્ઞાનવડે જગતના સમસ્ત પદાર્થોથી જેણે પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે, દેહને પણ અત્યંત જુદો જાણીને તેનું પણ મમત્વ છોડી દીધું છે, ને પવિત્ર ચૈતન્યતત્ત્વની આરાધનામાં તત્પર છે–એવા મુનિવરોને કોઈપણ પરદ્રવ્યના ગ્રહણની લોભવૃત્તિ થતી નથી, ભેદજ્ઞાન રૂપ પવિત્ર જળવડે મિથ્યાત્વાદિ અશુચીને ધોઈ નાખી છે, તેઓ શૌચધર્મના આરાધક છે. અહા, જગતના સમસ્ત પદાર્થો સંબંધી લોભ છોડીને, માત્ર ચૈતન્યને જ સાધવામાં તત્પર એવા તે શૌચધર્મવંત મુનિવરોને નમસ્કાર હો.

હે શૌચધારક સાધુવરો !

અમને ઉત્તમ શૌચધર્મની આરાધના આપો.

## ( ૫ )

## ઉત્તમ સત્યધર્મની આરાધના



મુનિવરો વચનવિકલ્પ છોડીને સત્‌સ્વભાવને સાધવામાં તત્પર છે; અને જો વચન બોલે તો વસ્તુસ્વભાવ અનુસાર સ્વ–પરહિતકારી સત્યવચન બોલે છે, તેમને ઉત્તમ સત્યધર્મની આરાધના છે. મુનિવરો સમ્યગ્જ્ઞાન વડે વસ્તુસ્વભાવ જાણીને તેનો જ ઉપદેશ છે, શ્રોતાજનો આત્મજ્યોતિની સન્મુખ થાય ને તેમનું અજ્ઞાન દૂર થાય–એવો ઉપદેશ દે છે, અને પોતે પણ આત્મજ્યોતિમાં પરિણત થવા માટે ઉદ્યુક્ત રહે છે. એવા ઉત્તમ સત્યધર્મના આરાધક સંતોને નમસ્કાર હો.


હે સત્‌સ્વભાવતત્પર સંતો !

અમને ઉત્તમ સત્યધર્મની આરાધના આપો.

卐

## ( ૬ )

## ઉત્તમ સંયમધર્મની આરાધના



અંતર્મુખ થઈને નિજસ્વરૂપમાં જેમનો ઉપયોગ ગુપ્ત થઈ ગયો છે એવા મુનિવરોને સ્વપ્નેય કોઈ જીવને હણવાની વૃત્તિ કે ઇન્દ્રિયવિષયોની વૃત્તિ હોતી નથી, તે મુનિવરો ઉત્તમ સંયમના આરાધક છે.


ભગવાન રામચંદ્રજી મુનિ થઈને જ્યારે નિજસ્વરૂપને સાધી રહ્યા હતા ત્યારે, પ્રતીન્દ્ર થયેલા સીતાના જીવે તેમને ડગાવવા અનેક ચેષ્ટા કરી, પણ પોતાના ઉત્તમ સંયમની આરાધનામાં તેએ દ્રઢ રહ્યા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એ જ રીતે શ્રાવકોત્તમ શ્રી સુદર્શનશેઠને પ્રાણાન્ત જેવો પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પોતાના સંયમના દ્રઢ રહ્યા... આગળ વધીને મુનિ થઈને કેવળજ્ઞાન પામ્યા. આવા ઉત્તમસંયમ આરાધક સંતોને નમસ્કાર હો.

હે ઉત્તમસંયમી સાધુઓ !

અમને ઉત્તમ સંયમધર્મની આરાધના આપો.

## ( ૭ )

## ઉત્તમ તપધર્મની આરાધના




શત્રુંજયગિરિ ઉપર ધ્યાનરત પાંડવ ભગવંતો ધગધગતા અગ્નિનો ઉપદ્રવ થવા છતાં પણ પોતાના ઉત્તમ ધ્યાનરૂપી તપથી ડગ્યા નહિ. એ જ રીતે ચૈતન્યધ્યાનમાં રત બાહુબલીભગવાને એક વર્ષ સુધી અડગપણે ટાઢ–તડકા ને વરસાદના ઉપસર્ગો સહન કર્યા, ચૈતન્યના ધ્યાનદ્વારા વિષય–કષાયોને નષ્ટ કર્યા ને ચૈતન્યના ઉગ્ર પ્રતપનવડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ઘોર ઉપસર્ગ થવા છતાં પાર્શ્વનાથ તીર્થંકર નિજસ્વરૂપના ધ્યાનરૂપ તપથી ડગ્યા નહિ; ન તો તેમણે ધરણેન્દ્ર ઉપર રાગ કર્યો કે ન તો કમઠ ઉપર દ્વેષ કર્યો. વીતરાગ થઈને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આવા સ્વસન્મુખ ઉપયોગના ઉગ્ર પ્રતાપવડે કર્મોને ભસ્મ કરી નાખનારા ઉત્તમ તપધર્મના આરાધક સંતોને નમસ્કાર હો.

હે ચૈતન્યઉપયોગી સંતો ! અમને ઉત્તમ તપધર્મની આરાધના આપો.

卐

## ( ૮ )

## ઉત્તમ ત્યાગધર્મની આરાધના



હું શુદ્ધ ચૈતન્યમય આત્મા છું, દેહાદિ કાંઈ પણ મારું નથી–એમ સર્વત્ર મમત્વના ત્યાગરૂપ પરિણામ વડે ચૈતન્યમાં લીન થઈને મુનિવરો ઉત્તમ ત્યાગધર્મને આરાધે છે.

વળી શ્રુતનું વ્યાખ્યાન કરવું, સાધર્મીઓને પુસ્તક, સ્થાનકે સંયમના સાધન વગેરે દેવા તે પણ ઉત્તમ ત્યાગનો પ્રકાર છે. કોઈ મુનિરાજ ઉત્તમ નવીન શાસ્ત્ર વાંચતા હોય ને બીજા મુનિરાજમાં તે શાસ્ત્ર વાંચવાની ઉત્કંઠા દેખે તો તુરત જ બહુમાન પૂર્વક તે શાસ્ત્ર તેમને અર્પણ કરે છે... એ પણ ઉત્તમ ત્યાગનો એક પ્રકાર છે. સર્વત્ર મમત્વ ત્યાગીને, સર્વ પરભાવના ત્યાગસ્વરૂપ જ્ઞાનસ્વભાવની આરાધનામાં તત્પર ઉત્તમ ત્યાગી મુનિવરોને નમસ્કાર હો.


હે નિર્મમ મુનિવરો ! અમને ઉત્તમ ત્યાગધર્મની આરાધના આપો.

卐

## ( ૯ )

## આકિંચન્યધર્મની આરાધના

ભેદજ્ઞાનના બળે સર્વત્ર મમત્વ છોડીને ચૈતન્યભાવનામાં રત થયેલા મુનિઓ, શાસ્ત્રના ઊંડા રહસ્યનું જ્ઞાન બીજા મુનિઓને પણ વિના સંકોચે આપે છે. સિંહ આવીને શરીરને ખાઈ જાય તો પણ દેહનું મમત્વ કરતા નથી. ભરતચક્રવર્તી જેવા ક્ષણમાં છખંડનો વૈભવ છોડીને, 'જ્ઞાતાસ્વભાવ સિવાય કાંઈ પણ મારું નથી' એવી અકિંચનભાવનારૂપે પરિણમ્યા.



'શુદ્ધ જ્ઞાનદર્શનમય એક આત્મા જ મારો છે, એ સિવાય અન્ય કાંઈ પણ મારું નથી' –એવા ભેદજ્ઞાનના બળે દેહાદિ સમસ્ત પર દ્રવ્યોમાં ને રાગાદિ સમસ્ત પરભાવોમાં મમત્વ પરિત્યાગીને જેઓ અકિંચનભાવમાં તત્પર છે એવા ઉત્તમ આકિંચન્યધર્મના આરાધક મુનિવરોને નમસ્કાર હો.


હે ચૈતન્યરત સંતો!

અમને આકિંચન્યધર્મની આરાધના આપો.

卐

## ( ૧૦ )

## ઉત્તમ બ્રહ્મચર્યની આરાધના



જે સીતાજીના વિરહમાં પોતે પાગલ જેવા બની ગયા હતા તે જ સીતાદ્વારા લલચાવવા છતા ભગવાન રામચંદ્રજી વિષયભોગોમાં લલચાય નહિ ને ઉત્તમ બ્રહ્મચર્યધર્મની આરાધનામાં લીન થઈને સર્વજ્ઞ પરમાત્મા થયા. ધર્માત્મા જયકુમાર દેવીઓદ્વારા પણ બ્રહ્મચર્યથી ડગ્યા નહિ. ધર્માત્મા શેઠ સુદર્શન પ્રાણાંત જેવા પ્રસંગે પણ પોતાના બ્રહ્મચર્યવ્રતથી ડગ્યા નહિ. રાવણ વડે અનેક પ્રકારે લલચાવવા છતાં ભગવતી સીતા પોતાના બ્રહ્મચર્યથી ડગ્યા નહિ.

જગતના સર્વ વિષયોથી ઉદાસીન થઈને બ્રહ્મસ્વરૂપ નિજ આત્મામાં જ જેમણે ચર્યા પ્રગટ કરી એવા ઉત્તમ બ્રહ્મચર્યધર્મના આરાધક સંત–ધર્માત્માઓને નમસ્કાર હો.

હે નિજાનંદલીન સંતો! અમને ઉત્તમ બ્રહ્મચર્યની આરાધના આપો.

# મુમુક્ષુવીરનો જીવનમંત્ર
# શાંતિ દ્વારા વિજય

જ્ઞાનમૂર્તિ આત્મા શાંત–અકષાયસ્વરૂપી છે, ક્રોધ તેના સ્વરૂપની ચીજ નથી; એટલે, ક્રોધવડે શત્રુ ઉપર મેળવાતો વિજય એ ખરો વિજય નથી, પણ ક્ષમાવડે ક્રોધ ઉપર મેળવાતો વિજય એ જ ખરો વિજય છે. ચૈતન્યનો સાધક મોક્ષાર્થી વીર, ગમે તેવા પ્રતિકૂળતાના પહાડ ખડા થાય તોપણ પોતે પોતાની સાધનાથી ન ડગે, શાંતભાવમાં નિશ્ચલ રહે, ક્રોધાદિ થવા ન દે કે વેરબુદ્ધિ જાગવા ન દે, તેમાં તેનો ખરો વિજય છે. એવા વિજયવંત વીરોથી જૈનશાસન શોભે છે.

ભગવાન પારસનાથ ઉપર કમઠે ઉપસર્ગ કર્યો.. પાર્શ્વનાથ પ્રભુ શક્તિમાન હતા કે જો ધારે તો ક્ષણમાત્રમાં કમઠના ચૂરા કરી નાંખે... પરંતુ નહિ! ચૈતન્યના સાધક એ સંત પોતાની સાધનામાં અડોલ રહ્યા... કમઠ પ્રત્યે ક્રોધવૃત્તિ તેમને જાગી જ નહિ; નેઅંતે શું થયું? શું કમઠ જીત્યો? –ના; ભગવાન જીત્યા. એનું નામ શાંતિદ્વારા વિજય.

જો ભગવાને પ્રતિકાર વડે કમઠ ઉપર વિજય મેળવ્યો હોત તો તે વિજયની એવી જગપ્રસિદ્ધ મહત્તા ન હોત–કે જેવી મહત્તા અડોલ શાંતિદ્વારા મેળવેલા વિજયની છે.

( ૧ ) એક રાજા બીજા રાજાને તલવારના બળે હરાવીને વિજેતા બને છે.

( ૨ ) એક મુનિને કોઈ બાણથી વીંધી નાખે છે, –સામર્થ્ય હોવા છતાં મુનિ તેનો પ્રતિકાર નથી કરતા, ને શાંતભાવે પ્રાણ છોડે છે.

–બેમાં વીર કોણ? ..... વિજયી કોણ?

કોના જેવા થવાનું આપણને ગમશે?

( ૧ ) રાજા તો ક્રોધ કરીને કર્મથી બંધાયો એટલે કર્મ પાસે તેની હાર થઈ.

( ૨ ) અને મુનિએ તો શાંતિદ્વારા કર્મોને ભસ્મ કરી નાંખ્યા એટલે કર્મો ઉપર તે વિજેતા થયા.

ભગવાન બાહુબલીએ પહેલાં દેહબળે ચક્રવર્તી ઉપર વિજય મેળવ્યો..... ને પછી વૈરાગ્યબળે વિજય મેળવ્યો. –પરંતુ તેમાંથી વૈરાગ્યબળે મેળવેલો વિજય વધુ બળવાન હતો, અને એ વિજયે જ બાહુબલીને જગપ્રસિદ્ધ બનાવીને જગતને વૈરાગ્યનો સન્દેશ આપ્યો. બાહુબલીએ માત્ર દેહબળે ક્રોધથી ચક્રવર્તી ઉપર વિજય મેળવીને રાજ્ય કર્યું હોત તો તે વિજયની એવી

કિંમત ન થાત કે જેવી વૈરાગ્યદ્વારા મેળવેલા વિજયની થઈ. – તો જગત તેને માત્ર એક રાજા તરીકે જોત, ભગવાન તરીકે નહીં.

આ રીતે ક્રોધદ્વારા સામાને હરાવીને મેળવાતો વિજય એ સાચો વિજય નથી. ચૈતન્યની અડોલ સાધનાના બળે શાંતિદ્વારા મેળવાતો વિજય એ જ સાચો વિજય છે. આ વાત સમજે તે ક્રોધનો વિજેતા બને. માટે, મુમુક્ષુવીરનો મંત્ર છે કે–

**‘શાંતિદ્વારા વિજય’**

ગમે તે પરિસ્થિતિ આવે પણ હું ક્રોધિત ન થાઉં ને મારી અડગ સ્વરૂપસાધનાની શાંતિમાંથી હું ન ડગું, મારી આરાધનામાં (સ્વરૂપસાધનામાં) હું અડોલ રહું, તો પછી કોની તાકાત છે વિશ્વમાં કે મને હરાવે! અકષાયી શાંતિદ્વારા કષાયોને અને કર્મોને જીતીને હું મોક્ષનો વિજેતા બનીશ.

**-આ છે મુમુક્ષુવીરનો જીવનમંત્ર!**

## ગુપ્તજ્ઞાન

આત્મસ્વભાવની સન્મુખ થતાં સમભાવરૂપ આત્માનંદ થાય છે. તે સ્વભાવને ભગવાનની વાણીએ પ્રકાશિત કર્યો છે. સ્વાનુભવ તે સંસારથી તારનાર છે, અને સ્વાનુભવરૂપ જે મોક્ષમાર્ગ તેનું ગુપ્તજ્ઞાન અનુભવી જ્ઞાની સન્તોએ પ્રગટ કર્યું છે.

– અષ્ટપ્રવચન

卐

## સમ્યગ્દર્શન

મોક્ષાર્થીને સૌથી પહેલાં સમ્યગ્દર્શન આવશ્યક છે; સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગમાં એક પગલું પણ જવાતું નથી. સમ્યગ્દર્શન વગરનું બધુંય નીરસ છે, નિઃસાર છે; માટે સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતા જાણીને તેનો પ્રયત્ન મુમુક્ષુએ કર્તવ્ય છે.

– અષ્ટપ્રવચન

卐

# તીવ્ર વૈરાગ્ય અને ઉત્તમ ક્ષમા

( ભાવપ્રભુત ગા. ૧૦૬ થી ૧૧૦ના
પ્રવચનમાંથી તીવ્ર વૈરાગ્યભાવના અને
ઉત્તમ ક્ષમાભાવનાનો સુંદર ઉપદેશ )

અહીં ભાવશુદ્ધિ માટે સરળ પરિણામનો ઉપદેશ છે. પોતાના દોષને, ગુણથી અધિક એવા ધર્માત્મા ગુરુ પાસે સરળતાથી, માનમરતબો મુકીને નિવેદન કરે, જે કાંઈ દોષ થયો હોય તે મન–વચન–કાયાની સરળતાથી પ્રગટ કરી દે. પોતાની મહત્તા છોડીને, બાળક જેવો સરળ થઈને પોતાના દોષની નિંદા કરવી તે ભાવશુદ્ધિનું કારણ છે. નિષ્કપટપણે ગુરુ પાસે કહેવાથી દોષ ટળી જાય છે.

દુર્જનના વચનરૂપી ચપટી એટલે નિષ્ઠુર–કડવા આકરા વચન કહે છતાં પણ સજ્જન ધર્માત્મા મુનિ તે સહન કરીને ક્ષમા રાખે છે. સ્વભાવની શાંતિને સાધનારા મુનિઓ દેહ–વચનની મમતાથી રહિત છે, અબંધય–અકષાય પરિણામથી તે સહન કરે છે. સામાના વચનની પકડ નથી, તે પોતાને માન–અપમાન કે દેહનું મમત્વ નથી. અરે, મારું અપમાન થયું–એવું શલ્ય પણ નથી રાખતા. ને પોતાને કંઈ વચનની મમતા નથી કે આણે મને આમ કહ્યું માટે હું તેને કંઈક કહું, જેથી બીજીવાર કાંઈ કહે નહીં. અંદરમાં ચૈતન્યના ઉપશમભાવને સાધવામાં મશગુલ મુનિઓ જગતના વચનના કલેશમાં પડતા નથી, એમને એવી નવરાશ જ ક્યાં છે કે એવામાં પડે. વચનનો ઉપદ્રવ આવે કે દેહ ઉપર ઉપદ્રવ આવે તોપણ મુનિઓ શાંતિથી ચલિત થતા નથી, ક્ષમા છોડીને ક્રોધિત થતા નથી. દેહમાં કે વચનમાં મમત્વ નથી તે શુદ્ધ પરિણામથી સહન કરી શકે છે. અરે, અંદર જેને કષાયની આગ સળગે છે તે ઘરમાં રહે કે વનમાં જાય પણ તેને તો વનમાં પણ લા લાગી છે. જે અંદર ચૈતન્યની શાંતિમાં વર્તે છે તેને સર્વત્ર શાંતિ જ છે, બહારનો ઉપદ્રવ આવે કે દેવ આવીને ઉપસર્ગ કરે તોપણ તેને શાંતિ જ છે.

જગતમાં રાજપાટ કાંઈ શરણ નથી. ભયમાં શરણ એક ચૈતન્ય નિર્ભયરામ જ છે, તેના શરણે કોઈ પણ પ્રતિકૂળતાને મુનિઓ શાંતિથી સહન કરે છે. દુર્વચન સાંભળતા ક્રોધ કરે તો તે મહાન શેનો ? જે મુનિવરો ક્ષમાવડે ક્રોધને જીતે છે તેઓ જ મહાન છે. હજારો યોદ્ધાને જીતનારા યોદ્ધા કરતાં ક્રોધને જીતનારા મુનિઓ મહાન છે. અરે મુનિ ! દુષ્ટ જીવના વચનોને તું તારા પાપના નાશનું કારણ બનાવ.

ક્ષમાવંત મુનિવરોની પ્રશંસા દેવો ને મનુષ્યો કરે છે. મુનિઓ કેવા છે ?

**भव-भोग-तन वैराग्यधार , निहार शिवतप तपत है...**

અહા, ભવથી ઉદાસ, શરીરથી ઉદાસ, સંસારભોગોથી ઉદાસ... એવા વૈરાગ્યવંત મુનિવરો મોક્ષને અર્થે ચૈતન્યને આરાધે છે... એવા મુનિઓ જગતમાં પૂજ્ય થાય છે.

અરે જીવ ! તું ક્રોધને છોડ ! ને ક્ષમાગુણને ધારણ કર. મુનિનું સંબોધન છે પણ સર્વ જીવોને માટે ઉપદેશ છે. સામા જીવોના પરિણામ તેના પાસે રહ્યા, બીજાના પરિણામની જવાબદારી પોતાના ઉપર નથી. પણ પોતાના પરિણામમાં જીવ ક્ષમા રાખે. **જગતની પ્રતિકૂળતાના પ્રસંગે સંતો અંદર ચૈતન્યની શાંતિના કુવામાં ફડાક કરતા ઊંડે ઉતરી જાય છે... શ્રાવક તે પણ મુનિનો ભક્ત અને ઉપાસક છે-તેણે પણ આવી પરિણામ શુદ્ધિ પ્રગટ કરવા યોગ્ય છે. પંચમ કાળમાં પ્રતિકૂળતા તો હોય માટે તું બહુ સાવચેતીથી ક્ષમાભાવને જાળવજે.**

અનાદિ કાળથી સંચિત એવી જે ક્રોધજ્વાળા તેને દુઃખદાયક જાણીને, ક્ષમારૂપી જળવડે તું બુઝાવ ! મન–વચન–કાયાથી સર્વે જીવો ઉપર ક્ષમા પ્રગટ કરીને, ચિદાનંદની શાંતિને સાધજે.

માતા બાળકને કહે કે હે ભાઈ ! તું તો ડાહ્યો છો... તારે આમ ન કરાય, તેમ આચાર્યદેવ કહેછે કે હે ક્ષમાવંત ! હે ક્ષમાગુણના ધારક ! તારા ભાવને ન જાણનારા બીજા તારી નિંદા કરે તોપણ તું ક્ષમા રાખજે. અરિહંતો ક્ષમામાં શૂરવિર છે, હે મુનિ ! તું પણ ક્ષમામાં શૂરવીર થા ! ક્રોધ કરે તે વીર નથી. તે તો નિર્બળ છે. ક્ષમા તે આત્માનો સ્વભાવ છે, તેનાથી આત્માની મહાનતા છે. પણ ખરી ક્ષમા ક્યારે રાખી શકે ? કે દેહ અને માનનું મહત્વ છોડીને તેનાથી આત્માની મહાનતા છે. પણ ખરી ક્ષમા ક્યારે રાખી શકે ? કે દેહ અને માનનું મહત્વ છોડીને તેનાથી ભિન્ન ચૈતન્યને જ્યારે જાણે ત્યારે સાચી ક્ષમા પ્રગટે. મારા ચૈતન્યમાં જગતના શબ્દોનો પ્રવેશ જ ક્યાં છે ? પછી શબ્દ કહેનાર પ્રત્યે હું ક્રોધ કેમ કરું ? સામાના શબ્દથી નુકશાન નથી થતું પણ ક્રોધથી જ નુકશાન થાય છે. ક્રોધ કરનાર પોતે પોતાને નુકશાન કરે છે, પણ ગાળ દેનાર કાંઈ નુકશાન કરતો નથી. માટે હે જીવ ! ક્રોધના પ્રસંગ ઉપસ્થિત થવાના પ્રસંગે તું તારા ચૈતન્યના શાંત ક્ષમા જળવડે તે ક્રોધાગ્નિને બુઝાવી દેજે.

કરોડો પૂર્વનો સંયમ હોય. પણ ક્રોધવડે તેનું ફળ ક્ષણમાં દગ્ધ થઈ જાય છે. ચૈતન્યને સાધનાર મુનિપણારૂપ જે વૃક્ષ તે મોક્ષફળ આપવાની તૈયારીવાળું છે. પણ જો તેમાં ક્રોધરૂપી અગ્નિ લાગે તો તે વૃક્ષને દગ્ધ કરી નાખે છે. માટે હે મુનિ ! સંયમાદિની રક્ષાને અર્થે તું ક્ષમાભાવ ધારણ કરજે, ભેદ જ્ઞાનની ભાવનાના બળે તું ક્ષમાભાવ પ્રગટ કરજે, ક્રોધને પ્રગટ થવા દઈશ નહીં. ચૈતન્યની ભાવના સિવાય બીજો કોઈ ક્રોધના નાશનો ઉપાય નથી.

હવે ઉત્તમ બોધિ–રત્નત્રયની સિદ્ધિને અર્થે એકદમ વૈરાગ્યભાવના ભાવવાનો ઉપદેશ કરે છે.

दीक्खाकालईयं भावय अविचार दंसणविसुद्धो।
उत्तम बोहिणिमित्तं असार साराणि मुणिऊण।। ११०।।

જુઓ, આ વૈરાગ્યનો ઉપદેશ ! સંસારને અસાર જાણી, સ્વરૂપને સાધવા માટે જ્યારે વૈરાગ્યથી મુનિ દીક્ષા લીધી તે વખતના તીવ્ર વૈરાગ્યને ઉત્તમબોધિ નિમિત્તે હે જીવ ! તું સ્મરણ કર. તેની ભાવના ભાવ. વિશુદ્ધચિત્તથી એટલે કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ સહિત થઈને તું ઉત્કૃષ્ટ વૈરાગ્યની ભાવના કર. મુનિ થતી વખતે આખા જગતથી ઉદાસ થઈને સ્વરૂપમાં જ રહેવાની કેવી ઉગ્ર ભાવના હતી ! જાણે સ્વરૂપથી બહાર હવે કદી આવવું જ નથી–આવા ઉત્તમ વૈરાગ્ય પ્રસંગની ભાવનાને ફરીફરી ભાવીને હે જીવ ! તું તારા રત્નત્રયની નિર્મળતા કર.

ચિદાનંદસ્વભાવને જ સાર જાણ્યો ને સંસારને અસાર જાણ્યો તે જીવ ચૈતન્યની ઉગ્ર ભાવનાવડે ભાવશુદ્ધિ પ્રગટ કરે છે. ચિદાનંદ સ્વભાવ પવિત્ર–અકષાય છે, તેની ભાવનાથી કષાયો નષ્ટ થઈને સમ્યગ્દર્શનાદિ પવિત્ર ભાવ પ્રગટે છે. ચૈતન્યને સાધવા માટે જે વૈરાગ્યની ધારા ઉલ્લસી, કે રાગના કાળે જે વૈરાગ્યભાવના જાગી કે મરણપ્રસંગ આવી પડે તે વખતે જેવી વૈરાગ્ય ભાવના હોય–એવા વૈરાગ્યને તું સદાય નિરંતર ધ્યાનમાં રાખીને વારંવાર ભાવના ભાવજે. વૈરાગ્ય ભાવનાને શિથિલ થવા દઈશ નહિ. જે આરાધના ઉપાડી તેને જીવનપર્યંત નિર્વહન કરજે. આરાધક જીવને તીવ્ર રોગ વગેરે પ્રતિકૂળ પ્રસંગે વૈરાગ્યની ધારા વિશેષ ઉપડે

છે. પ્રતિકૂળતા આવે ત્યાં આર્તધ્યાન ન કરે પણ સ્વભાવ તરફ ઝૂકે. ને તીવ્ર વૈરાગ્યવડે રત્નત્રયની આરાધનાને પુષ્ટ કરે. મુનિની જેમ શ્રાવકને પણ આ ઉપદેશ લાગુ પડે છે. હે જીવ! સમ્યગ્દર્શનની નિર્મળતા પ્રગટ કરી, સંસારને અસાર જાણી, અંતર્મુખ થઈને સારભૂત એવા ચૈતન્યની ભાવના ભાવ વૈરાગ્યના પ્રસંગને યાદ કરીને તેની ભાવના ભાવ કે જેથી તારા રત્નત્રયની શુદ્ધતા થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. સાર શું અને અસાર શું એને ઓળખીને તું સારભૂત આત્માની ભાવના કર.

દીક્ષા વખતના ઉગ્ર વૈરાગ્ય પ્રસંગની વાત લઈને આચાર્યદેવ કહે છે કે અહા દીક્ષા વખતે શાંત ચૈતન્ય દરિયામાં લીન થઈ જવાની જે ભાવના હતી, જાણે તે ચૈતન્યના આનંદમાંથી કદી બહાર જ ન આવું, એવી વૈરાગ્યભાવના હતી. તે વખતની વિરક્તદશાની ધારા તું ટકાવી રાખજે... જે સંસારને છોડતાં પાછું વાળીને જોયું નહિ, વૈરાગ્યથી ક્ષણમાં સંસારને છોડી દીધો, હવે આહારાદિમાં ક્યાંય રાગ કરીશ નહીં. તેમ જેણે ચૈતન્યને સાધવો છે તેણે આખા સંસારને અસાર જાણી પરમ વૈરાગ્ય ભાવનાથી સારભૂત ચૈતન્યરત્નની ભાવના વડે સમ્યગ્દર્શનાદિ શુદ્ધતા પ્રગટ કરવી.

ભવ, ભોગ અને તન ત્રણેથી અત્યંત ઉદાસ થઈ અંતરમાં ચૈતન્ય તરફ વળ. મુનિઓની પૂજામાં આવે છે કેઃ–

भव भोग तन वैराग्यधार, निहार शिव तप तपत है।

तिहुं जगतनाथ अराध साधु सु पूजनीक गुण जपत है।।

જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો હોય, જ્યારે વૈરાગ્યની સીતાર ઝણઝણી ઊઠી હોય. એવા પ્રસંગની વૈરાગ્ય ધારાને બરાબર જાળવી રાખજે. ફરીફરી તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ, વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્ય ભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

ધર્માત્મા પ્રતિકૂળતાથી ઘેરાઈ જતા નથી, પરિણામ બગડવા દેતા નથી, પણ તેવા પ્રસંગે ઉલટી વૈરાગ્યની ધારા ઉપડે છે. પ્રતિકૂળતામાં આર્તધ્યાન ન કરે, પણ ઊલટું પુરુષાર્થની પ્રબળતા કરીને વૈરાગ્ય વધારે છે. જેમ જેમ ધર્મીને વેદનાની તીવ્રતા તેમ તેમ તેને વીર્યની વિશેષ સ્ફુરણા જાગે છે. આવા વૈરાગ્યની તીવ્ર ભાવના વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉત્તમતા પ્રગટે છે, ને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય છે.

એવો પ્રસંગ આવી પડયો હોય કે જેમાં જીવન મરણનો પણ સંદેહ હોય–એવા પ્રસંગે ધર્માત્માને વૈરાગ્ય અને આરાધનાનું જોર વધી જાય છે. એવા વૈરાગ્યની ધારાને નિરંતર ટકાવી રાખીને રત્નત્રયધર્મની શુદ્ધતા પ્રગટ કરજે. આવો ભાવશુદ્ધિનો ઉપદેશ છે. ભાવશુદ્ધિ વગર બાહ્યમાં ત્યાગી થાય તો પણ બાહ્ય વિષયોમાં લુબ્ધતા તો પડી જ છે. ચૈતન્ય તરફના ચેતના તો છે નહિ એટલે આહારમાં–ભયમાં–મૈથુનમાં કે પરિગ્રહમાં ક્યાંક ને ક્યાંક પરવિષયમાં પરિણામને રોકે છે. આત્મવશતા તો છે નહિ, એટલે ઇન્દ્રિય વિષયોને જ વશ વર્તે છે; આવા ભાવે અનાદિકાળથી જીવ સંસારવનમાં ભ્રમણ કરે છે, માટે અરે જીવ! હવે તો તું તે ભાવ છોડ. જગતનો ભય છોડીને ચૈતન્યને સાધવા માટે સાવધાન થા. અતીન્દ્રિય ચૈતન્યની સન્મુખતાવડે તીવ્ર વૈરાગ્યભાવના પ્રગટ કરી મૈથુનસંજ્ઞાને કે પરદ્રવ્યના મમત્વરૂપ પરિગ્રહસંજ્ઞાને તું છેદી નાખ. જે ભાવે ભવવનમાં તું ભમ્યો તે ભાવનું સેવન હવે છોડ ને ચૈતન્યના સેવનવડે ભાવશુદ્ધિ પ્રગટ કર જગતના માન–પૂજાની દરકાર છોડીને તું તારા આત્માના સુધારા માટે નીકળ્યો છો ને! તો એવી ભાવશુદ્ધિ પ્રગટ કર કે જેથી તારું ભવભ્રમણ ટળે... ને મુક્તિ થાય એવો ઉપદેશ છે.

# ચા... લો... શો... ધી... એ...

**અહીં જે સોનેરીસુવાક્યો આપ્યાં છે તે સોનગઢના કોઈને કોઈ પવિત્ર સ્થાનમાં લખેલા છે... ક્યું સુવાક્ય ક્યા સ્થળે લખેલ છે... તે શોધી કાઢવાનું છે. ચાલો શોધીએ – ( ન મળે તો આગામી અંકમાં શોધી લેશો. )**

( ૧ )... એકલું નિરપેક્ષ તત્ત્વ જ લક્ષમાં લેવામાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે

( ૨ ) જીવ બંધ બંને નિયત નિજનિજ લક્ષણે છેદાય છે, પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંને જુદા પડી જાય છે.

( ૩ ) હે ભાઈ! તું કોઈ પણરીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતુહલી થઈ આ શરીરાદિ મૂર્તદ્રવ્યોનો એક મૂહૂર્ત ( બે ઘડી ) પાડોશી થઈ આત્માનો અનુભવ કર...

( ૪ ) જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ, તે ધ્યાતાં ક્ષણ એકમાં લહો પરમપદને શુદ્ધ.

( ૫ ) હે શિવપુરીના પથિક! ....... શિવપુરીનો પંથ જિનભગવંતોએ પ્રયત્નસાધ્ય કહ્યો છે.

( ૬ ) નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે.

ત્યમ જ્ઞાની પરજન સંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે.

( ૭ ) “અહો! આ અપરાજિત તીર્થંકર અને હું પૂર્વભવે અપરાજિત–વિમાનમાં સાથે જ હતા....”

( ૮ ) જૈનધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહીં.

( ૯ ) ते धन्याः सुकृतार्थः ते शूराः तेऽपि पंडिता मनुजाः।

सम्यक्त्वं सिद्धिकरं स्वप्नेऽपि न मलिनितं यैः।।

( ૧૦ )... કોઈ સત્‌ઉપદેશ પ્રસંગે થયેલી પરમ આત્મિકભાવનાને, કોઈ પુરુષાર્થના ધન્યપ્રસંગે જાગેલી પવિત્ર અંતર્‌ભાવનાને સ્મરણમાં રાખજે, નિરંતર સ્મરણમાં રાખજે, ભૂલીશ નહિ.

( ૧૧ ) હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો.

( ૧૨ )... દેવો ઉપકારવશતાને લીધે મેઘકુમારને વિમાનમાં બેસાડી અઢીદ્વીપની યાત્રા કરાવે છે.

( ૧૩ )... યાત્રા દરમિયાન ક્યાંક વનમાં ભક્તો સાથે તીર્થના મહિમા સંબંધી ચર્ચાવાર્તા કરે છે.

( ૧૪ ) જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે.

( ૧૫ )... ઉજ્જવલ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે.

( ૧૬ ) સંયમસુધસાગરને આત્મભાવનાથી પૂજું.

( ૧૭ ) ઋષભદેવ અને શ્રેયાંસકુમારના જીવો... બે ચારણમુનિઓને આવતા દેખી આશ્ચર્ય પામે છે અને તેમના ઉપદેશથી સમ્યગ્દર્શન પામે છે... પ્રીતિંકમુનિરાજ પૂર્વભવના સ્નેહને લીધે તેને સમ્યક્‌ત્વ પમાડવાની ભાવના થવાથી અહીં આવેલ છે.

( ૧૮ ) અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે, ઉપદેશ પણ એમ જ કરી, નિવૃત્ત થયા, નમું તેમને.

( ૧૯ )... આ જગતપ્રસિદ્ધ સત્યને હે ભવ્ય! તું જાણ.

( ૨૦ ) વિદેહક્ષેત્રમાં દેવો અને મનુષ્ય શ્રી સીમંધરભગવાનનો તપકલ્યાણમહોત્સવ ઊજવે છે... ત્યાંથી ફરતાં ફરતાં નારદ અયોધ્યા તરફ આવે છે... પરમ હર્ષથી કહે છેઃ હે રાજન્! વિદેહક્ષેત્રની પુંડરીકિણીનગરીમાં મેં સીમંધરસ્વામીને તપકલ્યાણકમહોત્સવ પ્રત્યક્ષ દેખ્યો.

(૨૧) જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો કે જે કાંઈ મારે કરવું છે તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે.

(૨૨) वत्थुसहावो धम्मो- વસ્તુસ્વભાવ તે ધર્મ.

(૨૩) णमो अरिहंताण णमो सिद्धाणं णमो आइरियाणं णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं।

(૨૪)... આનંદમાં સુસ્થિત અચળ જેની જ્યોત છેએવો આ આત્મા સદા ઉદયમાન હો.

(૨૫) उत्कृष्टानंतसारं परमसुखमत: तस्य सिद्धस्य जातम्। (શ્રી સિદ્ધભક્તિ)

(૨૬) ભવાવર્ત્તમાં પૂર્વે કદી નહિ ભાવેલી ભાવના હવે ભાવો.

(૨૭) ત્રણેકાળના જગદુદ્ધારક તીર્થંકરભગવંતોને પરમોત્કૃષ્ટ ભક્તિથી નમસ્કાર.

(૨૮) પાત્ર થવા સેવો સદા બ બ્રહ્મચર્ય મતિમાન.

(૨૯)... તત્કાળ બંને મુનિઓને કેવળજ્ઞાન થાય છે; આનંદિત રામ–લક્ષ્મણ–સીતા, બંને કેવળીભગવંતોની પૂજા કરી દિવ્યધ્વનિનું શ્રવણ કરે છે...

(૩૦) સાતે મુનિવરો સગા ભાઈ છે, સાથે જ દીક્ષિત થયેલા છે અને શ્રુતકેવળી છે.

(૩૧) दंसणमूलो धम्मो (૩૨)... ઉદાહરણ તરીકે આઠ આચાર્યાદિક બતાવેલ છે.

(૩૩) વિચારદશાનું મુખ્યસાધન સત્પુરુષનાં વચનોનું યથાર્થ ગ્રહણ છે.

(૩૪) નિજજ્ઞાનની કળાના બળથી આ પદને અભ્યાસવાને જગત સતત પ્રયત્ન કરો.

(૩૫) દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ.

(૩૬) એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે.

(૩૭) "... તે મુનિઓ ત્રણવાર કેમ આવ્યા? વળી મને તેમના પ્રત્યે પુત્રના જેવો પ્રેમ કેમ ઉભરાગ છે?"

(૩૮) શ્રી કુંદકુંદાચાર્યદેવે ભાવપ્રાભૃતમાં કહ્યું છે કે શિવકુમાર નામના ભાવશ્રમણ કે જે યુવતીજન વેષ્ટિત હોવા છતાં વિશુદ્ધમતિ અને ધીર હતા તે સંસારથી મુક્ત થયા.

(૩૯) વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.

(૪૦) સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા.

(૪૧) સીમંધર ભગવાનના સમવસરણમાં.. ચક્રવર્તી આશ્ચર્યથી પૂછે છે.

(૪૨) वंदित्तु सष्वसिध्धे धुमवचलमणो-वमंमणोवमं गइं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवली भणियं।।

(૪૩) સમયસારથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી.

(૪૪) ગુરુચરણોના સમર્થનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે?

(૪૫) મુનિ ભગવંતોને શ્રી કાનજીસ્વામી અત્યંત ભક્તિભાવે વંદના કરે છે અને તેમનાં રચેલાં ચાર અનુયોગમય આગમોનો અત્યંત અર્પણતાપૂર્વક સ્વાધ્યાય કરે છે.

(૪૬) હે માત...! જિસ સમય સમવસરમેં તું ભગવાન અર્હંતકે મુખસે દિવ્યધ્વનિકે રૂપમેં પ્રકટ હૂઈ થી ઉસ સમય તેરી ધ્વનિ સમુદ્રકે સમાન ધીર તથા ગંભીર થી... ઔર તુઝકો સુનકર સમસ્ત જીવ આશ્ચર્ય કરતે થે.

(૪૭) નિર્વિકલ્પધ્યાનની પ્રસિદ્ધિ માટે તારા ચિત્તને સ્થિર કરવા ચાહતો હો તો હે ભવ્ય! ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં મોહી ન થા, રાગી ન થા, દ્વેષી ન થા.

(૪૮) મિથ્યાત્વ–આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે; સમ્યક્ત્વ–આદિક ભાવરે! ભાવ્યા નથી પૂર્વે જીવે.

(૪૯) देवपूजा गुरोपास्ति: स्वाध्याय: संयमस्तप:।
दानश्चेति गृहस्थानां षट्कर्माणि दिनेदिने।।७।।

(૫૦) રત્નત્રયનાસાધક સન્તો મુજ આંગણીયે આવો...

# શ્રાવણ... માસનાં... સરવણાં

જેમ શ્રાવણ માસની મધુરવર્ષાના સરવણાં સંતપ્ત પૃથ્વીને તૃપ્ત અને શીતલ કરીને નવીન અંકુરા જગાડે છે... તેમ ગુરુદેવની વાણીમાં વરસેલા શ્રાવણ માસના આ મધુર સરવણાં શ્રોતાજનોના સંતપ્તહૃદયમાં શાંતરસનું સીંચન કરીને તેને તૃપ્તિ અને શીતળતા પમાડે છે ને ધાર્મિકભાવનાના નવીન અંકુરા જગાડે છે.

આત્મતત્ત્વની આ ગંભીર વાત છે. આત્મતત્ત્વ શું ચીજ છે અને તેનું શું કાર્ય છે, ને ધર્માત્માનું કેવું કાર્ય હોય–તેની સમજણની ખીલવટ આ કર્તાકર્મઅધિકારમાં આચાર્યદેવે કરી છે.

મિથ્યાત્વ છેદીને ધર્મદ્રષ્ટિ ખીલવવી હોય તેણે, પર મારાં કાર્ય ને હું તેનો કર્તા– એ દ્રષ્ટિ છોડવી, ને જ્ઞાનાનંદસ્વભાવ હું છું–એવી દ્રષ્ટિ કરવી.

પહેલાં પરનો અને રાગનો આશ્રય માનીને દ્રષ્ટિ ત્યાં રોકાઈ ગઈ હતી–તે મહાન અધર્મ હતો, હવે સ્વભાવની દ્રષ્ટિ કરીને, અપૂર્વપુરુષાર્થની જાગૃતિ વડે, રાગ અને પરનો આશ્રય છોડયો ને જ્ઞાન નિજસ્વભાવમાં પરિણમ્યું–તે જ્ઞાનનું અપૂર્વ આચરણ છે; આ ધર્માત્માનું આચરણ છે.

રાજ–પાટ વગેરે છોડીને બહારનો ત્યાગ અનંતવાર કર્યો, આહાર–પાણી પણ અનંતવાર છોડયા, પણ અંતરમાંથી મિથ્યાત્વ કેમ છૂટે તેની કળા જીવ શીખ્યો નથી. શુભરાગ કરીને એમ માન્યું કે હું પરનો છોડનાર ને હું આ રાગનો ગ્રહનાર, –ત્યાં પોતાના સ્વભાવધર્મનો ત્યાગ થઈને મિથ્યાત્વ થાય છે. ભાઈ, તારો ચિદાનંદસ્વભાવ રાગનોય કર્તા નથી, તોપછી પરનું ગ્રહણ–ત્યાગ તેમાં કેમ હોય ?

જેવા મહાવીર પરમાત્મા અહીં બિરાજતા હતા, તેવા સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાન અત્યારે વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરપણે બિરાજી રહ્યા છે, દિવ્યધ્વનિ છૂટે છે, તેમાં જે ઉપદેશ આવ્યો તે ઝીલીને અને જાતે અનુભવીને કુંદકુંદાચાર્યદેવે આ રચના કરી છે. ચૈતન્યસ્વભાવની આ ગંભીર–ઊંડી વાત છે, તે સમજ્યા વગર આરો આવે તેમ નથી. આ સમજે તો અંતરમાં 'અમૃત' એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, ને જન્મ–મરણ ટળીને અમૃતપદ એટલે મોક્ષપદની પ્રાપ્તિ થાય. સાધકધર્માત્માની જ્ઞાનપરિણતિની સાથે જે રાગ વર્તે છે તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી. રાગનું કર્તૃત્વ અમારું નહિ, અમે તો જ્ઞાન છીએ–આવું ધર્મીનું પરિણમન છે.

ભરતચક્રવર્તી છ ખંડના રાજમાં રહેલા છતાં ચિદાનંદતત્ત્વના ભાનસહિત વૈરાગી હતા. અરે! અમે આ રાજના કામ કરનારા નહિ, અમે તો ચૈતન્યનો અનુભવ કરીને આનંદના ખજાના ખોલનારા છીએ. બીજા ભાવોના કર્તા અમે નથી, ને તે અમારું સ્વરૂપ નથી. એ જ રીતે શ્રેણીકરાજા જે અત્યારે નરકના સંયોગમાં છે, –તીર્થંકરપ્રકૃતિ બંધાય છે, –પણ અંદરની પરિણતિમાં ભાન છે કે આ નરકનો સંયોગ, આ તીર્થંકરપ્રકૃતિનો સંયોગ કે તેના કારણરૂપ પરિણામ– તે બધાય મારી ચૈતન્યપરિણતિથી ભિન્ન છે. ચૈતન્યની પરિણતિ તે જ હું છું. –આવી પરિણતિ વગર જ્ઞાનદશા કહેવાય નહિ.

જ્ઞાનપરિણતિ જેને ખીલી છે તે ધર્માત્મા રાગાદિના પરિણામને જાણે છે, પણ તે પરિણામને જ્ઞાનભૂમિમાં દાખલ કરતો નથી, જ્ઞાનભૂમિથી તેને જુદા જ જાણે છે. મિથ્યાત્વની ભૂમિકાવાળા તીવ્ર રાગદ્વેષ કે કષાયો તો ધર્મીને હોતા જ નથી; નરકાદિનું હલકું આયુષ્ય પણ ધર્મની ભૂમિકામાં બંધાતું નથી; તે ઉપરાંત અહીં તો કહે છે કે ધર્મની ભૂમિકામાં દેવાદિનું જે ઊંચું આયુષ્ય બંધાય છે તેનો કર્તા ધર્મીજીવ નથી; શુભ પરિણામનુંય કર્તૃત્વ જ્ઞાનમાં નથી.

અહો, એક તરફ જ્ઞાનભાવ, ને બીજી તરફ બધાય પરભાવ, બંનેની જાત જ જુદી; બંનેની ધારા જ જુદી. સમકિતીને તીર્થંકરપ્રકૃતિ બંધાય–એમ કહેવાય પણ ખરેખર એ તીર્થંકરપ્રકૃતિનું કે તેના કારણરૂપ શુભરાગનું કર્તૃત્વ સમકિતીની પરિણતિમાં નથી. સમકિતીનું પરિણમન તો જ્ઞાનમય જ છે. જ્ઞાનમય પરિણમનમાં વિકારનું કે જડનું કર્તૃત્વ કેમ હોય?

વિકાર તો મેલો છે, ને જ્ઞાન તો પવિત્ર છે; પવિત્ર જ્ઞાનભાવમાં મેલનું કર્તૃત્વ કેમ હોય? જ્ઞાનપરિણતિ તે જ જ્ઞાતાની ચાલ છે. મલિનતા તે જ્ઞાતાની ચાલ નથી. અરે, એકવાર આવું ભેદજ્ઞાન તો કરો! જ્ઞાનનું સ્વરૂપ શું ને વિકારનું વિરૂપ શું–તે બંનેની ભિન્ન ભિન્ન જાત ઓળખીને જ્યાં જ્ઞાનરૂપ પરિણમ્યો ત્યાં બધાય પરભાવનું કર્તૃત્વ છૂટી ગયું. –આનું નામ ધર્મ છે.

પ્રભુ આત્માનો સ્વાદ તો વિજ્ઞાનઘનરૂપ છે, આનંદમય નિજરસથી ભરેલો સ્વાદ તે જ આત્માનો સ્વાદ છે. કષાયનો સ્વાદ આકુળતાથી ભરેલો છે, તે સ્વાદ આત્માનો નથી. જ્યાં ચૈતન્યમાં ડૂબકી મારે ત્યાં નિરાકુળ અચલિત શાંતરસનો સ્વાદ આવે છે. જે સ્વાદ બહિર્દષ્ટિમાં જીવે કદી ચાખ્યો નથી; જે સ્વાદ ચાખતાં અનંત સંસારનો થાક ક્ષણમાત્રમાં ઊતરી જાય છે.

આત્મા... એટલે આનંદથી ભરેલું સરોવર!<br>
આત્મા... એટલે ચૈતન્યપ્રકાશી સૂર્ય!<br>
આત્મા... એટલે વિજ્ઞાનરસનો ભંડાર!<br>
આત્મા... એટલે શાંત ચૈતન્યસ્વાદની સમુદ્ર!

ચૈતન્યતત્ત્વ ઊંડું છે; ઊંડું એટલે શુભાશુભ લાગણીઓથી પાર; તે ચૈતન્યતત્ત્વને સ્પર્શ્યા વિના પરભાવના કર્તૃત્વથી જ જીવ સંસારમાં રખડે છે. સંસારમાંય તે કાંઈ શરીરાદિનાં કામ નથી કરતો.

ભાઈ, તારે પરનાં કાર્યો સાથે તો સંબંધ નથી, ને શુભ–અશુભ ભાવો પણ ખરેખર તારા સ્વભાવ સાથે સંબંધવાળા નથી, –તો તું તેનો કર્તા કેમ થાય છે? જ્ઞાનાનંદસ્વભાવ તરફ વળ તો આનંદરસની સ્ફુરણા થાય.

સાકર વગેરેમાં સ્વાદ હોય, પણ શું આત્મામાં સ્વાદ હોય? તો કહે છે કે હા; વીતરાગી શાંતરસનો અનાકુળ સ્વાદ આત્મામાં છે. શાંત ચૈતન્યરસનો પિંડ આત્મા છે, અનુભવમાં તેનો સ્વાદ આવે છે. –ચૈતન્યનો આવો નિરાકુળ શાંત સ્વાદ જગતના બીજા કોઈ પદાર્થમાં નથી.

શુભાશુભરાગમાં આકુળતાનો કષાયેલો સ્વાદ છે; તેના કર્તૃત્વમાં જે અટકે છે તે ચૈતન્યના આનંદ–

પ્રવાહને ભેદે છે. બહારમાં કદાચ શુભના ઉદયથી અનુકૂળ સંયોગ મળે, પણ તે તરફના હર્ષના વેદનમાં જે અટકે છે તે પોતાના વિજ્ઞાનઘનની આનંદદશાને તોડે છે. અનુકૂળ સામગ્રીમાં કાંઈ એવી તાકાત નથી કે ચૈતન્યના આનંદનો સ્વાદ આપે. પરલક્ષે સુખની કલ્પના કરે તો પોતાના આનંદનો ઘાત કરે છે; તેમજ પ્રતિકૂળ સંયોગમાં દુઃખની કલ્પના કરીને પરિણમે તે પણ પોતાના સ્વાધીન અસંયોગી સુખને ભૂલે છે.

અરે જીવ! પરમાં સુખ–દુઃખની કલ્પના વ્યર્થ છે; તારો આત્મા સ્વયમેવ વિજ્ઞાનઘન એક આનંદસ્વાદથી ભરેલો છે. તારો સ્વભાવ કાંઈ હર્ષ–શોકની ઉત્પત્તિનું સ્થાન નથી. ચૈતન્યધામમાંથી તોઆનંદની ઉત્પત્તિ થાય ને કેવળજ્ઞાન ઊપજે, –એવું તારું સ્વક્ષેત્ર છે. સ્વસન્મુખ આનંદપરિણતિમાં વર્તતો જ્ઞાની હર્ષશોકનો ભોકતા થતો નથી, તે તો નિજાનંદના સ્વાદને જ વેદે છે.

પ્રભો, તારા આનંદસ્વભાવની વાત એકવાર રુચિમાં ને જ્ઞાનમાં તો લે. નિજસ્વભાવ તરફ વળતાં એકરૂપ આનંદનો અનુભવ થાય–એવો સ્વભાવ છે. અરે, તારા સ્વાદની તને ખબર નહિ, ને પરભાવના આકુળસ્વાદને તું તારો માનીને વેદી રહ્યો છે! તેમાં તો તારો આનંદરસ લૂંટાઈ જાય છે. સ્વભાવ તરફ જો તો તેમાં પરમ શાંતિનો સ્વાદ ભર્યો છે.

જુઓ, આ ચૈતન્યની પરમશાંતિની વાત!

**વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસમૂળ,**
**ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.**

અરે, વીતરાગનાં વચન તો સ્વભાવ અને પરભાવની વહેંચણી કરાવીને, જીવને અંતરસ્વભાવમાં લઈ જાય છે... જેનાથી ભવરોગનો નાશ થાય–એવી સ્વસન્મુખતા વીતરાગનાં વચન બતાવે છે. પણ પુરુષાર્થહીન કાયર જીવો શુભરાગમાં અટકી રહ્યા છે.

ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે અરે આત્મા! પરની ક્રિયામાં તું ક્યાં અટક્યો? એ કાર્ય તારાં નથી. અજ્ઞાની પણ પરની ક્રિયા કરી શકતો નથી. તું તો જ્ઞાન છો; તારા જ્ઞાનભાવમાં પરભાવનુંય કર્તવ્ય નથી. જેમ સૂર્યના તેજમાં પરભાવ નથી. રાગથી જુદો પડીને તારા જ્ઞાનસ્વભાવમાં આવ, તો તને તારા જ્ઞાનનો સ્વાદ અનુભવમાં આવે.

હે જીવ! આત્મભાનમાં તું તારા નિર્મળ પરિણામને કર, અને અજ્ઞાનભાવમાં તું રાગ–દ્વેષ–હર્ષ–શોકના પરિણામ કર; પણ બહારમાં કોઈ જીવને બચાવવો કે મારવો તે ક્રિયા તારા આત્માથી બહાર છે. પરની ક્રિયા આત્મામાં નથી. વીતરાગના જેને ઉપાસક થવું હોય, દાસ થવું હોય–તેની આ વાત છે.

સમન્તભદ્રસ્વામી સ્વયંભૂસ્તોત્રમાં કહે છે કે હે નાથ! હે સર્વજ્ઞ પરમાત્મા! આપના ગુણગાન કરવા માટે હું તો આપનો ચારણ છું, હું તો આપનો ચાકર ને દાસ છું. આપની સર્વજ્ઞતા વગેરે ગુણો પ્રત્યેની પરમ ભક્તિને લીધે ચારણની જેમ હું આપનાં ગુણગાન કરું છું. જુઓ, આ આત્મગુણોનું બહુમાન!

આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, સંસારની વાત તે બહું સાંભળી, એકવાર હવે અમારી વાત સાંભળ! તારા ચૈતન્યમાં ભરેલા આનંદના નિધાન અમે તને દેખાડીએ છીએ તે સાંભળ. લક્ષ્મી મળવાની વાત કેવી હોંશથી સાંભળે છે! –તો આ ચૈતન્યલક્ષ્મીના નિધાન તારાઅંતરમાં છે–તેની વાત સાંભળવામાં ઉત્સાહ કર.

આત્માનો સ્વાદ અચલિત વિજ્ઞાનઘન છે. જેમ લીંડીપીપરમાં તીખો સ્વાદ છે સાકરમાં મીઠો સ્વાદ છે, મીઠામાં ખારો સ્વાદ છે, તેમ ચૈતન્યમાં શાંતરસ–વિજ્ઞાનરસ ભર્યો છે, જેનો સ્વાદ આનંદમય છે.

આનંદનો સ્વાદ શુભરાગમાંય નથી. અતીન્દ્રિય આનંદરસનો સ્વાદ નિજસ્વભાવના અવલોકનથી આવે છે. આત્મામાં એકરૂપ આનંદરસની ધારાનો પ્રવાહ

વહે છે, –તેનો જ ધર્મી 'ભાવક' છે. ધર્મીજીવ ભાવક થઈને પોતાના નિજાનંદને જ પોતાનું 'ભાવ્ય' બનાવે છે, વિકારને તે પોતાનું ભાવ્ય બનાવતો નથી, તેને તો જ્ઞેયપણે ભિન્ન રાખે છે.

અજ્ઞાની જીવ નિજાનંદરસની ભાવનાને ભૂલીને, વિકારનો જ ભાવક થાય છે ને હર્ષ–શોક વગેરે વિકારને પોતાનું ભાવ્ય બનાવે છે. આવા વિકારી ભાવ્ય ભાવક વડે અજ્ઞાનીએ આ સંસારમાં અનંત અવતાર કર્યા. અનંત ભવથી તે સંસારદુઃખ ભોગવી રહ્યો છે. તેનાથી છૂટવાની આરીત છે.

અરે આત્મા! તારી ચીજ અંતરમાં આનંદસ્વાદથી ભરેલી એકરૂપ છે. શુભ કે અશુભ એ બંને ભાવો તારા એકરૂપ સ્વભાવથી જાુદી જાતના છે. વિરુદ્ધ જાત છે, દુઃખ દેનારા છે. આત્મામાં આનંદ છે, વિકારમાં આકુળતા છે. શુભ કે અશુભ, તેનાથી બંધાતા પુણ્ય કે પાપ, તેના ફળરૂપ હર્ષ કે શોક અથવા અનુકૂળતા કે પ્રતિકૂળતા–એ બધુંય ચિદાનંદમૂર્તિ આત્માથી બહાર છે, તે બધાયની રુચિ છોડીને આનંદકંદ આત્માની રુચિ કરે ત્યારે જ ધર્મ અને આનંદ થાય છે.

વાહ! આત્મામાં ઊતરવા માટે કેવી સરસ વાત છે! એકવાર તો જગતથી જાુદો પડીને અંદરમાં આવ! અંદરમાં ઊતરીને આત્માનો અપૂર્વસ્વાદ એકવાર તો ચાખી જો. અત્યાર સુધી તો પરભાવના સ્વાદમાં તું લૂંટાણો, હવે નિજભાવનો સ્વાદ ચાખીને અપૂર્વ નિધાનને પ્રાપ્ત કર.

પરભાવમાં ને સંયોગમાં જે સુખ માને છે તેને કહે છે કે અરે, પરભાવના ભીખારી! અરે, સંયોગના ભીખારી! તારું સુખ એમાં ક્યાંય નથી; સુખ તો તારા અંતરમાં ભરેલું છે; તું પોતે નિજાનંદનો બાદશાહ છો, અનંતા ચૈતન્યનિધાનનો સ્વામી તું છો... પણ તારા નિધાનને ભૂલીને તું ભીખારીની જેમ બીજા પાસે તારા સુખની ભીખ માંગી રહ્યો છે. તે હવે છોડ, ને એકલો અંદર ઊતરીને નિજનિધિને ભોગવ.

ભાઈ, સંયોગના લક્ષે અત્યારસુધી તેં ફક્ત દુઃખ જ ભોગવ્યા છે... સંયોગો કાંઈ આત્મામાં નથી આવ્યા, ને તે સંયોગો ને કાંઈ આત્માએ નથી ભોગવ્યા... આત્માએ અજ્ઞાનીપણે પોતાના વિકારનું દુઃખ જ ભોગવ્યું છે. જ્ઞાન થતાં આ જીવ વિકારનું વેદન છોડીને સ્વભાવના સુખને અનુભવે છે. હર્ષ અને શોક એ બંનેથી જાુદી આ ત્રીજી ચીજ છે.

અરે ભાઈ, અત્યારસુધી તેં તારા આત્માની સામે ન જોયું; આત્માની શુદ્ધતાને તે જાણી નહિ, આત્માની શુદ્ધતાને તેં શ્રદ્ધામાં ન લીધી, ને આત્માની શુદ્ધતાના સ્વાદને તેં વેદનમાં ન લીધો, તેં વિકારનું જ વેદન કર્યું–તે વેદનમાં તને કદી શાંતિ ન મળી. એકવાર ઉપયોગને અંતરમાં વાળીને, વિકારને જુદો પાડીને, વેદન પલટાવી નાંખ તો તારા અંતર્વેદનમાં આનંદરસની ધારા વરસે.

અરે, તે શું કર્યું ને શું ભોગવ્યું? તેનીયે તને ખબર નથી? તારામાં જે થઈ રહ્યું છે તેની યે ખબર તને ન પડે? –આટલો બધો બેખબરો? ઘરમાં મામા આવીને ચાલ્યા જાય ને ખબર ન રહે–તો બેખબરો કહીને લોકો ઠપકો આપે છે; અહીં સન્તો ઠપકો આપીને સમજાવે છે કે અરે બેખબરા જીવ! તું તારા આનંદઘન આત્માને ભૂલીને વિકારને ભોગવે છે, પરને કાંઈ તું નથી ભોગવતો, –છતાં પરને હું ભોગવું છું એમ માની રહ્યો છે! જેમ મોઢામાં શું ખાય છે તેની પોતાને ખબર ન હોય–તો કવું કહેવાય? –તેમ પોતે જે ભોગવી રહ્યો છે તેની પોતાને ખબર ન હોય–એ તો કેવું અજ્ઞાન! અહીં તો વિકારનાય વેદનથી પાર ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું વેદન કેમ થાય તેની વાત છે. એકવાર એનું વેદન કર તો અપૂર્વ શાંતરસની ધારા આત્મામાં વરસે.

( આવા છે શ્રાવણમાસનાં સરવણાં )

# રત્નત્રયની આરાધના

(મોક્ષપ્રાભૃત ગા. ૪૭ થી ૫૩ ઉપરના પ્રવચનોમાંથી)

આરાધનાના આ દિવસોમાં, આરાધનાનું સ્વરૂપ સમજાવતું અને આરાધના પ્રત્યે તથા આરાધક સંતો પ્રત્યે પરમ બહુમાન જગાડતું આ પ્રવચન સૌને આહ્લાદિત કરશે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના તે જિનમુદ્રા છે, તે વીતરાગી જિનમુદ્રા જ મોક્ષના કારણરૂપ છે ને તે પોતે સિદ્ધિસુખ છે. મોક્ષના કારણરૂપ જે રત્નત્રયસ્વરૂપ જિનમુદ્રા તેને જ મોક્ષસુખ કહ્યું છે. જેમ પ્રવચનસારના પંચરત્નમાં ભાવલિંગી મુનિને જ મોક્ષતત્ત્વ કહ્યું છે, તેમ અહીં રત્નત્રયની આરાધનારૂપ જિનમુદ્રા તે મોક્ષસુખનું કારણ હોવાથી, તેમાંજ કાર્યનો ઉપચાર કરીને તેને જ મોક્ષસુખ કહ્યું છે. જિનમુદ્રા કેવી છે? કે ભગવાને જેવી આરાધી અને કહી તેવી છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના આરાધક, વીતરાગતાના પિંડ મુનિ ચાલ્યા આવતા હોય–એ તો જાણે સાક્ષાત્ મોક્ષતત્ત્વ આવ્યું! અહા, આવી મુનિદશારૂપ જિનમુદ્રા જેને ન રુચે તેને આરાધનાનો જ પેમ નથી. આવી **જિનમુદ્રાધારક મુનિના સાક્ષાત્ દર્શન થતાં મુમુક્ષુજીવનું હૃદય આરાધના પ્રત્યેની ભક્તિથી ઊછળી જાય છે.** અરે, સ્વપ્નમાં પણ જેને આવી મુનિદશા પ્રત્યે અણગમો આવે, કે તેની અરુચિ થાય, તે જીવ ગહન ભવવનમાં ભટકે છે, કેમકે તેને આરાધના પ્રત્યે તિરસ્કાર છે. ધર્મીને તો સ્વપ્નમાં પણ વીતરાગી સંતધર્માત્માનું બહુમાન આવે, સ્વપ્નમાં પણ મુનિ વગેરે ધર્માત્માના દર્શન થતાં ભક્તિથી તેના રોમ રોમ ઉલ્લસી જાય.

સમ્યગ્દર્શન સહિતની ચારિત્રદશા હોય ત્યાં બહારમાં પણ દિગંબર દ્રવ્યલિંગ હોય; આ રીતે અંતરમાં ને બહારમાં વીતરાગ જિનમુદ્રા ધારણ કરનારા સંત મુનિઓ સ્વાધીન આત્મસુખને અનુભવે છે. આચાર્યદેવ પોતે આવા સ્વાધીનસુખને અનુભવે છે. આવી જિનમુદ્રાધારક ધર્માત્મા મુનિઓના દર્શનથી જેને પ્રમોદ અને ભક્તિ નથીઆવતા તે જીવા આરાધનાથી ભ્રષ્ટ વર્તતો થકો સંસારમાં જ રખડે છે. ધર્મી જીવ તો આવા આરાધક મુનિને જોતાં પ્રમોદિત થાય કે વાહ! ધન્ય આપની આરાધના!! ધન્ય આપની ચારિત્રદશા!! ધન્યઆપનો અવતાર!! સાક્ષાત્ મોક્ષનું સાધન આપ કરી રહયા છો. –આમ પ્રમોદથી ધર્મીજીવ રત્નત્રયની આરાધનાની ભાવના પુષ્ટ કરે છે.

રત્નત્રયના આરાધક ભાવલિંગી મુનિઓ આ લોક કે પરલોક બંનેના લોભરહિત નિરપેક્ષવૃત્તિથી અંતરમાં ચિદાનંદ પરમતત્ત્વના ધ્યાનમાં મગ્ન હોય છે, તેઓ વર્તમાનમાં જ મોક્ષસુખમાં મહાલી રહ્યા છે, ને અલ્પકાળે પૂર્ણ મોક્ષસુખને પામશે. જેના અંતરમાં લોભ રહે, આ લોકની સગવડતાની આકાંક્ષા રહે, પ્રતિકૂળતાનો ભય રહે. કે પરલોકસંબંધી આકાંક્ષા રહે તે જીવ પરમાત્મતત્ત્વના ધ્યાનમાં રહી શકતો નથી. અરે, મોક્ષસુખની ઈચ્છા તે પણ લોભ છે, તે પણ દોષ અને આસ્રવ છે, ને તેટલો લોભ પણ મોક્ષસુખને રોકનાર છે. માટે ભાવલિંગી મુનિવરો તો નિર્લોભ થઈને પરમાત્મતત્ત્વને ધ્યાવે છે, તેમાં પરમ આનંદરસનો જ પ્રવાહ વહે છે.

નીચેની ભૂમિકામાં ધર્મીને જરાક રાગ હોય છે, પણ તે રાગનો લોભ નથી, આ રાગ ઠીક છે– એવો લોભ નથી. રાગના ફળમાં ઇન્દ્રપદ મળશે– એવો લોભ નથી. વિદેહક્ષેત્રમાં અવતાર થાય તો સારું–એવો પણ લોભ નથી, નિર્લોભ એવા પરમાત્મતત્ત્વને તેણે જાણ્યું છે. સર્વ પ્રકારના લોભરહિત થઈને પરમાત્મતત્ત્વના ધ્યાનમાં લીનતાથી મોક્ષ થાય છે. મોક્ષપ્રાપ્તિ નો લોભ પણ મોક્ષને અટકાવે છે, તો બીજા લૌકિક પદાર્થના કે રાગના લોભની તો શી વાત? અરે જીવ! આવા વીતરાગભાવરૂપ આરાધના તે મોક્ષનું કારણ છે.

મુનિવારોની મતિ દ્રઢ સમ્યક્ત્વવડે ભાવિત છે, એટલે દર્શનશુદ્ધિની દ્રઢતાપૂર્વક તેમને જ્ઞાનની પણ શુદ્ધતા પ્રગટી છે. આવા સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત દ્રઢચારિત્ર હોય છે, ગમે તેવા પરિષહ આવે તોપણ આત્મધ્યાનથી ડગે નહિ–એવી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની દ્રઢ આધારના વડે આત્માને ધ્યાવતાં ધ્યાવતાં તેઓ મોક્ષપદને સાધે છે, પરમાત્મપદને પામે છે. આવા આરાધક જીવોનું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ ભવ્ય જીવોને આવી આરાધનામાં જોડે છે. આરાધકજીવોનું વર્ણન સાંભળતાં આરાધના પ્રત્યે ઉત્સાહ અને ભક્તિ જાગે છે. આ રત્નત્રયની આરાધના તે સર્વ ઉપદેશના સારભૂત છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવાનું કહ્યું. તેમાં દર્શન અને જ્ઞાન તો આત્માના શ્રદ્ધાજ્ઞાનરૂપ છે, પરંતુ ચારિત્ર કહેતાં બહારની ક્રિયારૂપ ચારિત્ર કોઈ ન સમજે, તે માટે આચાર્યદેવ ચારિત્રનું સ્વરૂપ સ્પષ્ટ દર્શાવતાં કહે છે કે ચારિત્ર તે આત્માનો સ્વધર્મ છે, અને તે આત્માનો સ્વભાવ જ છે; રાગ–રોષરહિત જીવના અનન્ય પરિણામ તે જ ચારિત્રધર્મ છે. તેમાં પરમ સામ્યભાવ છે, ક્યાંય ઇષ્ટ–અનિષ્ટબુદ્ધિ નથી. અહા, બધાય જીવો જ્ઞાનમય સિદ્ધસમાન છે, વસ્તુદ્રષ્ટિએ જીવ અને જિનવરમાં કાંઈ ફેર નથી. જિનવર તે જીવ, ને જીવ તે જિનવર; આવી દ્રષ્ટિ તો ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિને પણ હોય છે, તે ઉપરાંત મુનિઓ તો ધ્યાનમાં એવા લીન થયા છે કે વીતરાગપરિણામરૂપ સ્વધર્મ પ્રગટયો છે. પરિણતિમાં રાગ–દ્વેષ રહ્યા નથી, આનું નામ ચારિત્રધર્મ છે. ચારિત્ર એ કોઈ બહારની વસ્તુ કે બહારની ક્રિયા નથી, એ તો જીવના અનન્ય વીતરાગપરિણામ છે, તેમાં પરમ શાંતિ–નિરાકૂળતા છે. અહા, આવી ચારિત્રદશામાં ઝૂલતા સંત મોક્ષને સાધે છે. પરમાત્મા હો કે પરમાણુ હો, કોઈ વંદન કરતો હોય કે કોઈ નિંદા કરતો હોય–સર્વત્ર સમભાવપૂર્વક આત્મસ્વરૂપમાં એકાગ્રતા રહેવી–તેનું નામ ચારિત્ર છે. જુઓ, આ જીવનો સ્વધર્મ! જેમ જ્ઞાન તે જીવનો સ્વધર્મ છે તેમ આવું ચારિત્ર તે જીવનો સ્વધર્મ છે, તે જીવથી ભિન્ન નથી. જેમ જ્ઞાનદર્શન તે આત્માથી જાુદું નથી. દેહમાં ચારિત્ર નથી, રાગમાં પણ ચારિત્ર નથી. રાગ તો આત્માના સ્વભાવથી જુદા પરિણામ છે, સિદ્ધદશામાં તે રાગ નીકળી જાય છે, પણ ચારિત્ર તો રહે છે, સ્વરૂપમાં સ્થિતિરૂપ તે ચારિત્ર

આત્માનો સ્વાભાવિક ગુણ છે, તે સિદ્ધદશામાં પણ આત્મા સાથે અભેદ રહે છે.

આત્માના સ્વાભાવિક પરિણામ તો વિશુદ્ધ છે, વીતરાગ છે. પણ પરદ્રવ્ય પ્રત્યે રાગ–દ્વેષ–મોહથી તેના પરિણામમાં મલિનતા થાય છે. જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો ઉજ્જવળ–નિર્મળ છે, તેમાં અન્યદ્રવ્યના સંસર્ગથી કાળા–રાતા વગેરે રંગની ઝાંઈ દેખાય છે; તેમ જીવદ્રવ્યમાં સ્વભાવથી રાગ–દ્વેષ–મોહ નથી પણ તેના પરિણામ સ્વરૂપથી ચ્યૂત થઈ પરદ્રવ્ય સાથે સંબંધ કરીને રાગાદિરૂપ થાય છે. તે રાગાદિભાવો ખરેખર તેના સ્વધર્મો નથી. પરિણમન તો તે પોતાની પર્યાયમાં છે પણ તે પરિણામ સ્વભાવ સાથે અનન્યભૂત નથી. માટે તેને સ્વભાવથી અનેરાપણે જાણીને, અને જીવના વિશુદ્ધ ચૈતન્યસ્વભાવને જાણીને તેમાં એકાગ્રતાથી વીતરાગી ચારિત્ર પ્રગટ કરવું અને રાગાદિ દોષ ટાળવા–એવો ઉપદેશ છે.

રત્નત્રયના આરાધક ધર્માત્મા જ્યાંસુધી વીતરાગ ન થયા હોય ને નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર ન હોય ત્યારે, ધ્યાનની પરમ પ્રીતિપૂર્વક તેને ધ્યાન કરનારાઓ પ્રત્યે પણ વિનય–બહુમાન ને વાત્સલ્ય આવે છે. શ્રી અરિહંતદેવ તથા સિદ્ધપરમાત્મા પ્રત્યે અને ગુરુ પ્રત્યે વિનય–બહુમાન અને ભક્તિ આવે છે, ને પોતાના સમાન બીજા સાધર્મી ધર્માત્માઓ પ્રત્યે અનુરાગ અનુમોદના આવે છે. મુનિઓને આવો ભાવ હોય છે એમ કહેતાં તેના પેટામાં સમકિતી શ્રાવક–ગૃહસ્થોની વાત પણ આવી જાય છે. દેવગુરુ પ્રત્યે, સાધર્મી ધર્માત્મા જેને વિનય–ભક્તિ–અનુરાગ ન હોય તેને તો ધર્મની પ્રીતિ જ નથી. ધર્મની જેને રુચિ હોય તેને ધર્મવાનની પણ રુચિ જરૂર હોય. ધર્મવાનની જેને રુચિ–પ્રીતિ નથી તેને ધર્મની જ રુચિ–પ્રીતિ નથી.

અહા, મુનિઓનું અને ધર્માત્માઓનું ધ્યેય તો ચૈતન્યધ્યાનમાં ઠરીને પૂર્ણ વીતરાગ થવાનું છે; પણ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી વીતરાગતાને પામેલા દેવ અને વીતરાગતાના ઉપાસક એવા ગુરુ પ્રત્યે વિનય–ભક્તિ–બહુમાન આવે છે. પોતાને ધ્યાનની રુચિ છે એટલે ધ્યાનવંત ધર્માત્માને દેખાતાં તેમના પ્રત્યે પણ ભક્તિભાવ આવે છે કુંદકુંદઆચાર્ય જેવાને પોતાને પણ આવો દેવ–ગુરુની ભક્તિનો ભાવ અને સાધર્મી પ્રત્યે પ્રમોદ આવે છે. અહા, જેમના નિમિત્તથી આત્મા સમજાયો તેમના પ્રત્યે પરમ ભક્તિ આવે છે. સમ્યગ્દ્રષ્ટિને જ દેવ–ગુરુ પ્રત્યે સાચી ભક્તિ ઉલ્લસે છે, કેમકે તેને જ ખરી ઓળખાણ સહિતની ભક્તિ છે. મિથ્યાદ્રષ્ટિ તો રાગનો કેડાયત છે, રાગના પંથે ચાલનારો છે. તેને વીતરાગ પરમાત્માની ખરી ભક્તિ હોતી નથી. અને ધર્મી તો વીતરાગનો કેડાયત છે એટલે વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ તેને હોય છે. બહારથી કદાચિત અજ્ઞાનીને અને જ્ઞાનીને ભક્તિનું સરખાપણું દેખાય પણ અંતરમાં મોટો આંતરો છે, જ્ઞાનીના અંતરમાં વીતરાગસ્વભાવના સેવનપૂર્વકની ભક્તિ છે, અજ્ઞાનીના અંતરમાં રાગનું જ સેવન છે.

જ્ઞાની શિષ્ય જેનાથી આત્મજ્ઞાન પામ્યો તે ગુરુને કહે કે હે ગુરુ! આપના પ્રતાપે અમે ભવસાગરને તર્યા... અનંત ભવસમુદ્રમાંથી આપે અમને પાર ઊતાર્યા.. આપ મળ્યા ન હોત તો અમે સંસારમાં રખડતા હોત! આપે અમને પરમકૃપા કરીને પાર ઊતાર્યા આપના ચરણના પ્રસાદથી જ અમને રત્નત્રયની આરાધનાની પ્રાપ્તિ થઈ... આપનો મહા ઉપકાર છે. –એ વાત નેમિચન્દ્ર સિદ્ધાંતચક્રવર્તીએ ગોમટ્ટસારમાં કરી છે.

સાધર્મી ધર્માત્મા કે ધર્મનું સેવન કરનારા સરખા સાધર્મી તેના પ્રત્યે જેને પ્રેમ ન આવે, અનુમોદના ન આવે તેને ધર્મની ને ધ્યાનની રુચિ જ નથી. ધર્મની પ્રીતિ હોય તેને સમ્યગ્દર્શનાદિ ધરનાર પ્રત્યે પણ પ્રેમ હોય છે. ધર્મ ધર્મી વગર હોતો નથી.

ધ્યાનનો દંભ કરે ને ધ્યાનવંત સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા પ્રત્યે પ્રેમ–વાત્સલ્ય–ભક્તિ ન આવે તો ધ્યાનની અનુરક્તિ તેને નથી. અરે, દેવ–ગુરુ–ધર્માત્માના અમે દાસાનુદાસ છીએ–એમ જેને વિનય–બહુમાન નથી તેની વૃત્તિ ધર્મમાં નથી, તેની વૃત્તિ બહાર બીજે ક્યાંક ફરે છે એમ સમજવું. જે દેવ–ગુરુની ભક્તિ સહિત છે અને સંયમી–સાધર્મીઓ પ્રત્યે અનુરક્ત છે તે જ સમ્યક્ત્વનો ઉદ્વહક છે એટલે કે સમ્યક્ત્વની આરાધના સહિત છે, અને તે જ ધ્યાનરકત હોય છે. જેને દેવ–ગુરુ પ્રત્યે ભક્તિ કે સાધર્મી પ્રત્યે અનુરક્તિ નથી તેને સમ્યગ્દર્શન કે ધ્યાન હોતું નથી, એનું ધ્યાન તે તો કલ્પના તરંગ છે.

ધ્યાન સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. સમ્યગ્દર્શન સહિત જ્ઞાની અંતર્મુહૂર્તમાત્રમાં જે કર્મો ખપાવશે તે અજ્ઞાની ઉગ્ર તપ વડે પણ ખપાવી શકતો નથી. અજ્ઞાનીના ઉગ્ર તપ કરતાં પણ સમ્યગ્જ્ઞાનનું મહાન સામર્થ્ય છે. જ્ઞાની અંતરમાં ચૈતન્ય ઉપર મીટ માંડીને એક ક્ષણમાં અનંતા કર્મોને ખપાવી નાખશે. અજ્ઞાની ઘોર તપના કષ્ટ સહન કરીને ઘણા ભવોમાં જે કર્મ ખપાવશે, તે કર્મો ચૈતન્યની આરાધના વડે જ્ઞાની–ધર્માત્માના તપ વગર પણ ક્ષણમાત્રમાં ખપાવી નાખશે... આવું સમ્યગ્જ્ઞાનનું પરમ સામર્થ્ય છે. માટે સમ્યગ્દર્શન–જ્ઞાન સહિત ચારિત્રની આરાધનાનો ઉપદેશ છે.

## આ... રા... ધ... ના...

* રત્નત્રયની આરાધનામાં સ્વદ્રવ્યનું જ સેવન છે, પરદ્રવ્યનું સેવન નથી. આવા રત્નત્રયને જે જીવ આરાધે છે તે આરાધક છે. અને એવા આરાધક જીવ રત્નત્રયની આરાધનાવડે કેવળજ્ઞાન પામે છે, એ વાત જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે. રત્નત્રયની આરાધના પરના પરિહારપૂર્વક આત્માના ધ્યાનથી થાય છે.

* સમ્યગ્દર્શનથી જે શુદ્ધ છે તે શુદ્ધ છે.

સમ્યગ્દર્શનનો આરાધકજીવ અલ્પકાળે સિદ્ધિ પામે છે.

સમ્યગ્દર્શન વગરનો જીવ ઇષ્ટ સિદ્ધિને પામતો નથી.

આ રીતે મોક્ષની સિદ્ધિ માટે સમ્યગ્દર્શનની આરાધના પ્રધાન છે.

*જિનવર ભગવાને ગણધરાદિ શિષ્ય જનોને ઉપદેશમાં એમ કહ્યું છે કે હે ભવ્ય જીવો! ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર કોઈ ધર્મ હોતો નથી. જગતમાં પ્રસિદ્ધ છે કે જે વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તેની પ્રીતિ–રુચિ–ઓળખાણ કરે છે, તેમ મોક્ષની પ્રાપ્તિ માટે પહેલાં તેની પ્રતીતિ–રુચિ–ઓળખાણ કરવી જોઈએ. મોક્ષ કહો કે શુદ્ધઆત્મા કહો, તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

* સમ્યગ્દર્શન પ્રયત્ન માટે અંતરમાં રાત–દિન એક જ ધોલન અને મંથન કરી કરીને અંદર સ્વરૂપનો નિર્ણય કરે; પોતાનું કાર્ય સાધવા માટે પરમ ઉત્સાહથી, ગાઢ રંગથી દિનરાત તે માટે મંથન કરીને નિર્ણય કરે. નિર્ણયનું જોર દ્રષ્ટિને અંતર્મુખ કરે છે.

* હે જીવ! સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની આરાધના પણ થઈ શકે તો તો તે ઉત્તમ જ છે, તે તો સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને જો એવું ચારિત્ર આરાધવાની તારી શક્તિ અત્યારે ન હોય તો, યથાર્થ માર્ગની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનની આરાધના તો તું અવશ્ય કરજે.

# જૈનધર્મના ઉપદેશક કેવા હોય ?

## હિતને માટે કોનો ઉપદેશ સાંભળવો ?

જૈનધર્મના વક્તા પ્રથમ તો જૈનમાર્ગની શ્રદ્ધામાં દ્રઢ હોય. જેને જૈનમાર્ગનો નિર્ણય જ ન હોય, જેને શ્રદ્ધા જ ન હોય તે જૈનમાર્ગનું રહસ્ય પ્રકાશી શકે નહિ. અહો, વીતરાગી પ્રયોજનવાળો જૈનધર્મ, તેના વક્ત મોક્ષમાર્ગની રુચિવંત હોય, નવતત્ત્વ વગેરે જેમ સર્વજ્ઞે કહ્યાં છે તેમ બરાબર શ્રદ્ધાવાળા હોય; જેને સર્વજ્ઞનો નિર્ણય ન હોય, સર્વજ્ઞે કહેલાં તત્ત્વોની શ્રદ્ધા ન હોય–તે જીવ જૈનધર્મના રહસ્યનો વક્તા હોય નહિ. વીતરાગતા સિવાય બીજું તાત્પર્ય કે બીજું પ્રયોજન જેના અંતરમાં હોય તે વીતરાગી જૈનધર્મનો યથાર્થ ઉપદેશ આપી શકે નહિ. રાગથી લાભ માનતો હોય–તો તે જીવ વીતરાગી જૈનધર્મનો ઉપદેશ ક્યાંથી આપી શકે ?

અહા, સર્વજ્ઞ ભગવાનના વીતરાગમાર્ગના વક્તા પણ કેવા હોય, –તેની ઘણાને ખબર નથી, ને ગમે તેવા વક્તા પાસેથી એમને એમ સાંભળી લ્યે છે. જૈનધર્મના વક્તા પ્રથમ તો જૈનમાર્ગની શ્રદ્ધામાં દ્રઢ હોય; વળી વિદ્યાભ્યાસ વડે જેને શાસ્ત્રના અર્થ ઉકેલવાની બુદ્ધિ પ્રગટી હોય; વળી શાસ્ત્રમાં–નિશ્ચય–વ્યવહાર વગેરેની વ્યાખ્યા છે તેના અભિપ્રાયને સમ્યગ્જ્ઞાન વડે જાણતો હોય; વ્યવહારકથનને જ યથાર્થ માનીને તેના આશ્રયે લાભ મનાવે–તો તે શાસ્ત્રના નયાર્થને (નયના અભિપ્રાયને) જાણતો નથી. શાસ્ત્રમાં અમુક પ્રયોજન માટે વ્યવહારથી કહ્યું હોય ત્યાં બીજું જ પ્રયોજન માની લ્યે, રાગ ઘટાડવાનો ક્યાંક ઉપદેશ હોય ત્યાં તે મંદરાગને જ મોક્ષમાર્ગરૂપ ધર્મ માની લ્યે–તો તેમાં વિપરીતપ્રવૃત્તિનું પોષણ થઈ જાય છે. માટે સમ્યગ્જ્ઞાનવડે સર્વ પ્રકારના વ્યવહાર, નિશ્ચય, ઉપાદાન, નિમિત્ત વગેરેને બરાબર જાણતો હોય તે જ જૈનધર્મનો વક્તા હોઈ શકે. વળી તેને જિનઆજ્ઞાના ભંગનો ઘણો ભવ હોય. ભગવાનના માર્ગમાં જે આશય છે તેનાથી જરાય વિરુદ્ધ–અન્યથા કે હીનાધિક ન કહેવાઈ જાય–તેનો જેને ભય હોય. પોતાની સ્વચ્છંદ કલ્પનાથી ઉપદેશ ન આપે પણ ભગવાનના માર્ગની આજ્ઞાઅનુસાર ઉપદેશ આપે. જિનમાર્ગની આમ્નાય વગર સ્વછંદે ગમે તેમ ઉપદેશ આપે તો આગમવિરુદ્ધ ઉપદેશ અપાઈ જાય–તેમાં મોટો દોષ આવે. વીતરાગી તાત્પર્યનું જેમાં પોષણ હોય તેવાં જ શાસ્ત્રો વાંચવા–સાંભળવા–લખવા–યોગ્ય છે, પણ જેમાં વીતરાગી તાત્પર્યનું પોષણ ન હોય ને વિષય–કષાયનું પોષણ હોય –તેવાં શાસ્ત્ર હિતબુદ્ધિથી વાંચવા–સાંભળવા–લખવા યોગ્ય નથી.

જે પુરુષ ભલે ક્ષમાવંત લાગતો હોય, સ્થૂળપણે નિર્માની અને સરળ દેખાતો હોય, ઘણી વિદ્યા–વ્યાકરણ, ન્યાય, સંસ્કૃત વગેરે જાણતો હોય, વકતૃત્વકળાથી હજારોની સભાને ડોલાવતો હોય, –પણ જો તે ઉત્સૂત્રભાસી હોય, જિનમાર્ગથી વિપરીત માર્ગને ઉપદેશતો હોય–તો તે છોડવા

યોગ્ય જ છે, –કેમકે ઊંધી શ્રદ્ધરૂપ ઝેર સહિત છે. જેમ ઉત્કૃષ્ટ મણિ સહિત સર્પ છે તે લોકમાં વિઘ્ન કરનાર જ છે, તેમ વિપરીત તત્ત્વની પ્રરૂપણા કરનારો વક્તા પણ અહિત કરનારો જ છે. ઊંધી શ્રદ્ધા સહિતનું જાણપણું કે વ્યવહાર આચરણ–તે કિંચિત્ હિતકારી નથી. ઊંધા માર્ગનું પોષણ કરવા જેવું મહાપાપ બીજાું કોઈ નથી.

વળી વક્તા નિસ્પૃહ હોય, તેને ઉપદેશદ્વારા લૌકિક કાર્ય સાધવાની ઈચ્છા ન હોય; માનનો કામી ન હોય, અભિનંદનપત્ર લેવાનો કામી ન હોય, તેમજ ફંડફાળા કરાવવાનો ઈચ્છુક ન હોય, લોભી વક્તા લોભવશ થઈને યથાર્થતત્ત્વનો ઉપદેશ આપી શકે નહિ; માનનો અર્થી જીવ માન ખાતર સભાને રીઝવવા માટે વીપરીતતત્ત્વનો ઉપદેશ આપી દે; જેને શ્રોતા પાસેથી કાંઈ લેવાની આશા હોય–તે તો શ્રોતાને આધીન થઈ જાય, ને પોતાનું માન–લોભ વગેરે પ્રયોજન સાધવા તત્ત્વથી વિપરીત પ્રરૂપણા પણ કરી નાંખે. માટે વક્તા નિસ્પૃહ હોય. તેમજ તે તીવ્ર ક્રોધી કે માની ન હોય. જો ક્રોધી–માની હોય તો તો લોકમાં જૈનધર્મની નિંદા થાય કે જુઓ, આ જૈનધર્મના ઉપદેશક! અને શ્રોતાઓ પણ એવા ઉપદેશકથી ભયભીત રહ્યા કરે.

વળી વક્તા એવા હોય કે પોતાની મેળે નવા નવા પ્રશ્ન ઉપજાવી તેનું સમાધાન કરીને શ્રોતાઓને સમજાવે, મિષ્ટવચનદ્વારા શ્રોતાનો સંદેહ દૂર કરે. વળી જે સંદેહનું સમાધાન પોતાનાથી ન બની શકે તો સરળતાથી કહે કે મને એ વાતનું જ્ઞાન નથી માટે વિશેષજ્ઞાનીને પૂછીને હું જણાવીશ. પણ પોતાનું અજાણપણું છુપાવવા ગમે તેમ જવાબ ન આપી દે. પોતાને ન આવડે તો કહે કે વિશેષજ્ઞાની પાસેથી સમાધાન મેળવીને કહીશ; અથવા તો યોગ્ય અવસરે તમને વિશેષજ્ઞાની મળે તો તેને પૂછીને સંદેહ દૂર કરશો ને મને પણ તે જણાવશો. અભિમાનપૂર્વક ગમે તેમ વિપરીત પ્રરૂપણા કરી નાંખે તો તો શ્રોતાનું અહિત થાય ને વળી જૈનધર્મની પણ નિંદા થાય; સંદેહ પણ દૂર ન થાય. વક્તા ગમે તેવો ઉપદેશ આપી દે ને શાસ્ત્રાનુસાર યોગ્ય સમાધાન ન કરે તો જૈનધર્મની પ્રભાવના પણ કેમ થાય? વળી જૈનધર્મના ઉપદેશકમાં લોકનિંદ્ય કાર્યોની પ્રવૃત્તિ ન હોય; લોકોમાં જે કાર્યની નિંદા થાય, રાજ તરફથી દંડ થાય–એવી પ્રવૃત્તિ કરે ને ધર્મનો ઉપદેશ આપવા બેસે–તો તો ધર્મની નિંદા જ થાય; ને તેના વચનને માને પણ કોણ? લોકો હાસ્ય મશ્કરી કરે કે જુઓ આ જૈનધર્મના ઉપદેશક? માટે જૈનધર્મના ઉપદેશકની પ્રવૃત્તિ પણ લોકમાં શોભે તેવી હોય, બધા પડખેથી સરખું હોય. વળી હીનકુળવાળો ન હોય, અંગહીન ન હોય, સ્વરભંગવાળો ન હોય, મિષ્ટવચની અને પ્રભુતાયુક્ત હોય, ને લોકોમાં જે માન્ય હોય, એવા ધર્માત્માઓ જ જૈનધર્મના વક્તા હોઈ શકે. જે બુદ્ધિમાન હોય, શાસ્ત્રનું રહસ્ય જાણતો હોય, લોકની મર્યાદાનો જેને વિવેક હોય, આશા જેની અસ્ત થઈ ગઈ હોય, –લૌકિક પ્રયોજનની અપેક્ષાવાળો ન હોય, પુણ્યવંત હોય, પરિણામમાં ઉપશમવંત હોય, પ્રશ્ન થતા પહેલાં જ તેના ઉત્તરને જાણતો હોય, પ્રશ્નોની ઝડી વરસે તો પણ સહન કરીને તેનું સમાધાન કરી શકે એવો હોય, પ્રશ્ન આવે ત્યાં ગભરાઈ જાય તો તે નિઃશંક પ્રતિપાદન કરી શકે નહિ; વળી પ્રભુતાયુક્ત હોય, તેમજ પોતાની કે પરની નિંદાથી રહિત હોય, લોકમાં જેની નિંદા થતી હોય તેને વક્તાપણું શોભે નહિ, તેમજ વક્તા થઈને બીજાની નિંદા કર્યા કરે તોપણ વક્તાપણું શોભે નહિ; જ્ઞાન–વૈરાગ્ય વિનય વગેરે અનેક ગુણોથી સંયુક્ત હોય, જેનાં વચન મધુર અને સ્પષ્ટ હોય, – એવા ધર્માત્મા સભામાં ધર્મકથા એટલે કે અધ્યાત્મરસમય જૈનધર્મનો ઉપદેશ કરે.

વળી તે વક્તા જો ન્યાય–વ્યાકરણ વગેરે મોટા મોટા જૈનશાસ્ત્રોના વિશેષજ્ઞાન સહિત હોય તો વિશેષ શોભે; **જેને અધ્યાત્મરસદ્વારા પોતાના સ્વરૂપનું યથાર્થ અનુભવ ન થયું ન હોય તે પુરુષ જૈનધર્મના મર્મને જાણતો નથી. જૈનધર્મનું જે આધ્યાત્મિક રહસ્ય છે તેની તેને ખબર નથી,** એટલે તે તો માત્ર પદ્ધતિદ્વારા જ વક્તા થાય છે; પણ જૈનધર્મ તો અધ્યાત્મરસમય છે તેનું રહસ્ય અનુભવ વગર કઈ રીતે પ્રગટ કરી શકે? **માટે આત્મજ્ઞાની હોય તેને જ સાચું વકતાપણું હોય છે.** –આ મૂળ વાત છે. દેશનાલબ્ધિ જ્ઞાનીના ઉપદેશથી જ થાય છે. અજ્ઞાનીના ઉપદેશથી દેશનાલબ્ધિ થતી નથી. જેને આત્માનું ભાન નથી, મોક્ષમાર્ગની જેને ખબર નથી, મોક્ષમાર્ગ જેણે પોતે દેખ્યો નથી, તે બીજા જીવોને મોક્ષમાર્ગ ક્યાંથી દેખાડી શકે? માટે અજ્ઞાની જીવ જૈનધર્મનો સાચો વક્તા હોઈ શકે નહિ. આત્મજ્ઞાન સહિત જ વક્તાપણું હોય.

જુઓ, જૈનધર્મ કેવો છે? કે અધ્યાત્મરસમય છે; પુણ્ય થાય તે કાંઈ જૈનધર્મનું રહસ્ય નથી; પુણ્યપરિણામ તો અન્યધર્મીને પણ હોય છે. જૈનધર્મમાં અધ્યાત્મરસનું–આત્માના સ્વભાવનું જેવું વર્ણન છે તેવું બીજે ક્યાંય નથી. અધ્યાત્મરસ એટલે કે આત્માના સ્વભાવની સન્મુખ થઈને ચૈતન્યના પરમ શાંતરસનું વેદન થાય–તે જૈનધર્મનું રહસ્ય છે. આવા રહસ્યને આત્મજ્ઞાની જ જાણે છે, અને તે જ જૈનધર્મના વક્તા હોઈ શકે છે. આત્મજ્ઞાન વગર ભલે ઘણા શાસ્ત્રો જાણે, વિદ્વત્તાથી બોલતા આવડે ને કાંઈક પુણ્યવંત પણ હોય, પણ તેને સાચું વક્તાપણું હોતું નથી, તે મૂળવસ્તુ છોડીને ફોતરા ખાંડે છે. દોહાપાહુડમાં કહ્યું છે કેઃ–

पंडिय पंडिय पंडिय! कण छोडि वितुसं खंडिया।
पय अत्थंतुट्ठोसि परमत्थ ण जाणइ मूढोसि।।

હે પંડિત! પંડિતોમાં પણ પંડિત એટલે કે ઘણા શાસ્ત્રોનો જાણનાર પંડિત, જો તું શુદ્ધાત્માને નથી જાણતો, અધ્યાત્મરસને નથી અનુભવતો, તો તેં કણને છોડીને માત્ર ફોતરાંને જ ખાંડયા છે. એકલા શબ્દોના અર્થમાં જ તું સંતુષ્ટ છે પણ અંતરંગમાં પરમાર્થને નથી જાણતો, પરમ ચૈતન્ય પદાર્થને અનુભવતો નથી, તો તું ખરેખર પંડિત નથી પણ મૂઢ છે. અધ્યાત્મવિદ્યા વિના તારી બધી વિદ્યા થોથેથોથાં છે. ચૌદવિદ્યામાં પણ અધ્યાત્મવિદ્યાને જ પ્રધાન કહી છે. જેણે આત્મા જાણ્યો તેણે સર્વ શાસ્ત્રોનું રહસ્ય જાણ્યું. અને ભલે ૧૧ અંગ જાણતો હોય પણ જો આત્માને ન જાણ્યો–તો તે અજ્ઞાની જ છે. અને જેણે આત્માને જાણ્યો તેને માટે કોઈ શાસ્ત્રભણતરની ટેક નથી કે આટલા શાસ્ત્ર ભણવા જ જોઈએ. શાસ્ત્રનાં ભણતર વગર પણ સર્વ વિદ્યામાં ઉત્કૃષ્ટ એવી અધ્યાત્મવિદ્યા તે ભણી ગયો છે. આવા અધ્યાત્મરસના રસિક વકતા હોય તે જ જૈનધર્મના રહસ્યના વક્તા જાણવા. જુઓ, અત્યારે તો જૈનધર્મના નામે જેને જેમ ફાવે તેમ ઉપદેશક થઈ બેઠા છે, પણ તેવા વક્તા પાસે જૈનધર્મનું સાચું રહસ્ય હોય નહિ. પરીક્ષા કરીને વક્તાને ઓળખાણ જોઈએ. પાટ ઉપર બેસીને કે વેશ પહેરીને ગપ્પાં મારે ને હાજીહા કર્યા કરે–તો તે શ્રોતા સત્–અસત્નો વિવેક કરી શકે નહિ. શ્રોતાએ પણ સત્–અસત્નો વિવેક કરવો જોઈએ

કેવળી ભગવાન તો આ જગતમાં સર્વાત્કૃષ્ટ વકતા છે. વળી ગણધર ભગવંતો વગેરે બુદ્ધિ

ઋદ્ધિના ધારક તથા અવધિ-મનઃપર્યય જ્ઞાનના ધારક તે પણ મહા વક્તા છે. આવા વિશેષ ગુણધારી મહાન વક્તા મળી આવે તો તો ઘણું ઉત્તમ છે; પણ એવા વકતા ન હોય તો સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક **જ્ઞાનીધર્માત્મા-શ્રાવકના મુખેથી શાસ્ત્રશ્રવણ કરવું યોગ્ય છે. પરંતુ માત્ર પદ્ધત્તિ અનુસાર કે શાસ્ત્ર સાંભળવાના લોભથી સમ્યગ્દર્શનાદિ રહિત પાપી પુરુષોના મુખથી શાસ્ત્ર સાંભળવું ઉચિત નથી.** હજી પોતાને આત્માનું ભાન ન હોય ને ઉપદેશક થઈને બેસી જાય-તેની પ્રરૂપણામાં ક્યાંકને ક્યાંય ભૂલ હોય જ; કાંતો તેને વાંચનનો રસ ચડી જાય. અહીં તો બેધડક કહે છે કે શ્રદ્ધારહિત પાપી પુરુષોના મુખથી શાસ્ત્ર સાંભળવા નહિ. **જેણે આત્માનો સ્વાનુભવ કર્યો છે એવા જ્ઞાનીધર્માત્મા પાસેથી જ મહા વિનય અને ભક્તિપૂર્વક ઉપદેશ સાંભળવો.**

જે ભગવાનના માર્ગમાં સાવધાન હોય, એટલે કે જિનની આજ્ઞામાં સાવધાન હોય, તે જીવોએ નિર્ગ્રંથ ગુરુઓની નીકટમાં, અથવા તો તે ગુરુએ કહેલા ઉપદેશનું પ્રતિપાદન કરનારા શ્રદ્ધાળુ-ધર્માત્મા શ્રાવકના મુખથી જ, ધર્મશ્રવણ કરવા યોગ્ય છે. જુઓ, કુગુરુ-અજ્ઞાનીઓનો ઉપદેશ સાંભળવામાં જે તત્પર છે તે જિનાજ્ઞામાં સાવધાન નથી, તેને પોતાના હિતની દરકાર નથી. ભાઈ, તને તારા હિતની દરકાર હોય તો આત્મજ્ઞાની ધર્માત્માના ઉપદેશનું જ શ્રવણ કરવું યોગ્ય છે; કેમકે ધર્મબુદ્ધિવાળા જ્ઞાની ઉપદેશદાતા હોય તે જ પોતાનું ને પરનું ભલું કરે છે. પણ જે કષાયબુદ્ધિ વડે ઉપદેશ આપે છે તે તો પોતાનું તેમજ પરનું બુરું કરે છે. આ રીતે વકતાનું સ્વરૂપ કહ્યું. તે ઓળખીને સાચા અને ખોટા વક્તાનો વિવેક કર્તવ્ય છે. યથાર્થ જ્ઞાની-ધર્માત્માને ઓળખીને પોતાના હિતને માટે પરમભક્તિ અને વિનય-બહુમાનથી તેમનો ઉપદેશ સાંભળવો યોગ્ય છે.

卐

## શ્રોતાની લગની

શ્રોતાને એવી લગની લાગી છે કે ગુરુવાસમાં જ વસે છે. ગુરુના હૃદયનું હાર્દ નિરંતર હૃદયમાં વસે છે, એટલે જાણે નિરંતર ગુરુ તેને સમજાવી જ રહ્યા છે. જ્યાં જ્ઞાની-સંતો-ધર્માત્મા બિરાજે છે ત્યાં તેનો અવતાર થયો છે. બીજે જન્મ્યો હોય તો ત્યાંથી ધર્માત્મા-સંતોની પાસે આવીને સાંભળે છે. ચૈતન્યનો અત્યંત રસિયો થયો છે; 'અહો! આ વાત જ જુદી! આ ધર્માત્માના ભાવ જ જુદા!' આવો શિષ્ય સર્વ પ્રકારના ઉદ્યમથી કોઈપણ પ્રકારે શુદ્ધાત્માનું સ્વરૂપ જરૂર સમજી જાય છે. એને શુદ્ધાત્માનો જે અનુભવ થયો તે અનુભવનું સુખ બીજા-અનુભવ વગરના-જાણી શકે નહીં

( સમય. ગા. ૩૮ના પ્રવચનમાંથી )

# સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા

પરમાણુ કે પરમાત્મા, અજ્ઞાની સૌ પોતપોતાના નિજભાવમાં પોતાના સ્વભાવથી અનાદિ અનંત વર્તી રહ્યા છે. અરે જીવ! જગતથી ભિન્ન તારા સ્વભાવને એકવાર લક્ષમાં તો લે. તો તારી પરિણતિ અંતરમાં વાળતાં તને તારા પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થશે. જુઓ, આ સમ્યગ્દર્શનની રીત! ઓહો, અંતરના વસ્તુસ્વભાવને જ્યાં સમ્યગ્દર્શન વડે પ્રતીતમાં લીધો ત્યાં અપૂર્વ ધર્મ શરૂ થયો. આજે આઠ કુમારી બહેનો બ્રહ્મચર્ય અંગીકાર કરે છે તે પ્રસંગે આ ઉત્તમ ગાથા આવી છે.

[ભાદરવા સુદ એકમના રોજ આઠ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી તે પ્રસંગ સમયસાર ગા. ૧૦૩ ઉપર સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા કરીને સ્વસન્મુખ થવા પ્રેરતું પૂ. ગુરુદેવનું પ્રવચન]

આ સમયસારશાસ્ત્ર વંચાય છે, તેમાં આ ૧૦૩મી ગાથા ઘણી ઊંચી છે. આ દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ અંતરમાં છે, તે ચૈતન્યશક્તિમાં સર્વજ્ઞપદ ને પૂર્ણાનંદ સ્વભાવ ભર્યો છે. તેનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું–તે પ્રથમ ધર્મ છે; ને પછી તેના અનુભવમાં લીન થતાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ ખીલી જાય તેનું નામ અરિહંતપદ છે. આવી ઓળખાણ સહિત 'નમો અરિહંતાણ' કરે તો સાચા નમસ્કાર કહેવાય.

અનાદિથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. જેવા ભગવાન અર્હંત પરમાત્મા છે તેવું પોતાનું સ્વરૂપ છે. ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે અરે આત્માઓ! તમારો સ્વભાવ અમારા જેવો જ છે, ને જે મોહ–રાગાદિ ભાવો છે તે આત્માના 'અરિ' એટલે દુશ્મન છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર વડે તે અરિનો નાશ કરીને આત્મા અરિહંત થાય છે, આવા અરિહંત પરમાત્મા અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે... સમવસરણમાં ગણધરાદિ સંતોના ટોળા બિરાજે છે ને દિવ્યધ્વનિના ધોધ છૂટે છે. તેમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે આ સમયસારાદિ શાસ્ત્રો રચ્યાં છે. તેમાં કહે છે કે –આત્મા અને પુદ્ગલ ભિન્નભિન્ન છે; બંનેના ભાવો ભિન્ન છે; કોઈના ભાવને બીજો કરી શકતો નથી. કેમકે–

જે દ્રવ્ય જે ગુણ–દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણુસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? (૧૦૩)

જુઓ, આ વસ્તુસ્વભાવની મહાન ગાથા છે. કુંદકુંદાચાર્યદેવ આ ભરતક્ષેત્રમાં બે હજાર વર્ષ પહેલાં સાક્ષાત્ બિરાજતા હતા. એકવાર તેમને સાક્ષાત્ તીર્થંકરના વિરહનું વેદન થયું કે અરે, આ કાળે સાક્ષાત્ તીર્થંકર પરમાત્માનો અહીં વિરહ! વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરો બિરાજે છે. તેનું ચિંતન કરીને નમસ્કાર કર્યા... ને તેમને મહાન લબ્ધિ આકાશગામિની હતી. તેનો અહીંથી દેહસહિત ગગનવિહારીપણે વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્માના સમવસરણમાં પધાર્યા હતા... ત્યાં ચક્રવર્તી વગેરે તેમના નાનકડા દેહને જોઈને આશ્ચર્ય પામ્યા... ને ભગવાનના શ્રીમુખે નીકળ્યું કે આ ભરતક્ષેત્રના ધર્મવૃદ્ધિકાર મહાન આચાર્ય છે. ત્યાં ભગવાનની વાણી આઠ દિવસ સુધી સાંભળીને મહાન હર્ષ થયો. ને પછી અહીં ભરતક્ષેત્રે પધારીને આસમયસારાદિ મહાન શાસ્ત્રો રચ્યાં. મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર (સુવર્ણહીલ) ઉપર તેઓની તપોભૂમિ છે. ત્યાં ચંપાવૃક્ષ નીચે તેમના ચરણપાદૂકા છે. એમ કહેવાય છે કે અહીંથી (પોન્નૂરથી) તેઓ વિદેહ ગયા હતા ને અહીં તેમણે શાસ્ત્રોની રચના કરી હતી. એ સ્થાન ઘણું શાંત સુંદર છે, ત્યાં આચાર્યદેવે જ્ઞાનધ્યાન કર્યું છે. એવા મહાસમર્થ આચાર્ય કુંદકુંદસ્વામી આ સમયસારમાં વસ્તુસ્થિતિ પ્રસિદ્ધ કરતાં કહે છે. –

આ જગતમાં ચેતન કે અચેતન જે કોઈ વસ્તુ છે તે દરેક વસ્તુ પોતાના ચેતન કે અચેતન ભાવમાં જ અનાદિથી વર્તે છે, કોઈ દ્રવ્ય પલટીને અન્ય દ્રવ્યરૂપ થઈ જતું નથી; ચૈતન્યદ્રવ્ય અનાદિથી પોતાના ચેતનગુણમાં ને ચેતનપર્યાયોમાં જ વર્તે છે. પોતાના ગુણ–પર્યાયને છોડીને બહારમાં કાંઈ કરવા તે જતું નથી, ને તેના ગુણ–પાર્યયમાં કોઈ બીજો પદાર્થ વર્તતો નથી. આત્માના ગુણ–પર્યાયોને બીજો કોઈ કરતો નથી, ને બીજા કોઈના ગુણ–પર્યાયોને આત્મા કરતો નથી, જુઓ, આ વસ્તુસ્થિતિ!

જગતમાં ગમે તે સ્થાને આત્મા હો, પણ તે પોતાના ગુણ–પર્યાયોમાં જ વર્તી રહ્યો છે, ગુણ–પર્યાય્થી બહાર પરમાં તે કાંઈ કરતો નથી. એ જ રીતે જગતનો પ્રત્યેક રજકણ વગેરે અચેતન પદાર્થ પણ પોતાના ગુણપર્યાયમાં જ વર્તે છે, તે બીજામાં વર્તતા નથી. પોતપોતાના ગુણપર્યાયોમાં સ્વતઃ પરિણમતા પદાર્થોને પરની અપેક્ષા નથી.

જુઓ તો ખરા! કેવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ! ભાઈ, તું તારા સ્વભાવમાં ને પર પરનાં સ્વભાવમાં; હવે આવી વસ્તુસ્થિતિની મર્યાદાને કોઈથી તોડી શકાતી નથી. અજ્ઞાની માને ભલે કે હું પરની અવસ્થા કરી દઉં;–પણ તે પોતાના પરિણામમાં મિથ્યાકર્તૃત્વબુદ્ધિ સિવાય પરમાં તો કાંઈ કરી શકતો નથી. અરે, પોતાનું કાર્યક્ષેત્ર કેટલું છે? ક્યાં અધર્મ થયો છે ને ક્યાં ધર્મ થાય? તેની ખબર નહોય, તે ક્યાં રહીને ધર્મ કરશે? ધર્મ ક્યાં થાય છે? શું બહારમાં ધર્મ થાય છે? શું શરીરમાં પૈસામાં ધર્મ થાય છે? –ના; એ તો બધા આત્માથી બહાર અચેતન પદાર્થો છે. આત્માનો ધર્મ આત્મામાં થાય, બહાર ન થાય. આ સર્વજ્ઞપરમાત્માની વાણીના લેખ સંતોએ લખ્યા છે તે ફરે તેમ નથી.

આવી વસ્તુસ્થિતિ સમજે તો પોતાના જ્ઞાનાનંદ–સ્વભાવની સન્મુખતા થાય, પરની કર્તૃત્વબુદ્ધિથી છૂટીને પરિણતિ અંતરમાં વળે... ને મોહને હણીને આત્માપોતે અરિહંત થાય. આવ આત્માનો સમ્યક્ જ્ઞાનીને થયો છેઃ અમે તો ચૈતન્યમૂર્તિ આત્મા છીએ ને અમારા ચૈતન્યભાવમાં જ અમે વર્તી રહ્યા છીએ. બહારના કામમાં અમે વર્તતા નથી.

જો એક વસ્તુ બીજી વસ્તુમાં વર્તે તો તેનું વસ્તુપણું જ નાશ પામે. અનાદિઅનંત સળંગપણે પોતાના નિજભાવમાં જ દરેક વસ્તુ વર્તે છે. એક પરમાણુ હો કે સિદ્ધપરમાત્મા હો, અજ્ઞાની હો કે કેવળજ્ઞાની હો–સૌ પોતપોતાના નિજભાવમાં પોતાના સ્વભાવથી અનાદિઅનંત વર્તી રહ્યા છે. અરે જીવ! જગતથી ભિન્ન તારા સ્વભાવને એકવાર લક્ષમાં તો લે. તો તારી પરિણતિ અંતરમાં વળતાં તને તારા પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થશે. અજ્ઞાનદશા વખતે આત્મા પોતાના વિકારી–રાગદ્વેષાદિ પરિણામમાં વર્તે છે ને તે પરિણામ જ તેનું કાર્ય છે. પણ રાગવડે આત્મા પરનું કાર્ય કરે, કે દ્વેષવડે આત્મા પરનું કાર્ય બગાડે એમ નથી. અને જ્ઞાની જ્ઞાનભાવથી પોતાના નિર્મળ પરિણામમાં જ વર્તે છે. નિર્મળ પરિણામમાં વર્તતો તે પરની કર્તૃત્વબુદ્ધિથી રહિત છે. જુઓ, આ સમ્યગ્દર્શનની રીત!

સમ્યગ્દર્શન! ! ઓહો, અંતરના વસ્તુસ્વભાવને જ્યાં સમ્યગ્દર્શન વડે પ્રતીતમાં લીધો ત્યાં અપૂર્વ ધર્મ શરૂ થયો. આજે આઠ કુમારી બહેનો બ્રહ્મચર્ય લ્યે છે તે પ્રસંગે આ ઉત્તમ ગાથા આવી છે. ધર્મની અપૂર્વ વાત છે.

અજ્ઞાની નિજસ્વભાવને ભૂલીને વિકારનો કર્તા થાય છે, ને મૂઢતાથી પરનો કર્તા પોતાને માને છે, તથા બહારના ફળની અભિલાષા કરીને કર્મોથી બંધાય છે. જ્ઞાની ધર્માત્માને બહારની ક્રિયાઓમાંથી કર્તૃત્વબુદ્ધિ સર્વથા છૂટી ગઈ છે; અલ્પ રાગાદિ હોય તેમાંય કર્તૃત્વબુદ્ધિ નથી ને તેના ફળને ઈચ્છતા નથી. જ્ઞાનરૂપ નિજભાવમાં જ કર્તૃત્વપણે વર્તે છે, એવા જ્ઞાનીને કર્મનો નવો લેપ લાગતો નથી, ને ક્ષણેક્ષણે નિર્જરા વધતી જાય છે. આ રીતે જ્ઞાનીની ક્રિયા કર્મબંધરૂપ ફળથી રહિત છે. આમ પોતાના સ્વભાવને સમજીને સ્વદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શનરૂપ અપૂર્વ ધર્મ થાય છે.

સ્વપર્યાયમાં વર્તતી વસ્તુમાં બીજા કોઈની ડખલગીરી નથી; આત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ પરિણામરૂપ સ્વપર્યાયમાં વર્તે ત્યાં તેમાં કર્મ વગેરે કોઈ બીજાની ડખલ કે મદદ નથી; તેમજ આત્મા કોઈ બીજાની પર્યાયમાં ડખલ કે મદદ કરવા જતો નથી. એ જ રીતે અજ્ઞાની પણ પોતાના રાગાદિરૂપ સ્વપરિણામમાં વર્તે છે, તે રાગાદિભાવ બીજો કોઈ કરાવતો નથી, કે આત્મા તે રાગવડે બીજાના કામ કરતો નથી. બધી વસ્તુઓ સ્વતંત્રપણે પોતપોતાના સ્વપરિણામમાં જ વર્તી રહી છે. અહો, આવા સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા સર્વજ્ઞદેવે કરી છે, એ જ વાત દાંડી પીટીને સંતોએ જાહેર કરી છે.

* અત્યાર સુધી કોઈ જીવે પરનું કાંઈ કર્યું નથી.

* અત્યારસુધી બીજાએ આ જીવનું કાંઈ સુધાર્યું કે બગાડયું નથી.

* અજ્ઞાનદશામાં જીવ પોતાના રાગાદિભાવને કરે છે ને પોતે સ્વતંત્રપણે પોતાનું અહિત કરે છે.

* જ્ઞાનદશામાં જીવ પોતાના જ્ઞાનભાવને જ કરે છે ને પોતે સ્વતંત્રપણે પોતાનું હિત કરે છે.

**આવો સ્વતંત્ર વસ્તુસ્વભાવ સંતોએ પ્રસિદ્ધ કર્યો છે. ને સમજે તો પરની કર્તત્વબુદ્ધિ છૂટી, સ્વસન્મુખ થઈ, અજ્ઞાનભાવ છોડી, જ્ઞાનભાવે પોતે પોતાનું હિત કરે;- આનું નામ ધર્મ છે.**

# બ્રહ્મચર્ય

સં. ૨૦૦૫માં જ્યારે કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી તે પ્રસંગે આત્મધર્મના “બ્રહ્મચર્યઅંક” માટે, બ્રહ્મચર્ય–મહિમા સંબંધી એક વિસ્તૃત લેખ તૈયાર કરવામાં આવેલ, પણ તે વખતે તે છાપી શકાયો ન હતો; આજે આ ત્રીજા બ્રહ્મચર્યઅંકમાં તે લેખમાંથી કેટલોક ભાગ આપવામાં આવ્યો છે. અધ્યાત્મદ્રષ્ટિ સહિતના શુદ્ધ બ્રહ્મચર્યનું સ્વરૂપ, તેનો મહિમા, તેનું ફળ અને તેની પ્રેરણા દર્શાવતો આ જ્ઞાનવૈરાગ્યપોષક લેખ સૌને પસંદ પડશે. –બ્ર. હ. જૈન

‘અનગારધર્મામૃત’ માં મુમુક્ષુજીવોને બ્રહ્મચર્યનું પાલન કરવામાં વિશેષ રુચિ ઉત્પન્ન થાય તે માટે તેના માહાત્મ્યનું વર્ણન કરીને, હંમેશા તેનું પાલન કરવાનો ઉદ્યમ કરવાની પ્રેરણા આપતાં પં. આશાધરજી કહે છે કે–

-શાર્દૂલવિક્રીડિત-

प्रादुषन्ति यत: फलन्निजगुणा: सर्वेप्यखर्वौजसो
यत्प्रव्हीकुरुते चकास्ति च यतस्तदब्राह्मसुच्चैर्महः।
त्यक्त्वा स्त्रीविषयस्पृहादि दशधाऽब्रह्मामलं पालय
स्त्रीवैराग्यनिमित्त पंचकपरस्तदब्रह्मचर्य सदा।। ६१।।

જેના હોવાથી આત્માના અહિંસાદિક ભાવો વૃદ્ધિગત થાય છે એવી, શુદ્ધ નિજાત્માની અનુભૂતિરૂપ પરિણતિને ‘બ્રહ્મ’ કહે છે અને એનાથી વિરુદ્ધ મૈથુનભાવને ‘અબ્રહ્મ’ કહે છે જેમ ‘બ્રહ્મ’ ના હોવાથી અહિંસાદિક ભાવો વધે છે, તેમ અબ્રહ્મના હોવાથી હિંસાદિક ભાવો વધે છે; કેમ કે મૈથુનસેવનમાં ઉદ્યત થયેલો મનુષ્ય ત્રસ–સ્થાવર જીવોની હિંસા વગેરે અનેક પાપો કરે છે. એ રીતે સ્વભાવથી જ દુષિત એવા આ અબ્રહ્મના દસ ભેદ છેઃ હે મોક્ષાર્થી ભવ્ય જીવ! આ દસે પ્રકારના અબ્રહ્મને તું દેવ, ગુરુ અને સાધર્મીઓની સાક્ષીથી છોડ, અને સર્વ પ્રકારની સ્ત્રીઓમાં વૈરાગ્ય લાવવા માટે–તેમાં રમણ કરવાની ઈચ્છાનો નાશ કરવા માટે, વિષયના દોષોનો ફરી ફરી વિચાર–વગેરે પ્રકારની ભાવનાઓમાં પ્રધાનપણે તત્પર રહીને તે ગ્રહણ કરેલા આ નિર્મળ નિરતિચાર બ્રહ્મચર્યનું યાવત્‌જીવન સદા પાલન કરે અને તેને સારીતે પ્રકાશિત કર. કેમ કે ઉપર કહ્યું એવા આ બ્રહ્મચર્યના નિમિત્તથી જ વ્રત–શીલ વગેરે પ્રકારનો સંયમ પ્રગટે છે અને આત્માના પ્રયોજનની સિદ્ધિ કરવામાં સમર્થ થાય છે. ‘આત્મિક બ્રહ્મ’ ને ધારણ કરનાર પાસે ઈન્દ્રાદિક પણ નમી જાય છે; અને તેનાથી શબ્દબ્રહ્મ અથવા કેવલજ્ઞાનરૂપી બ્રહ્મનું શ્રુતકેવળીત્વ અથવા કેવળીત્વ સુધીની ઉત્કૃષ્ટતાને પામેલું અને સ્વપર–પ્રકાશક એવું તેજ પ્રકાશિત થાય છે, તે પ્રસિદ્ધ છે.

[ અહીં પહેલાં બ્રહ્મચર્ય અને અબ્રહ્મચર્ય વ્યાખ્યા કરતાં કહ્યું કેઃ પોતાના આત્માની અનુભૂતિરૂપ શુદ્ધપરિણતિ તે બ્રહ્મચર્ય છે. જ્યાં એવું આત્મિક બ્રહ્મચર્ય પ્રગટયું હોય ત્યાં બાહ્ય

બ્રહ્મચર્ય કેવું હોય તે પણ બતાવ્યું છે. અને પછી તેનું ઉત્કૃષ્ટ ફળ બતાવીને પ્રેરણા કરી છે કે હે ભવ્ય મુમુક્ષુ! તું દેવ–ગુરુ ને સાધર્મીની સાક્ષીએ આવા પવિત્ર બ્રહ્મચર્યને ધારણ કરીને જીવનપર્યંત તેનું પાલન કર. બ્રહ્મચર્યની દ્રઢતા માટે વારંવાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતનવન કરવાનું જણાવ્યું છે.)

**(૨) બ્રહ્મચર્યના સ્વરૂપનું વર્ણન કરીને, તેના પાલન કરનારને જે પરમાનંદની પ્રાપ્તિ થાય છે તે બતાવે છે-**

(ઉપજાતિ)

या ब्रह्मणि स्वात्मनि शुद्धवुद्धे चर्या परद्रव्यमुचः प्रवृत्तिः।
तद्ब्रह्मचर्यं व्रतसार्वभौमं, ये पान्ति ते यान्ति परं प्रमोदम्।। ६०।।

જે પરદ્રવ્ય વિમુખવૃત્તિ થઈ નિજ શુદ્ધબુદ્ધ–આત્મતત્ત્વે
ચરણ છે તે વ્રત સાર્વભૌમ, તે બ્રહ્મચર્ય આપે પ્રમોદ.

દ્રષ્ટ–શ્રુત અને અનુભૂત એ ત્રણે પ્રકારના ભોગોની આકાંક્ષારૂપ નિદાન તથા બીજા પણ રાગાદિ વૈભાવિક દોષો તે બધાથી રહિત હોવાના કારણ આ આત્મા ‘શુદ્ધ’ છે અને સમસ્ત પદાર્થોનો યુગપત્ સાક્ષાત્કાર–પ્રત્યક્ષ અવલોકન–કરવામાં સમર્થ છે તેથી તે ‘બુદ્ધ’ છે; એવા શુદ્ધ અને બુદ્ધ નિજાત્મામાં–પોતાના જ્ઞાનસ્વરૂપ બ્રહ્મમાં, પરદ્રવ્યોનો ત્યાગ કરનાર, પોતાના અને પરના શરીર ઉપરના મમત્વથી પણ રહિત વ્યક્તિની, જે પ્રવૃત્તિ એટલે કે અપ્રતિહમ પરિણતિરૂપ ચર્યા હોય છે તેને ‘બ્રહ્મચર્ય’ કહે છે; કેમ કે વ્યાકરણથી પણ એવો અર્થ થાય છે કે ‘ब्रह्ममें चर्या सो ब्रह्मचर्य–બ્રહ્મસ્વરૂપ આત્મામાં ચરવું તે બ્રહ્મચર્ય છે. આવું બ્રહ્મચર્યવ્રત સર્વ વ્રતોમાં સાર્વભૌમ (ચક્રવર્તી) સમાન છે. સમસ્ત ભૂમિના અધિપતિ ચક્રવર્તીને સાર્વભૌમ કહેવાય છે. જેમ પૃથ્વીના બધા રાજાઓ ચક્રવર્તીને જ આધીન રહે છે તેમ બાકીના બધા વ્રતોની વૃત્તિ–પ્રવૃત્તિ બ્રહ્મચર્યને જ આધીન થઈ શકે છે. –બ્રહ્મસ્વરૂપ આત્મામાં એકાગ્રતારૂપ બ્રહ્મચર્ય વિના કોઈ વ્રત પળી શકતા નથી. તેથી જે મુમુક્ષુ આ બ્રહ્મચર્યનું પાલન–રક્ષણ કરે છે અને તેને અતિચારોથી દૂષિત થવા દેતો નથી તે જ પુરુષ પરમ પ્રમોદને–સર્વોત્કૃષ્ટ આનંદને અર્થાત્ મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

સર્વે વિકારી ભાવો અને તેના કારણોથી રહિત થઈને શુદ્ધબુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરવું તેને બ્રહ્મચર્ય કહ્યું છે. આ સંબંધમાં કહ્યું છે કે–

निरस्तान्याङ्गरागस्य स्वदेहेपि विरागिणः।
जीवे ब्रह्मणि या चर्या ब्रह्मचर्य तदीर्यते।।

જે પોતાના તેમજ બીજાના શરીરમાં રાગરહિત છે એવા પુરુષને જે આત્મસ્વરૂપ બ્રહ્મમાં ચર્યા હોય છે તેને બ્રહ્મચર્ય કહે છે. સર્વે વ્રતોમાં તે પ્રધાન છે; તેથી તેને નિરતિચાર પાળવાથી જ અવિનશ્વર અનંત આત્મિક સૂખ પ્રાપ્ત થાય છે.

## તત્ત્વજ્ઞાનપૂર્વક વિષય છોડવાનો ઉપદેશ

વિવેકશૂન્ય મનુષ્ય જ કામદેવને વશ થાય છે અને તેનાથી દુર્નિવાર દુઃખોનો અનુભવ કરે છે. તે દુઃખોનો અનુભવ ન કરવો પડે તે માટે મુમુક્ષુઓએ વિવેકપૂર્વક (–તત્ત્વજ્ઞાનપૂર્વક– તેનો (કામ–વિષયનો) પરિત્યાગજ કરી દેવો જોઈએ, તેનાથી બિલકુલ દૂર જ રહેવું જોઈએ. વિષયો મોટા સર્પના વિષ જેવા ભયંકર છે. અરે! સર્પ કરતાં પણ કામદેવની ભયંકરતા ઘણી વધારે છે.

## બ્રહ્મચર્યની વૃદ્ધિની ભાવનાનું ચિંતવન

‘જ્યારથી સંસાર છે ત્યારથી અર્થાત્ અનાદિ કાળથી મૈથુનસંજ્ઞા ચાલી આવે છે. ખરેખર

પોતાના ચૈતન્યસ્વરૂપની અરુચિ અને પર સંયોગરૂપ વિષયોની રુચિ તે જ મૈથુન છે. એ મૈથુનના કારણે જ પ્રગટ થયેલા સર્વ પ્રકારના દુઃખોનો મારે અનુભવ કરવો પડયો ! તે માટે તેને ધિક્કાર છે !' – આ પ્રમાણે મૈથુનસંજ્ઞા અને તેનાથી થનારા દુઃખ–અનુભવ પ્રત્યે જે જીવ અતિશય વિરક્તબુદ્ધિ રાખનાર છે તે જ તેના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે.

સંકલ્પ–વિકલ્પોથી રહિત આત્મસંવેદનથી અર્થાત્ શુદ્ધ નિજ જ્ઞાનસ્વરૂપના અનુભવથી પરમ સુખરસની ઉત્પત્તિ થાય છે. પરંતુ સ્ત્રી આદિ પર વિષયોમાં સુખબુદ્ધિથી તેમાં રમણ કરવાની અભિલાષા તે આત્માના સુખરસનો નાશ કરવા માટે અગ્નિ સમાન છે, –વિષયોમાં રમણ કરવાની ભાવના જાગૃત થતાં જ આત્મઅનુભવનું સુખ ચાલ્યું જાય છે; અહો, ધિક્કાર છે કે આજ સુધી હું સ્ત્રી આદિ વિષયોમાં રમણ કરવાની અભિલાષારૂપ ભાવનાને જ આધીન રહીને સંસારમાં રખડયો. આત્મસ્વભાવની ભાવના ભૂલીને અને વિષયોની ભાવનાને વશીભૂત થઈને, એવું ક્યું દુઃખ છે કે જે હું ન પામ્યો હોઉં ! વિષયોની ભાવનાના કારણે જ મેં નરક–નિગોદ સુધીનાં દુઃખો ભોગવ્યાં છે. માટે હવે તો હું, સ્વાભાવિક જ્ઞાનાનંદરૂપ પોતાના સ્વસંવેદનપ્રત્યક્ષદ્વારા અનુભવાતા મારા ચૈતન્યસ્વરૂપની ભાવનામાં જ નિમગ્ન થાઉં છું, –કે જે ચૈતન્યસ્વરૂપ, મૈથુનસંજ્ઞાના સંસ્કારોને પ્રગટ થતાં વેંત જ નાશ કરી નાંખે છે.

એ પ્રમાણે ભાવના કરીને પોતાના આત્મસ્વરૂપ તરફ એકાગ્રતા વધારવી તે જ બ્રહ્મચર્યની વૃદ્ધિનો અને અબ્રહ્મના નાશનો ઉપાય છે.

### અજ્ઞાની જ વિષયોને સુખનું સાધન માનીને વ્યર્થ ફાંફા મારે છે

અહો ! ખબર નથી પડતી કે આ સંસારી પ્રાણી તે વ્યવહારકુશળ છે કે વિદગ્ધ–ગાંડો છે ? ખરેખર વિષયવાસનાએ તેની વિવેકબુદ્ધિને ભ્રષ્ટ કરી દીધી છે; તેથી જ, જ્યારે તે સુખના કારણોની ગણતરી કરવા બેસે છે ત્યારે તેમાં સૌથી પહેલાં સ્ત્રીની ગણતરી કરે છે ! તે મૂઢ પુરુષ પોતાનો આત્મા જ સુખભંડાર છે તેને તો ગણતો નથી ને પરમાં સુખ માટે વ્યર્થ ફાંફા મારે છે. અનેખરેખર જે ( વિષયવાસના ) પોતાને અહિતકાર છે તેને પણ તે હિતકાર અને સુખનું સાધન સમજીને ફરી ફરી તેમાં રાગ કરે છે.

### જ્ઞાની સ્વવિષયમાં લીન થઈને સુખ અનુભવે છે, અને અજ્ઞાની પરવિષયમાં લીન થઈને દુઃખી થાય છે.

મુમુક્ષુ જીવને સ્વવિષયની રુચિ છે તેથી તે પોતાના આત્મામાં તન્મય થાય છે અને કામાંધ જીવને સ્ત્રી આદિ પરવિષયોની રુચિ છે તેથી તે તેમાં તન્મય થઈ જાય છે, એ બાબત સરખામણી કરતાં ગ્રંથકાર લખે છે કે–

( ૧ ) જેમ કોઈ મુમુક્ષુ પુરુષ ગુરુ પાસેથી અધ્યાત્મતત્ત્વનો ઉપદેશ સાંભળીને પોતાના સ્વરૂપમાં શ્રદ્ધા કરવા લાગે છે, તેમ કામાંધપુરુષ પોતાના અભીષ્ટ વિષયમાં ( –સ્ત્રી આદિમાં ) વિશ્વાસ કરવા લાગે છે;

( ૨ ) શ્રદ્ધા પ્રગટ થયા પછી જેમ તે મુમુક્ષુ પુરુષ ગુરુના નિમિત્તથી આત્મસ્વરૂપનો જ પ્રેમ અને પરિચય કર્યા કરે છે તેમ વિષયાંધ જીવ પોતાના ઇષ્ટ વિષયનો પ્રેમ–પરિચય કરે છે;

( ૩ ) ત્યારબાદ જેમ તે ભવ્ય મુમુક્ષુ જીવ સાધુ થઈને પોતાના આત્મસ્વરૂપમાં સારી રીતે

રમણ કરવા લાગે છે અને છેવટે તેમાં લીન થઈને–એકતાન થઈ જાય છે તેમ વિષયાંધ કામીપુરુષ વિષયોમાં લીન થઈ જાય છે.

(૪) સાધુઓને તો પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં સમરસ–એકતાન થતાં સાક્ષાત્ અતીન્દ્રિય આત્મિક સુખનો અનુભવ થાય છે; અને કામાંધ પુરુષ વિષયમાં લીન થઈને માત્ર મિથ્યાકલ્પનાથી પોતાને સુખી માને છે.

એ રીતે મુમુક્ષુ ભવ્ય જીવો તો આત્માના સ્વભાવનો વિશ્વાસ, તેનો પ્રેમ, તેનો પરિચય અને તેમાં લીનતા કરીને આત્મિકસુખનો અનુભવ કરતા થકા અલ્પકાળે મુક્તિ પામે છે. અને વિષયોમાં સુખ માનનાર કામાંધ જીવ વિષયોમાંજ લીનતા કરીને દુઃખ ભોગવતો થકો અનંતાનંત સંસારમાં રખડે છે.

× × × ×

માટે હે ભવ્ય જીવો! શ્રીગુરુ–ઉપદેશથી આત્મસ્વરૂપનો વિશ્વાસ કરીને તેમાં જ લીનતાનો પ્રયત્નકરો... વિષયોમાં સ્વપ્ને પણ સુખની કલ્પના ન કરો. યોગીજનો આત્મસ્વરૂપમાં લીનતાના આનંદનો અનુભવ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

### એકત્વસ્વરૂપમાં રહેવાની ભાવના

જેમ પરમાણુમાં જો એક ગુણ લૂખાશ–ચીકાશ હોય તો તે બંધાતો નથી, તેમ જે સંયમીનું મન 'એક ગુણમાં' જ એટલે કે સમ્યગ્દર્શનાદિ ઉત્કૃષ્ટ ગુણોમાં જ અર્થાત્ એકત્વસ્વરૂપ આત્મામાં જ લાગેલું છે તેઓ બંધાતા નથી. પરંતુ, જેમ પરમાણુ એકગુણ છોડીને અધિકગુણ ચીકાશ લૂખાશરૂપે પરિણમે તો તે બંધાય છે, તેમ સંયમી જીવ પણ જો પોતાના એકત્વરૂપ શુદ્ધાત્માને છોડીને બીજા વિષયોમાં પ્રવૃત્તિ કરે તો તે બંધાય છે. આથી મુમુક્ષુઓ સ્ત્રી–શરીર આદિના સંબંધથી વિરક્ત થઈને પોતાના એકાકી શુદ્ધાત્મસ્વરૂપમાં જ રહેવા ચાહે છે. (સર્વે પર વિષયોથી વિરક્ત થઈને પોતાના એકત્વસ્વરૂપમાં સ્થિત રહેવું તે બ્રહ્મચર્ય છે. અને એકત્વ આત્મસ્વરૂપને છોડીને પર વિષયોમાં પરિણતિને ભમાવવી તે અબ્રહ્મચર્ય છે.)

### બ્રહ્મચારીમુમુક્ષુ પરનો સંગ દૂરથી જ છોડે

જેમ સાકરકોળાની ગંધમાત્રથી જ સ્વાદિષ્ટ અને શુદ્ધ લોટ પણ નીરસ અને ખરાબ થઈ જાય છે તેમ સ્ત્રીસંપર્કના વિકલ્પમાત્રથી સંયમી પુરુષના આત્મઅનુભવનો શુદ્ધ સ્વાદ–આનંદ તથા વીતરાગતા ક્ષણમાત્રમાં બગડી જાય છે. તેથી સંયમી પુરુષોએ આત્મઅનુભવમાં લીન રહીને સ્ત્રીઓનો સંસર્ગ એવી રીતે દૂરથી જ છોડી દેવો જોઈએ કે તેની ગંધ પણ ન આવે. એમ કરવાથી જ તેનું મોક્ષરૂપી પ્રયોજન સિદ્ધ થાય છે.

### તત્ત્વજ્ઞાની જાગૃતિ તે બ્રહ્મચર્યનું મૂળ છે

જો સ્ત્રીના શરીર તરફ નજર પડતાં જ અન્ય વિકલ્પ ઊઠતાં પહેલાં જ જે મુમુક્ષુ આત્માનું તત્ત્વજ્ઞાન ઝટિતિ જાગૃત થઈ જાય છે અને અશુચિમય શરીરના વાસ્તવિક સ્વરૂપને લક્ષમાં લ્યે છે, તો કહેવું જોઈએ કે–તે મુમુક્ષુઆત્માએ મોહના ગળા ઉપર પગ દઈ દીધો, પાટુ મારીને ચારિત્રમોહકર્મનો તિરસ્કાર કરી દીધો, અને વિજય મેળવી લીધો.

અહીં કહ્યો છે કે જે જીવને શરીર અને આત્માના ભેદજ્ઞાનરૂપ તત્ત્વજ્ઞાન સદાય જાગૃત છેઅને દરેક પ્રસંગે તત્ત્વજ્ઞાનથી જ કામ લઈને વસ્તુસ્વરૂપ વિચારે છે તે જીવને કદી સ્ત્રીના શરીર વગેરેમાં સુખબુદ્ધિ થતી નથી અને તે જ યથાર્થ બ્રહ્મચર્ય પાળી શકે છે અને મોહને જીતીને પોતાના ઇષ્ટપદની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એટલે એમ સિદ્ધ થયું કે બ્રહ્મચર્ય વગેરેનું મૂળ કારણ તત્ત્વજ્ઞાન જ છે.

## પોતાનું આત્મહિત ચાહનારા બ્રહ્મચારી મુમુક્ષુઓએ કેવા પુરુષોની સંગતિ કરવી જોઈએ તે અહીં બતાવે છે.

હે મુમુક્ષુ ! આ બ્રહ્મચર્યના સંબંધમાં કલ્યાણ અને અછિન્નતા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જો તું આત્મહિત અને બ્રહ્મચર્યને પૂર્ણ કરવા ચાહે છે તો તારે તે સદ્ગુરુઓ–વૃદ્ધ આચાર્યોની સેવા ( અર્થાત્ આરાધના ) કરવી જોઈએ, કે જેઓ સદા ધર્મનીતિનો આદર કરનારા છે, જેઓ કુલીનતાને લીધે દ્રઢ સંયમી છે, સત્ય ઉપદેષ્ટા સદગુરુઓના વચનો પર આરૂઢતા કરવાથી અર્થાત્ તેઓના ઉપદેશ–અનુસાર ચાલવાથી જેમના મનમાંથી કામદેવના સંસ્કાર અસ્ત થઈ ગયા છે, ભવભ્રમણના દુઃખોથી જેઓ અત્યંત ભયભીત છે એટલે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય–સંવેગ જેમને ક્ષણે ક્ષણે વધી રહ્યો છે, જેઓ બીજા જીવોને હિતનો માર્ગ દર્શાવનારા છે, જેમનો મોક્ષરૂપી મહાન ઉદય નિકટકાલવર્તી થઈ ગયો છે અર્થાત્ જેઓ અત્યંત નિકટ ભવ્ય છે–જે આ જ ભવમાં કે અલ્પભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરવાના છે અને જેમને શુદ્ધ ચિદાનંદ–અનુભવના ફળની વૃદ્ધિ સદા બની રહે છે. આવા ગુણોથી યુક્ત વૃદ્ધાચાર્ય વગેરેની નિરંતર આરાધના પોતાના બ્રહ્મચર્યની સિદ્ધિને માટે મુમુક્ષુઓએ અવશ્ય કરવી જોઈએ. કહ્યું છે કે–

यः करोति गुरुभाषितं मुदा संयमे वसति वृद्धसंकुले।
मुंचते तरुण लोकसंगतिं ब्रह्मचर्यममलं स रक्षति।।

જે વ્યક્તિ પ્રસન્નતાપૂર્વક ગુરુઉપદેશ અનુસાર સદા વર્તે છે અને તરુણ લોકોની સંગતિ છોડીને વૃદ્ધપુરુષોની વચમાં સદા તેમની નજીક રહે છે તે વ્યક્તિ પોતાના બ્રહ્મચર્યને નિર્મળ રાખે છે.

અહીં એક આ વાત વિશેષ ધ્યાનમાં રાખવી કે–આ બ્રહ્મચર્યપ્રકરણમાં જેને 'વૃદ્ધ' કહ્યા છે તે માત્ર વયની પ્રધાનતાથી નથી કહ્યા, પણ જેનામાં શ્રદ્ધા–જ્ઞાન–સંયમ વગેરે ગુણો વિશેષરૂપે વૃદ્ધિગત છે તેમને પણ વૃદ્ધ કહ્યા છે.

જેમ નિર્મલીઔષધિનો સંબંધ થતાં જ પાણીનો કાદવ શાંત થઈ જાય છે તેમ, જેઓ જ્ઞાન–સંયમ વગેરે ગુણોમાં વૃદ્ધિગત છે એવા વૃદ્ધપુરુષોની સંગતિથી મલિનભાવો એકદમ પ્રશાંત થઈ જાય છે. અને જેમ પાણીમાં પત્થર નાંખતાં તેનો મેલ ઉપડી આવે છે તેમ વિષયી પુરુષોના સંસર્ગની ભાવનાથી મલિન ભાવો પ્રગટ થાય છે. માટે પોતાના બ્રહ્મચર્યવ્રતની નિર્મળતા વધારવાની ઈચ્છાવાળા મુમુક્ષુ જીવોએ સદા જ્ઞાનાદિમાં વૃદ્ધ પુરુષોની જ સંગતિ કરવી જોઈએ, કામીપુરુષોની સંગતિ કરવી ન જોઈએ.

જેમ ચંદ્રમાનો પૂર્ણ ઉદય થતાં સમુદ્ર પણ અત્યંત ક્ષોભ પામીને ઊછળે છે તેમ નવીન યુવાન અવસ્થામાં ઘણા જીવો ક્ષોભિત થઈ જાય છે. માટે બ્રહ્મચારી મુમુક્ષુઓએ તે અવસ્થામાં અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે, યુવાન અવસ્થાનો વિશ્વાસ કરવા જેવો નથી, જ્ઞાનાદિમાં જે વૃદ્ધ હોય તેવા સંતોની સંગતિ નિરંતર રાખવી જોઈએ.

**યુવાનદશાને પામીને પણ જે મનુષ્ય નિર્વિકાર રહે છે તે પ્રશંસનીય છે એમ કહે છે-**

– વસંતતિલકા–

दुर्गेपि यौवनवने विहरन् विवेकचिंतामणिं स्फुटमहत्वमवाप्य धन्यः।
चिंतानुरूपगुणसंपदुरुप्रभावो वृद्धो भवत्यपिलितोपि जगद्विनीत्या।। ९९।।

જો કે આ યૌવનરૂપી વન દુર્ગમ છે, સાધારણ લોકો અનેક પ્રકારના વિકાર કર્યા વગર તેનો પાર

નથી પામતા, છતાં પણ જે મનુષ્ય તે યૌવન વનમાં વિકાર કરતો થકો પણ, જેનું મહત્વ પ્રગટ છે એવા ભેદવિજ્ઞાનરૂપી ચિંતામણિને પ્રાપ્ત કરીને પોતાની ભાવનાઅનુસાર ગુણસંપત્તિના મહાન પ્રભાવથી સંયુક્ત થઈ જાય છે–ને જરા પણ વિકૃત્તિ પામતા નથી તે ધન્ય છે! અને એવા પુરુષોનું શરીર ઘડપણદશાથી રહિત હોવા છતાં પણ ગુણસંપત્તિમાં તેઓ વૃદ્ધિમાન હોવાથી તેમને વૃદ્ધ જ સમજવા જોઈએ કેમકે તેઓ પણ જગતના જીવોને વૃદ્ધોની માફક શિક્ષાદિક દઈ શકે છે. પરંતુ આવા ધન્યપુરુષ વિરલા જ હોય છે.

અહીં ભેદવિજ્ઞાનની જ પ્રધાનતા બતાવી છે. યુવાન અવસ્થામાં જે પુરુષ ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરીને દર્શન–જ્ઞાનાદિ ગુણોથી શોભાયમાન થઈ જાય છે તે પુરુષ ધન્ય છે. ભેદવિજ્ઞાનનો મહિમા અને જગત્પૂજ્યતા પ્રગટ છે, તે ચિંતામણિસમાન છે અને તેનાથી જ મોક્ષની સિદ્ધિ થાય છે. જે ભવ્ય જીવ યુવાનીમાં જ એવા ભેદજ્ઞાનરૂપી વિવેક દ્વારા પ્રાપ્ત થયેલા ગુણોના પ્રભાવથી અલંકૃત થઈ જાય છે તેને ખરેખર યુવાન ન સમજતાં વૃદ્ધ જ સમજવા જોઈએ. એવા વિરલ પુરુષો ધન્ય છે.

ભેદજ્ઞાનરૂપી વિવેક અને સત્પુરુષોની સંગતિથી જ યુવાનદશા નિર્વિકાર રહી શકે છે.

## બ્રહ્મચર્ય માટેની ભાવનાઓ

બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવનાઓ છે. ૧–સ્ત્રીરાગ કથાના શ્રવણનો ત્યાગ, ૨–તેનાં મનોહર અંગોના નિરીક્ષણનો ત્યાગ, ૩–પૂર્વના ભોગોના સ્મરણનો ત્યાગ, ૪–પૌષ્ટિક રસવાળા આહારનો ત્યાગ અને ૫–પોતાના શરીરને સંસ્કારવાનો શણગારવાનો ત્યાગ. મુમુક્ષુબ્રહ્મચારીઓએ તે ભાવનાઓનું પાલન કરવું જોઈએ–એમ ઉપદેશે છે.

હે મુમુક્ષુ! સ્ત્રીઓ દ્વારા કહેવાતી, સ્ત્રીઓના સંબંધમાં રાગપૂર્વક કહેવાતી અને જે સ્ત્રી–વિષયમાં રાગઉત્પત્તિનું કારણ હોય એવી કોઈ પણ કથા સાંભળવા માટે જો તું એવો બની ગયો હો–કે જાણે તારે કાન જ ન હોય–અત્યંત બહેરો હો! અર્થાત્ તે કથાઓને રાગપૂર્વક સાંભળવા માટે તું બિલકુલ લક્ષ ન આપતો હો–૧,

–સ્ત્રીઓના મનોહર અંગોને દેખવા માટે જો તું નેત્ર વગરનો–અંધજેવો બની ગયો હો અર્થાત્ તેને રાગપૂર્વ દેખવા માટે જો તારી આંખ જ ઊંચી ન થતી હોય–૨,

–પૂર્વે ભોગવેલા ભોગોનું હવે સ્મરણ કરવા માટે જો તું એવો બની ગયો હો–કે જાણે અસંજ્ઞી–મનવગરનો હો, અર્થાત્ પૂર્વે ભોગવેલા ભોગનું રાગપૂર્વક સ્મરણ કદી ન કરતો હો–૩,

–ઘી–દૂધ વગેરે પૌષ્ટિક અથવા સ્વાદિષ્ટ રસોનો આસ્વાદ લેવા માટે જો તું અરસજ્ઞ થઈ ગયો હો અથવા જાણે કે તારે જીભ જ ન હોય એવો બની ગયો હો અર્થાત્ તેવા રસોનું રાગપૂર્વક કદી ગ્રહણ ન કરતો હો–૪,

–અને પોતાના શરીરને શણગારવા માટે અને તેને મનોહર બનાવવા માટે જો તું બિલકુલ ઉદાસીન–માનો કે ઝાડ જેવો થઈ ગયો હો. –૫

–તો અમે કહીએ છીએ કે મહાન બ્રહ્મચર્યના પ્રૌઢ મહિમાને તું ખરેખર પામી ચૂક્યો.

## શ્રી પરમાત્મપ્રકાશમાંથી

ते चैव धन्याः ते चैव सत्पुरुषाः ते जीवन्तु जीवलोके।
यौवनद्रहे पतिताः तरन्ति ये चैव लीलवा।।२-११७।।

અહો, ખરેખર તે જ જીવ ધન્ય છે, તે જ સત્પુરુષ છે અને તે જ આ જીવલોકમાં જીવે છે

કે જે જીવ યૌવનઅવસ્થારૂપી બહુ ભારે તળાવમાં પડયા હોવા છતાં વિષયરસમાં ડુબતા નથી પણ શુદ્ધાત્મભાવનાના બળથી લીલામાત્રમાં તેને તરી જાય છે.

જેમાં વિષયવાંછનારૂપ પાણીનો જરાપણ પ્રવેશ નથી અને જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી રત્નોથી ભરેલું છે એવું, નિજ શુદ્ધાત્માની ભાવનારૂપી જે વહાણ તેના વડે યૌવન અવસ્થારૂપી મહાન તળાવને જે તરી જાય છે તે જ સત્પુરુષ છે, તે જ ધન્ય છે અને તેણે જ સાચું જીવન જીવી જાણ્યું છે.

ઇન્દ્રિય–વિષયો પ્રત્યે સ્નેહને લીધે જગત દુઃખી છે એમ બતાવીને તે સ્નેહ છોડવાનું કહે છે–

योगिन स्नेहं परित्यज स्नेहो न भद्रो भवति।
स्नेहासक्त सकलं जगत् दुःखं सहमानं पश्य।।२-११५।।

હે યોગી! રાગાદિરહિત વીતરાગી પરમાત્મપદાર્થના ધ્યાનમાં સ્થિર થઈને, આત્માના વેરી એવા સ્નેહને (–વિષયોના પ્રેમને) તું છોડ! કેમ કે વિષયોનો સ્નેહ કલ્યાણકારી નથી; વિષયોના સ્નેહમાં આસક્ત થયેલું આખું જગત શરીર મન સંબંધી અનેક પ્રકારનાં દુઃખો સહન કરી રહ્યું છે, તેને તું દેખ. પોતાના સ્નેહરહિત એવાઆ સંસારી જીવો શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત છે તેથી દેહાદિક ઉપર સ્નેહ કરીને અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. એ રીતે શુદ્ધાત્મતત્ત્વની ભાવનાનો અભાવ અને વિષયોનો પ્રેમ તે જ દુઃખનું મૂળ છે.

અહીં સાર એ છે કે રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને તેનાથી વિરુદ્ધ એવા મિથ્યાત્વ–રાગાદિમાં જરા પણ સ્નેહ કરવો નહિ.

કહ્યું છે કે–

तावदेव सुखी जीवो यावत्र स्निह्यते क्वचित्।
स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे।।

ત્યાં સુધી આ જીવ સુખી છે કે જ્યાં સુધી વિષયોમાં જરા પણ સ્નેહ પામતો નથી એટલે કે શુદ્ધાત્મભાવનામાં જ મગ્ન રહે છે; અને શુદ્ધાત્મભાવનાથી ચ્યૂત થઈને જેનું હૃદય સ્નેહથી સંબંધિત છે તેને પગલે પગલે દુઃખ છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવને લીધે જે વિષયી જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત છે તે વિનાશ પામે છે–એમ દ્રષ્ટાંતસહિત બતાવે છે–

रूपे पतङ्गाः शब्दे मृगाः गजा स्पर्शै नश्यन्ति।
अलिकुलानि गन्धेन मत्स्याः रसे किं अनुरागं कुर्वन्ति।।२-११२।।

રૂપમાં લીન થયેલા પતંગિયા દીપકમાં બળીને મરી જાય છે, શબ્દ–વિષયમાં લીન થયેલા હરણીયાં શિકારીના બાણથી મરી જાય છે, સ્પર્શ વિષયમાં લીન થયેલા હાથીઓ ખાડામાં પડીને બંધાય છે, સુગંધની લોલુપતાથી ભમરાઓ કમળમાં જ પૂરાઈને પ્રાણ છોડે છે અને રસના લોભી માછલાંઓ જાળમાં પકડાઈને મરે છે; આમ એકેક ઇન્દ્રિયસંબંધી વિષયકષાયમાં આસક્ત થયેલા જીવો પણ નાશને પામે છે, તો પાંચે ઇંદ્રિયોના વિષયોમાં લીન થનારનું તો કહેવું જ શું? આવું જાણનારા વિવેકજીવો શુદ્ધાત્માની ભાવના છોડીને પંચેન્દ્રિય વિષયોમાં પ્રીતિ કેમ કરશે? નહિ જ કરે.

પાંચ ઇન્દ્રિયના વિષયોની ઈચ્છા તે દુર્ધ્યાન છે, તેનાથી રહિત જે નિર્દોષ પરમાત્મા તેના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિથી પરમ આહ્લાદરૂપ વીતરાગીસુખ–અમૃત ઉત્પન્ન થાય છે, તે સુખરૂપી અમૃતથી–પૂર્ણ કળશની જેમ ભરેલો, કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ જે કાર્ય–સમયસાર તેને ઉત્પન્ન કરનાર શુદ્ધ ઉપયોગસ્વભાવરૂપ કારણસમયસાર છે, તેની ભાવનાથી રહિત

સંસારી જીવો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં અનુરાગી થઈને ભવ–ભવમાં નાશ પામે છે. –આવું જાણનારા વિવેકી જીવો વિષયો પ્રત્યે કેમ અનુરાગ કરે? કદી ન કરે. આત્માને ભૂલીને જે જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં મોહિત છે તે અજ્ઞાની જીવ પોતાના ચિદાનંદસ્વભાવી પરમાત્મતત્ત્વને નહિ સેવતો થકો, નહિ જાણતો થકો અને નહિ ભાવતો થકો, વિષયોની રુચિથી મિથ્યામાર્ગને વાંછતો થકો નરકાદિ ગતિમાં પડે છે ને ત્યાં ઘાણીમાં પીલાવું, કરવતથી કપાવું, શસ્ત્રથી છેદાવું ઇત્યાદિ હજારો પ્રકારના દુઃખોને શરીર ઉપરની પ્રીતિને લીધે ભોગવે છે. અને જે જીવ શુદ્ધઆત્મતત્ત્વની ભાવનામાં લીન છે અને વિષયો પ્રત્યેના સ્નેહનો ત્યાગી છે તે જીવ અલ્પકાળમાં સંસારને તરી જાય છે.

માટે મોક્ષાર્થી ભવ્યજીવોએ પોતાના શુદ્ધ આત્મસ્વભાવની રુચિ અને ભાવના પ્રગટ કરીને ઇન્દ્રિયવિષયોની રુચિ ને ભાવના છોડવાયોગ્ય છે.

## શ્રી પદ્મનંદી પચ્ચીસીમાંથી

*

### કામ ઉપર વિજયી સંતોને નમસ્કાર

**આ જગતમાં કેટલાક એવા પણ રાજાઓ વિદ્યમાન છે કે જે નજર ફેંકતાં જ (વાતવાતમાં) શત્રુસમૂહને જીતી લે છે; એવા રાજાઓના** હૃદયમાં પણ વેગપૂર્વક જે કામદેવરૂપી યોદ્ધાએ દ્રઢતાથી બાણને ખૂંચવી દીધું છે એવા અત્યંત પરાક્રમી કામદેવરૂપી સુભટને પણ, સર્વ પ્રકારના શસ્ત્રોથી રહિત તથા જેનો આત્મા ક્રોધાદિ કષાયોના નાશથી શાંત થઈ ગયો છે એવા સંતોએ લીલામાત્રમાં નષ્ટ કરી દીધો છે; એવા કામવિજયી સંતોને નમસ્કાર હો.

### બ્રહ્મચારી કોણ થઈ શકે?

જે સમસ્ત પદાર્થોથી ભિન્ન અને જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે ‘બ્રહ્મ’ છે; પોતાના શરીરમાં આસકિત રહિત એવા મુનિઓને બ્રહ્મસ્વરૂપ આત્મામાં જે ચર્યા એટલે કે એકાગ્રતા છે તે જ બ્રહ્મચર્ય છે અનેએવા બ્રહ્મચર્યપૂર્વક બહારમાં જે વૃદ્ધ વગેરે સ્ત્રીઓ છે તેને માતા–બહેન કે પુત્રી સમાન નિર્વિકાર દ્રષ્ટિથી દેખે છે, –આમ થાય છે ત્યારે તે યતિ બ્રહ્મચારી છે. (અહીં અંતરંગ અને બહિરંગ બંને પ્રકારના બ્રહ્મચર્યનો સમાવેશ કરી દીધો છે. પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકાગ્રતા તે તો અંતરંગ બ્રહ્મચર્ય છે, તે વીતરાગભાવરૂપ છે, અને જ્યારે વીતરાગતામાં સ્થિર ન રહેવાય ને બહાર લક્ષ જાય ત્યારે સ્ત્રીઓ પ્રત્યે માતા–બહેન કે પુત્રીનો વિકલ્પ આવે પણ બીજો કોઈ અશુભ વિકલ્પ ન આવે, તે બહિરંગ બ્રહ્મચર્ય એટલે કે વ્યવહાર બ્રહ્મચર્ય છે, તેમાં શુભરાગ છે.)

### દ્રઢ સંયમ જ બ્રહ્મચર્યની રક્ષા કરે છે

‘ભોજન કરવાથી બ્રહ્મચર્ય નષ્ટ થઈ જાય છે, તથા ભોજન નહિ કરવાથી બ્રહ્મચર્યવ્રત પળાય છે’ – એમ વાત બરાબર નથી, અર્થાત્ ભોજનના ગુણને આધારે બ્રહ્મચર્ય નથી, કેમ કે અત્યંત બળવાન એવો સિંહ સદા હાથી વગેરેના માંસને ખાતો હોવા છતાં તે વર્ષમાં એક વાર રતિ ભોગવે છે અને કબુતર સદા પત્થરના ટૂકડા–દાણા ચરે છે તોપણ તે સદા રતિ કરે છે. માટે આહારના આધારે બ્રહ્મચર્ય પળતું નથી, પણ સાધુઓને એકમાત્ર મનનો દ્રઢ સંયમ જ તેના બ્રહ્મચર્યની રક્ષા કરે છે.

સાધુનું મન કોઈ બાહ્યવિષયોમાં ન ભમતાં ચૈતન્યસ્વરૂપમાં જ દ્રઢ પણે લીન રહે છે તે જ દ્રઢ સંયમ છે; એવા સંયમવડે જ બ્રહ્મચર્યની રક્ષા

થાય છે–એમ અહીં બતાવ્યું છે. અને જેને એવો સંયમ હોય છે તેમને આહારાદિની ગૃદ્ધિ તો કદી હોતી જ નથી. પણ ભાવસંયમ પ્રગટ કર્યા વગર માત્ર આહાર છોડવાથી બ્રહ્મચર્યનું પાલન થતું નથી–એમ જાણવું.

ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકાગ્ર થતાં, ચૈતન્ય અને ભાવમનની એકતા થતાં અતીન્દ્રિય આનંદ પ્રગટે છે તે ભાવસંયમ છે અને એવા ભાવસંયમી મુનિ મૂળગુણો અને ઉત્તરગુણોનું યથાશક્તિ રક્ષણ કરે છે તે બ્રહ્મમનનો સંયમ છે. એ બંને પ્રકારના સંયમને સર્વત્ર બ્રહ્મચર્યની રક્ષાના હેતુ જાણવા.

જે સ્ત્રીના શરીર પાસે કેળસ્તંભ, કમળ, ચંદ્ર વગેરે પણ પ્રતિષ્ઠા પામ્યા નહિ, (એટલે કે તે બધાથી પણ શરીરને સુંદર કહેવાતું) તે જ સ્ત્રીનું શરીર જ્યારે મૃતક કલેવર–મડદું થઈ જાય છે અને સ્મશાનભૂમિમાં ફેંકી દેવામાં આવે છે તથા કાગડા વગેરે પક્ષીઓ તેના શરીરને ચૂંથીને ટૂકડે ટૂકડા કરી નાંખે છે, ત્યારે તો માણસો તે શરીરને દેખતાં ભયભીત થઈને પોતાનું નાક ઢાંકતા થકા એકદમ તેને છોડી દે છે.

–એવા તે અપવિત્ર અને અનિત્ય શરીરમાં મૂર્ખ સિવાય બીજો કોણ સુખ માને?

## રાજહંસ

જેમ સડેલાં મડદાંથી ભરેલી સ્મશાનભૂમિ પ્રાપ્ત થતાં કાળા કાગડાઓના ટોળાં જ સંતુષ્ટ થાય છે, સફેદ રાજહંસોના ટોળાં તેનાથી સંતુષ્ટ નથી થતા, તેમ સ્ત્રીઓનું શરીર ભલે મનોહર હોય, યૌવન અવસ્થા અને લાવણ્યથી ભરેલું હોય અને અનેક પ્રકારના આભૂષણોથી ભૂષિત હોય, તોપણ તે માત્ર મૂઢબુદ્ધિવાળા પુરુષોને જ આનંદ દેનારું છે પરંતુ સજ્જન પુરુષોનેત્ર. આનંદ દેનારું નથી અર્થાત્ કાગડાની જેમ મૂર્ખ અજ્ઞાની લોકો જ સ્ત્રીના શરીરમાં સુખની કલ્પના કરે છે, પણ રાજહંસની જેમ જ્ઞાની સત્પુરુષો તેમાં કદાપિ સુખ માનતા નથી.

–એવા ચૈતન્યહંસ વિષયવિરક્ત વીતરાગી સન્તોને નમસ્કાર હો.

ધર્માત્માને જગતને વિષે પોતાનો રત્નત્રયસ્વરૂપ આત્મા જ પરમપ્રિય છે, સંસાર સંબંધી બીજું કાંઈ પ્રિય નથી. જેમ ગાયને પોતાના વાછરડાં પ્રત્યે, અને બાળકને પોતાની માતા પ્રત્યે કેવો પ્રેમ હોય છે? તેમ ધર્મીને પોતાના રત્નત્રયસ્વભાવરૂપ મોક્ષમાર્ગ પ્રત્યે અભેદબુદ્ધિથી પરમવાત્સલ્ય હોય છે. પોતાને રત્નત્રયધર્મમાં પરમવાત્સલ્ય હોવાથી બીજા જે જે જીવોમાં રત્નત્રયધર્મને દેખે છે તેમના પ્રત્યે પણ તેને વાત્સલ્યની ઊર્મિ આવ્યા વિના રહેતી નથી.

# પર્યુષણના પહેલા અને છેલ્લા પ્રવચનમાંથી

(ભાદરવા સુદ પાંચમ)

આજે દસલક્ષણધર્મનો પહેલો દિવસ છે. ઉત્તમક્ષમાદિ જે દસ ધર્મો છે તે સમ્યક્ત્વપૂર્વકના ચારિત્રના ભેદો છે. સમ્યગ્દર્શન વગર તો ઉત્તમક્ષમાદિ કોઈ પણ ધર્મ હોતો નથી. જેને ચૈતન્યનું ભાન નથી ને દેહમાં એકત્વબુદ્ધિ છે તેને પ્રતિકૂળતા આવતાં ક્રોધ થયા વિના રહેશે નહિ, એટલે તેને ક્ષમા હોય નહિ.

આજે ઉત્તમક્ષમાધર્મનો દિવસ છે. ચિદાનંદ તત્ત્વના ભાનપૂર્વક તેમાં એકાગ્ર થતાં જગતના બાહ્યપદાર્થો ઉપરથી રાગ–દ્વેષ છૂટી જાય છે, એટલે ગમે તેવા પ્રતિકૂળ બાહ્ય સંયોગોના ઢગલા આવી પડે તોપણ તેમને ક્રોધ થતો નથી, વીતરાગભાવ ટકી રહે છે, તેનું નામ ઉત્તમક્ષમાધર્મ છે. “બારસ્ય અનુપ્રેક્ષા” માં ઉત્તમક્ષમાધર્મનું વર્ણન કરતાં કહે છે કે–

ક્રોધ ઉત્પન્ન થવાના સાક્ષાત્ બાહ્ય કારણ મળવાછતાં જે અલ્પ પણ ક્રોધ કરતો નથી તેને ઉત્તમક્ષમાધર્મ થાય છે. શાંત–અકષાય ચિદાનંદ તત્ત્વની જ્યાં દ્રષ્ટિ થઈ, ને દ્રષ્ટિ ઉપરાંત સ્થિરતા થઈ, ત્યાં ધર્માત્મા મુનિ ગમે તેવા બાહ્ય કારણો એટલે પ્રતિકૂળ સંયોગો ઊભા થાય તોપણ ક્રોધ થવા દેતા નથી, તેમને ઉત્તમક્ષમાધર્મ થાય છે. આવા ધર્મોની આરાધનાના દિવસો (દસલક્ષણીયપર્વ) આજે શરૂ થાય છે ને ભાદરવા સુદ ૧૪ને દિવસે પૂરા થશે. આ જ સનાતન જૈનમાર્ગમાં પર્યુષણ છે. ધર્મની આરાધના તો ગમે તે દિવસે થઈ શકે છે. પણ આ દસ દિવસો ખાસ પર્વના છે. –આવા ધર્મની આરાધના કરવા માટે પહેલાં તો અનંતશક્તિસંપન્ન ચૈતન્યતત્ત્વ શું છે તે ઓળખવું જોઈએ.

(બારસ્સ અનુપ્રેક્ષા ઉપર પ્રવચન)

(ભાદરવા સુદ ૧૪)

દસલક્ષણધર્મમાં છેલ્લો દિવસ ઉત્તમ બ્રહ્મચર્યધર્મનો છે. આ ધર્મો સમ્યગ્દર્શન વગર હોતા નથી. ધર્મનું મૂળીયું જ સમ્યગ્દર્શન છે. અહીં ઉત્તમબ્રહ્મચર્યધર્મ કોને હોય છે તે આચાર્યદેવ કહે છે– ‘સુકૃતિ’ એટલે સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા, તેને બ્રહ્માનંદસ્વરૂપ આત્માનું ભાન થયું છે અને તેની સન્મુખ પરિણતિની લીનતા થઈ છે ત્યાં સ્ત્રી વગેરેને જોતાં તેને દુર્ભાવોની ઉત્પત્તિ થતી નથી, –આવી નિર્મળપરિણિતિનું નામ બ્રહ્મચર્યધર્મ છે. જે પવિત્ર આત્મા એટલે સમ્યગ્દ્રષ્ટિ આત્મા, ચૈતન્યના અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે જેણે જગતના વિષયોને તૂચ્છ જાણ્યા છે એવો ધર્માત્મા, સ્ત્રી વગેરેના અંગો જોતાં પણ વિકૃતિ પામતો નથી તેને દુર્દ્ધર એવો બ્રહ્મચર્યધર્મ હોય છે. જેને ચૈતન્યનું ભાન ન હોય ને પરવિષયોમાં સુખ માનતો હોય તે કદાચ શુભરાગવડે બ્રહ્મચર્ય પાળતો હોય–તોપણ તેના બ્રહ્મચર્યને ધર્મ કહેતા નથી. તેની તો દ્રષ્ટિ જ મેલી છે, તે રાગથી ધર્મ માને છે તેથી તેનામાં પવિત્રતા નથી. અને જે આત્માને પવિત્રતા નથી તેને બ્રહ્મચર્યાદિ કોઈ ધર્મ હોતો નથી. તેથી અહીં ‘પવિત્રઆત્મા’ એમ કહ્યું છે. જેનામાં પવિત્રતા છે, જેના શ્રદ્ધા–જ્ઞાન ચોકખા થયા છે એવા ધર્માત્માને જ બ્રહ્મચર્યાદિ વીતરાગીધર્મોની આરાધના હોય છે. સમ્યગ્દર્શન વગર આરાધના કોની કરશે? –જેની આરાધના કરવી છે તેને પ્રથમ શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યે, પછી તેમાં સ્થિરતા કરીને તેની આરાધના કરે. આવી આરાધનામાં જ ઉત્તમ ક્ષમા, બ્રહ્મચર્ય વગેરે ધર્મો હોય છે. (બારસ્સ અનુપ્રેક્ષા ઉપર પ્રવચન)

# આત્મ-આરાધનાનો પ્રસાદ

( હે જીવ ! તું આત્મ-આરાધનામાં તત્પર થા. )

નિયમસાર ગા. ૧૫૮માં આચાર્યદેવ કહે છે કેઃ સ્વયંબુદ્ધ એવા તીર્થંકરો અથવા તો બોધિતબુદ્ધ એવા બીજા ધર્માત્માપુરુષો, અપ્રમત્ત મુનિદશાથી માંડીને કેવળજ્ઞાન સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા કેવળજ્ઞાન પામ્યા, તે કઈ રીતે પામ્યા? –કે આત્મ–આરાધનાના પ્રસાદથી તેઓ કેવળજ્ઞાન પામ્યા. સ્વાત્માશ્રિત ધ્યાન વડે સ્વકાર્યને સાધવામાં પરાયણ થઈને તેઓએ આત્માની આરાધના કરી અને એ આત્મ–આરાધનાના પ્રસાદથી જ તેઓ કેવળજ્ઞાનધારી થયા. કોઈ રાગના પ્રસાદથી કેવળજ્ઞાન થયું–એમ નથી. સર્વે પુરાણ પુરુષો, એટલે કે પૂર્વે જે કોઈ ધર્માત્માપુરુષો મોક્ષગામી થયા છે તે સર્વે, આત્માની નિશ્ચય આરાધના કરી તેના પ્રસાદથી જ મોક્ષગામી થયા છે. આમ અનંતા તીર્થંકરો વગેરેનો દાખલો આપીને આચાર્યદેવ કહે છે કે મોક્ષ માટેનો આ એક જ માર્ગ છે કે સ્વાત્માના આશ્રયે આત્માની નિશ્ચય આરાધના કરવી. જુઓ, આ મુમુક્ષુનું મોક્ષ માટેનું આવશ્યક કાર્ય નથી, તેના પ્રસાદથી મુનિદશા કે કેવળજ્ઞાન થતું નથી.

અહીં ઉત્કૃષ્ટ વાત લેવી છે તેથી અપ્રમત્ત મુનિદશાથી માંડીને કેવળજ્ઞાનની વાત લીધી છે; તેની નીચેની ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનની સમ્યગ્દર્શનાદિ દશા પણ આત્મઆરાધનાના પ્રસાદથી પ્રાપ્ત થાય છે, કાંઈ રાગના પ્રસાદથી સમ્યગ્દર્શનાદિ થતું નથી. દેવ–ગુરુની ભક્તિ–બહુમાનનો ભાવ ત્યાં હોય છે ખરો, અને “દેવ–ગુરુના પ્રસાદથી જ અમને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈ” એમ પણ ધર્માત્મા વિનયથી કહે છે. –પણ દેવ–ગુરુએ શું કહ્યું હતું? દેવ–ગુરુએ તો એમ કહ્યું હતું કે તું અંતર્મુખ થઈને તારા આત્માની આરાધના કર; તારા સ્વાત્માના આશ્રયે જ તારા સમ્યગ્દર્શનાદિ થાય છે. – શ્રી દેવ–ગુરુનો આવો ઉપદેશ પાત્રતાપૂર્વક પોતે ઝીલીને તે ઉપદેશ અનુસાર સ્વાત્માની આરાધના કરી ત્યારે તે આરાધનાના પ્રસાદથી સમ્યગ્દર્શનાદિ થયું, અને ત્યારે ઉપાચારથી એમ કહ્યું કે શ્રી દેવ–ગુરુના પ્રસાદથી જ સમ્યગ્દર્શન થયું. શ્રી ગુરુએ કહ્યું તે પ્રમાણે પોતે આરાધના કરી ત્યારે શ્રી ગુરુનો પ્રસાદ મળ્યો એમ કહેવાયું. પણ જે જીવ પોતે અંતર્મુખ થઈને આત્મઆરાધના ન કરે ને રાગથી લાભ માનીને તેના જ અવલંબનમાં અટકી રહે તેને તો રાગના પ્રસાદથી સંસારભ્રમણ થાય છે, તેને શ્રી ગુરુનો પ્રસાદ મળ્યો–એમ ઉપચારથી પણ કહેવાતું નથી.

અહીં તો ક્યું આવશ્યક કાર્ય કરવાથી મોક્ષ થાય તેની વાત છે. નિશ્ચયસ્વભાવનો આશ્રય કરીને આત્માની આરાધના કરવી તે જ પરમ આવશ્યક છે; તે આત્મઆરાધનાના પ્રસાદથી જ સમ્યગ્દર્શન થાય છે, તે આત્મઆરાધનાના પ્રસાદથી જ પંચમ–ગુણસ્થાન પ્રગટે છે, તે આત્મઆરાધનાના પ્રસાદથી મુનિદશા થાય છે, તે આત્માઆરાધનાના પ્રસાદથી જ શ્રેણી માંડીને કેવળજ્ઞાન થાય છે; માટે તું પણ એવી આત્મઆરાધનામાં તત્પર થા, એવો ઉપદેશ છે. અનંતા તીર્થંકરો અને સંતો આવી આત્મ–આરાધના કરી કરીને તેના પ્રસાદથી જ સિદ્ધપદ પામ્યા... તેમને નમસ્કાર હો!

# સમન્તભદ્રસ્વામીનું વ્યસન

*

તમને જાણીને આશ્ચર્ય થશે કે સમન્તભદ્રસ્વામીને એક વ્યસન હતું... પણ શેનું ખબર છે? – એ વ્યસન હતું જિનેન્દ્રભગવાનની સુંદર સ્તુતિ કરવાનું. જિનેન્દ્ર ભગવાનની સ્તુતિનો પ્રસંગ આવે ત્યાં તેમના હૃદયના તાર ઝણઝણી ઊઠતા... જિનેન્દ્ર ભગવાન પ્રત્યે તેમને એવી લગની હતી–જાણે કે જિનેન્દ્રભક્તિને માટે પોતાની જાતને અર્પણ કરી દીધી હોય! તેમના જ શબ્દોમાં જોઈએ તો 'સ્તુતિવિદ્યા' ગા. ૧૧૪માં તેઓ કહે છે કેઃ–


सुभद्रा मम ते मते स्मृतिरपि त्वय्यर्चनं चाऽपि ते
हस्तावंजले कथा-श्रुति-रतः कर्णोऽक्षि संप्रेक्षते।
सुस्तुत्यां व्यसनं शिरो नतिपरं सेवेदृशी येन ते
तेजस्वी सुजनोऽमेव सुकृति तेनैव तेजःपते।।

વીરજિનેન્દ્રને અનુલક્ષીને કહે છે કે હે ભગવન્! મારી સુશ્રદ્ધા આપના મતમાં છે, મારી સ્મૃતિ પણ સદા આપનું જ સ્મરણ કરે છે, હું પૂજન પણ આપનું જ કરું છું, મારા હાથ આપને જ અંજલિ જોડવા માટે છે, મારા કાન આપના જ ગુણોની કથા સાંભળવામાં લીન રહે છે, મારી આંખ આપના જ સુંદર રૂપને દેખ્યા કરે છે, અને મને જે વ્યસન છે તે આપની સુંદર સ્તુતિઓ રચવાનું જ છે, મારું મસ્તક પણ આપને જ પ્રણામ કરવામાં તત્પર રહે છે. –હે પ્રભો! આમ સર્વ પ્રકારે હું આપનું આરાધન કર્યા કરું છું. તેથી હે તેજપતે! –હે કેવળજ્ઞાની પ્રભો! હું તેજસ્વી છું, સુજન છું અને સુકૃતી છું.

વ્યસન એટલે લગની; જેને જેનું વ્યસન હોય તેના વગર તે રહી શકતો નથી; જેમ બીડી, અફીણ વગેરેનો કુવ્યસની તેના વગર રહી શકતો નથી ને તે વસ્તુ જોતાં જ તે તરફ તેની વૃત્તિ ઝૂકી જાય છે, તેમ ભગવાનનો ભક્ત–જેને ચૈતન્યના પરમગુણોના આસ્વાદનની રુચિનું વ્યસન લાગ્યું છે તેને પરમાત્મા પ્રત્યે પ્રમોદ ઊછળે છે કે અહો નાથ! આપના ગુણોની શી વાત! અમે તો આપના દાસનુદાસ છીએ... અમને વ્યસન લાગ્યું છે–આપની ઉત્તમસ્તુતિ કરવાનું નાથ! આપનાં ગુણો દેખીને અમારાથી રહી શકાતું નથી ને સહેજે આપની સ્તુતિ થઈ જાય છે. આપના ગુણો પ્રત્યેનો અમારો પ્રમોદ ઝાલ્યો રહેતો નથી. આપની વીતરાગતાનું (અને અંદરમાં પોતાના વીતરાગસ્વભાવનું) એવું અચિંત્ય બહુમાન છે કે એના સ્તવન વગર એક દિવસ પણ રહી શક્તો નથી. નાથ! લગની હોય તો તારી વીતરાગતાની છે, બીજી કોઈ વસ્તુની લગની આ જગતમાં નથી.

આ સમન્તભદ્રસ્વામી જૈનશાસનના મહાનપ્રભાવાળી સંત હતા... કુંદકુંદપ્રભુ પછી લગભગ ૧૦૦ વર્ષ બાદ તેઓ થયા. ભગવાનની ઉત્તમ સ્તુતિઓનો તેમણે એવો ધોધ વહેવડાવ્યો છે કે તેઓ જૈનસાહિત્યમાં "આદ્ય સ્તુતિકાર" તરીકે પ્રસિદ્ધ છે. તેઓશ્રીએ રચેલી ૨૪ તીર્થંકરભગવંતોની સ્તુતિ ઘણી રોમાંચક, ઘણી ગંભીર ને ઘણી રહસ્યપૂર્ણ છે, તે "સ્વયંભૂસ્તોત્ર" તરીકે પ્રસિદ્ધ છે; તે સ્તુતિ વખતે ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા પ્રગટી હતી. હાલમાં તે સ્તુતિ ઉપર પૂ. ગુરુદેવના કેટલાક પ્રવચનો થયા છે. સમન્તભદ્રસ્વામી પણ ભવિષ્યમાં હોનહાર તીર્થંકર તરીકે મનાય છે.

નમસ્કાર હો એ પરમ જિનભક્ત શાસનપ્રભાવી ધીર–વીર સંતને!





આ અતિ દીર્ઘ ઉત્પાતમય સંસારમાં ભગવાન જિનેશ્વરદેવનો ઉપદેશ મહાન ભાગ્યથી મળે છે, તે ઉપદેશ તીક્ષ્ણ અસિધારા સમાન છે. મહા ભાગ્યથી જિનોપદેશ પામીને શું કરવું ? કે પુરુષાર્થ કરવો... ભગવાનનો ઉપદેશ સ્વસન્મુખ પુરુષાર્થનો છે. જેમ શૂરવીરપુરુષ તીક્ષ્ણ તલવાર વડે દુશ્મનને ક્ષણમાત્રમાં છેદી નાખે છે, તેમ ભગવાનના ઉપદેશરૂપ તીક્ષ્ણ ધારવાળી તલવાર પામીને શૂરવીર એવો મુમુક્ષુજીવ અંતર્મુખ પુરુષાર્થવડે મોહાદિ શત્રુને ક્ષણમાત્રમાં છેદી નાંખે છે. ભગવાનનો માર્ગ પુરુષાર્થનો છે, તેમાં કાયરનું કામ નથી. 'અરેરે, શું કરીએ ? કર્મનું જોર છે' – એમ કહીને ઊભો રહે એવા કાયર જીવનું ભગવાનના માર્ગમાં કામ નથી. અરે જીવ ! ભગવાનના ઉપદેશરૂપ તીક્ષ્ણ તલવાર તને મહા ભાગ્યથી મળી, હવે સ્વાશ્રયના પુરુષાર્થવડે મોહને છેદી નાંખ... અંતર્મુખ થઈને જ્યાં શુદ્ધોપયોગરૂપ તલવાર ઝીંકી ત્યાં મોહના કટકા થઈ જાય છે... એક ઘા ને બે કટકા ! 'મારે તેની તલવાર' એટલે તલવાર લટકતી હોય પણ તે વાપરનારના હાથમાં જોર જોઈએ; તેમ ભગવાનનો ઉપદેશ તો મળ્યો, પણ તે ઉપદેશ ઝીલીને અંતરમાં સ્વાશ્રયનો પુરુષાર્થ કરવો તે મુમુક્ષુનું કામ છે, જે જીવ પુરુષાર્થ કરે છે તેનો મોહ જરૂર છેદાય છે. ભગવાનનો ઉપદેશ સ્વસન્મુખ પુરુષાર્થનો છે, અને મોહને છેદી નાખવા માટે તે તીક્ષ્ણ અસિધારા સમાન છે. 'અમે સ્વસન્મુખ થઈને મોહનો નાશ કરીને સર્વજ્ઞ થયા, ને તમે પણ સ્વસન્મુખ પ્રયત્ન વડે મોહનો નાશ કરો' – આવો ઉપદેશ ભગવાને આપ્યો; આવા ઉપદેશરૂપી તીક્ષ્ણ તલવાર પામીને જે જીવ અંતર્મુખઉપયોગનો અતિ ઉગ્ર પ્રયત્ન કરે છે તેને જ મોહનો છેદ થાય છે ને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. માટે સન્તો કહે છે કે હે ભવ્ય જીવો ! હે પુરુષાર્થવંત આત્માર્થી જીવો ! મહા ભાગ્યે જિનભગવંતોનો આવો તીક્ષ્ણ અસિધારા સમાન સ્વાશ્રિતમાર્ગનો ઉપદેશ પામીને હવે મોહને છેદવા માટે અત્યંત ઉગ્રપણે અંતર્મુખ પ્રયત્ન કરો.

( પ્રવચનસાર ગા. ૮૮ ના પ્રવચનમાંથી )




'એક ઘા... ને... બે કટકા.' 'મારે એની તલવાર.'



## તીર્થના કેવા રમણિય... ઉપશાંત... ગંભીર દ્રશ્યો !

અનંત સાધકસન્તોએ આત્મસાધનાથી પાવન કરેલા આ સમ્મેદશિખરજીના
ઉન્નત શિખરો આજેય મુમુક્ષુઓને આરાધનાની પ્રેરણા આપી રહ્યા છે



## વાસુપૂજ્ય સિદ્ધિધામ મંદારગિરિ ( જરા ટોચકે ઉપર નજર કિજિએ )

આવા આવા સેંકડો ભાવભીના દ્રશ્યોથી સુશોભિત પુસ્તક
'મંગલ તીર્થયાત્રા' દિવાળી દરમિયાન પ્રસિદ્ધ થશે.

卐

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.